Paresh Peshva
Broker
416-302-4531
Off : 905-497-6701
Fax : 905-497-6700
SAVE MAX Achievers Realty




પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



LOWEST MORTGAGE RATE
Looking For New Home ?
We Can Manage All
Your Mortgage Needs
Get 2nd Opinion on Your
Investments/ Review Your Portfolio.
15 Yrs of Experience.
Call Today to Book an Appointment.
Mukund Sheth
Financial Advisor
Ph.: 416-839-9645




FRIDAY, 25 APRIL, 2025 Vol. 23, No. 17 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news


# આતંકીઓએ કલ્પી નહીં હોય, તેવી સજા આપીશું : મોદી

## બિહારમાં કરોડના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ : પહેલગામની ઘટનાને મોદીએ ભારતના આત્મા પરનો હુમલો ગણાવ્યો

**મધુબની**

પંચાયતી રાજ દિવસ નિમિત્તે બિહારા મધુબની ખાતે પહોંચેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે આખો દેશ બિહારના મિથિલા સાથે જોડાયેલો છે. આજે, દેશ અને બિહારના વિકાસ સાથે જોડાયેલા હજારો કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ અને ઉદ્ઘાટન અહીં કરવામાં આવ્યું છું. વીજળી, રેલ્વે, માળખાગત સુવિધાઓના આ વિવિધ કાર્યો બિહારમાં રોજગારની નવી તકો ઉભી કરશે.

પોતાના સંબોધનમાં પીએમ નરેન્દ્ર મોદીએ સ્પષ્ટ કહ્યું કે, દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત કરી છે.



હું સ્પષ્ટપણે કહી રહ્યો છું કે, આ હુમલો કરનારા આતંકવાદીઓ અને તેની પાછળ કાવતરું ઘડનારાઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. હવે સમય આવી ગયો છે કે, આતંકવાદીઓ પાસે જે કંઈ પણ નાનું-મોટુ મેદાન બચ્યું છે તેનો નાશ કરવામાં આવશે. ૨૨ એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ જે ક્રૂરતાથી નિર્દોષ નાગરિકોની હત્યા કરી તેનાથી સમગ્ર રાષ્ટ્ર દુઃખી છે. દેશ તમામ અસરગ્રસ્ત પરિવારોની સાથે ઉભો છે. મોદીએ વધુમાં ઉમેર્યું કે, 'બિહારની ભૂમિ પરથી, હું આખી દુનિયાને કહું છું કે ભારત દરેક આતંકવાદી અને તેના સાથીદારોને ઓળખશે, શોધી કાઢશે અને સજા કરશે.' આપણે તેમને પૃથ્વીના ગમે તે ખુણામાં જશે તો પણ છોડવાના નથી. આતંકવાદથી ભારતનો આત્મા તૂટી જવાનો નથી. દેશના દુશ્મનોએ ભારતની આત્મા પર હુમલો કરવાની હિંમત કરી છે. હું ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માંગુ છું કે, આ હુમલો કરનારા આતંકવાદીઓ અને આ હુમલાનું કાવતરું ઘડનારાઓને તેમની કલ્પના કરતાં પણ મોટી સજા મળશે. સજા એકસાથે આપવામાં આવશે.

## તમામ એક્શન પર સરકારને સંપૂર્ણ સપોર્ટ : રાહુલ ગાંધી



સાંજે સર્વદળીય બેઠક બોલાવાઈ હતી. જેની અધ્યક્ષતા સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી. બેઠકથી બહાર નીકળીને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, દરેક એક્શન પર સરકારને અમારે સંપૂર્ણ સપોર્ટ છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું હતું કે, તમામ પક્ષોએ હુમલાની નિંદા કરી છે. કાશ્મીરમાં શાંતિના પ્રયાસ પર ચર્ચા થઈ. સરકારને કોઈ પણ એક્શન માટે સમર્થન છે.

## એક હજાર નક્સલીઓ ઘેરાયા ૨૦ હજાર જવાનો તૈનાત કરાયા

**બીજાપુર**

છત્તીસગઢના બીજાપુર સુરક્ષાકર્મીઓની ટીમે એક હજારથી વધુ નક્સલીઓને ઘેરી ઓપરેશન હાથ ધર્યું છે. આ એનકાઉન્ટરમાં પાંચ નક્સલવાદીઓ ઠાર થયા છે. મીડિયા સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુર જિલ્લામાં આંતરરાજ્ય સરહદ પર કરેગુટ્ટા પહાડોના જંગલમાં સવારે-સવારે સુરક્ષાકર્મીઓની ટીમે નક્સલવાદી વિરોધી અભિયાન હાથ ધર્યું હતું. જેમાં નક્સલવાદીઓ અને સુરક્ષાકર્મીઓ વચ્ચે અથડામણ થઈ હતી. આ અથડામણમાં પાંચ નક્સલવાદીઓ ઠાર થયા છે.

સૂત્રો અનુસાર, છત્તીસગઢના બીજાપુરમાં સુરક્ષાકર્મીની ટીમે અત્યારસુધીમાં હાથ ધરેલા સૌથી મોટા ઓપરેશનમાં ૧૦૦૦થી વધુ નક્સલવાદીઓને ઘેર્યા છે.

આ ઓપરેશનમાં છત્તીસગઢ, તેલંગાણા અને મહારાષ્ટ્રના ૨૦,૦૦૦ જવાનો સામેલ છે. સુરક્ષાકર્મીની ટીમે હાથ ધરેલા સર્ચ ઓપરેશનમાં બીજાપુરના પહાડ પર કોંક્રીટ સ્લેબથી બનેલા બંકરને ઘેર્યું હતું. જેમાં ૧૨ નક્સલવાદીઓ હોવાની બાતમી મળી હતી. આ બંકરને ઉડાવી દેવામાં આવ્યું છે.

આ ઓપરેશન સીઆરપીએફના સ્પેશિયલ યુનિટ કોબરા(કમાન્ડો બટાલિયન ફોર રિઝોલ્યુટ એક્શન) ની ૨૦૮મી બટાલિયન જીદપલ્લી શિબિર દ્વારા હાથ ધરાયું હતું. તેમણે જણાવ્યું કે, એક ઠેકાણે ૧૬૦ વર્ગફૂટનું બંકર હતું, જેના પર કોંક્રીટનો સ્લેબ હતો. ત્યાંથી છ સોલાર પ્લેટ, બે નક્સલીઓની વર્દી, બે પંખા અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી છે.

## ન્યૂ જર્સીના જંગલોમાં આગ, 3000 લોકોનું સ્થળાંતર, 25000 મકાનોમાં વીજળી ડૂલ



**ન્યૂજર્સી**

ન્યૂજર્સીમાં જંગલની આગને કારણે હજારો લોકોએ સ્થળાંતર કરવાની ફરજ પડી છે. આ સાથે જ આગના કારણે મુખ્ય હાઈવેના એક ભાગને થોડા સમય માટે બંધ કરવો પડયો હતો. ગ્રીનવુડ ફોરેસ્ટ વાઈલ્ડલાઈફ મેનેજમેન્ટ એરિયામાં લાગેલી આગે 34 ચોરસ કિમીથી વધુ જમીન સળગાવી દીધી છે. ન્યૂજર્સીના સૌથી વ્યસ્ત હાઈવેમાંના એક ગાર્ડન સ્ટેટ પાર્કવેને મંગળવારે થોડા સમય માટે બાર્નગટ અને લેસી ટાઉનશિપ વચ્ચે બંધ કરવામાં આવ્યો હતો. બુધવારે સવારે તેને ફરીથી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ન્યૂજર્સી ફોરેસ્ટ ઓફિસે જણાવ્યું કે, 1300થી વધુ મકાનોને ખાલી કરવાની ફરજ પડી હતી. લગભગ 3000 જેટલા નિવાસીઓને સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. તેમને માટે બે હાઈસ્કૂલમાં શરણાર્થી કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા. પાવર કંપનીએ લગભગ 25000 મકાનોની ઈલેક્ટ્રિસિટી કાપી નાખી હતી.


સરળ, સફળ અને બેફીકર મુસાફરી ના સાથીદાર
48 વર્ષ થી અમને તમારા ટ્રાવેલ પાર્ટનર બનાવવા બદલ આભાર
ASHOK TRAVELS




4th Anniversary Celebration Sale
Marché Patel
From 18 April to 4th May
L'endroit où retrouver les saveurs de chez nous... Notre culture
One place for our food...Our Culture
www.marchepatel.com
Online & Retail Indian Grocery Store
42 Rue chabanel o, Montreal, H2N 1E6
Phone : 514 573 2632
E-mail : support@marchepatel.com
www.marchepatel.com



SAVE MAX Achievers Realty
ASH PATEL
Realtor Broker
416-669-7892
AshPatelRealtor@gmail.com




S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1



# કેનેડાની ચૂંટણી : છેલ્લા અઠવાડિયામાં પણ લિબરલ્સ આગળ રહ્યો

## ઇપ્સોસ પોલમાં કન્ઝર્વેટિવ્સ અને લિબરલ વચ્ચે માત્ર 3 પોઈન્ટનો તફાવત

**ટોરોન્ટો**

કેનેડામાં આગામી સરકાર બનાવવાની સ્પર્ધા હવે પહેલા કરતા વધુ રસપ્રદ બની છે. કારણ કે, ફેડરલ ચૂંટણી પ્રચાર તેના અંતિમ અઠવાડિયામાં પ્રવેશી રહ્યો છે. મીડિયા માટે હાથ ધરવામાં આવેલા તાજેતરના ઈપ્સોસ પોલમાં જાણવા મળ્યું છે કે, લિબરલ્સ હજુ પણ આગળ છે, પરંતુ હવે કન્ઝર્વેટિવ્સથી માત્ર ત્રણ પોઈન્ટ આગળ છે. ગયા અઠવાડિયે ટેલિવિઝન પર નેતાઓની ચર્ચાઓ પછી હાથ ધરવામાં આવેલા મતદાનના પરિણામો દર્શાવે છે કે, સર્વે કરાયેલા 41 ટકા કેનેડિયનો લિબરલ્સને મત આપશે, જે ગયા અઠવાડિયા કરતા એક પોઈન્ટ ઓછો છે, જ્યારે 38 ટકા લોકોએ કહ્યું કે તેઓ કન્ઝર્વેટિવ્સને પસંદ કરશે, જેમને બે પોઈન્ટ મેળવ્યા છે. ન્યૂ ડેમોક્રેટ્સને ગયા અઠવાડિયા કરતા 12 ટકા સમર્થન મળ્યું, જ્યારે બ્લોક ક્વિબેકોઈસ રાષ્ટ્રીય સ્તરે એક પોઈન્ટ ઘટીને પાંચ ટકા અથવા ક્યુબેકમાં 25 ટકા સમર્થન મળ્યું હતુ. ગ્રીન પાર્ટી અને પીપલ્સ પાર્ટી ઓફ કેનેડા દરેકને બે ટકા સમર્થન મળ્યું હતુ. બે અગ્રણી પક્ષો વચ્ચે ત્રણ પોઈન્ટનું અંતર મતદાનના 3.8 ટકાના ભૂલ માર્જિનની અંદર છે, અને ગયા મહિને ઝુંબેશ શરૂ થઈ ત્યારથી સૌથી નાનું છે. જો કે ઈપ્સોસ દ્વારા સર્વે કરાયેલા અડધાથી વધુ મતદારોએ કહ્યું હતું કે, તેઓ બહુમતી સરકાર પસંદ કરશે, જ્યારે 20 ટકા લોકો લઘુમતી ઈચ્છે છે, એક તીવ્ર સ્પર્ધા બહુમતી-સરકારના પરિણામની શક્યતા ઘટાડે છે, લિબરલ્સ બે અઠવાડિયા પહેલા 12-પોઈન્ટની લીડને કારણે ગેલમાં હતા. જે ભૂતપૂર્વ વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોના નેતૃત્વ હેઠળ વર્ષોથી ટોરીઓ પાછળ રહેલા પક્ષ માટે એક નોંધપાત્ર પરિવર્તન છે.

હાલમાં, ટ્રમ્પનો મુદ્દો ધ્યાન બહાર નીકળી રહ્યો છે અને અમે ઘરેલુ મુદ્દાઓ અને ખાસ કરીને વ્યક્તિગત પરવડે તેવા મુદ્દા તરફ લોકોનું ધ્યાન વધી રહ્યું છે. એમ ઈપ્સોસ પબ્લિક અફેર્સના સીઈઓ ડેરેલ બ્રિકરએ જણાવ્યું હતું. ટ્રમ્પે ગયા મહિને કાર્ને સાથે ફોન પર વાતચીત કર્યા પછી કેનેડા વિરુદ્ધ તેમના જાહેર વક્તવ્યમાં નરમાઈ લાવી છે, જે ચૂંટણી પ્રચારમાં લિબરલ નેતા તરીકે ચૂંટણી લડી રહ્યા છે અને કાર્યકારી વડા પ્રધાન તરીકે સેવા આપી રહ્યા છે.

# ઈસ્ટર રવિવાર : હોલ્ટન સિનિયર્સ પરિવારની અલૌકિક યાદગાર સફર

## "વોકર ડેરી ફાર્મ", બ્રામ્પ્ટન મંદિર તથા ગ્ફલ્ફની સભ્યોએ મુલાકાત લીધી







**હોલ્ટન**

હોલ્ટન સિનિયર્સ પરિવાર દ્વારા " Easter Sunday"ની એલ્મર ગામમાં "વોકર ડેરી ફાર્મની લેવાયેલી મુલાકાત સભ્યો માટે અલૌકિક સફર બની રહી હતી. "વોકર ડેરી ફાર્મ"માં પહોંચેલા સૌ સભ્યોનું ફાર્મ માલિકના દિકરો જોન વોકરે સ્વાગત કર્યું હતુ. નાના પાયે ડેરી ખેડૂત અને કુદરતી વેચાણકર્તાના પુત્ર, જોને 1950 ના દાયકામાં પશુઓ અને અન્ય પશુધન ખરીદવા અને વેચવાનું શરૂ કર્યું હતુ. 2000 ગાયોની છેલ્લી ચાર પેઢીઓથી થઈ રહેલી સંભાળ વિશે તેમણે માહિતી આપી હતી. આ સફરનું આયોજન કરવા બદલ, તેમના બિઝનેશ પાર્ટનર ડૉ. જોશી હરેન્દ્રભાઈનો સૌએ આભાર માન્યો હતો.

ત્યારબાદ પરિવારના સભ્યો "ગ્ફલ્ફ" શેહેરમાં પહોંચ્યા અને બપોરનું ભોજન "કીર્તિદા કીચન વેજીટેરીઅન રેસ્ટોરન્ટ"માં લીધું હતુ. જ્યાં નવા વ્યવસાયના માલિક હિતેશભાઈ જાંગડે સૌનું સ્વાગત કર્યું હતુ. સંગીત પાર્ટીઓંની સુવિધા સાથે પાર્ટી હોલ-રેસ્ટોરન્ટની સુંદર સગવડ જોઈ સૌ ખૂબ જ પ્રભાવિત થયા હતા. જે બાદ દિપકભાઈ શાહ, તેમના પ્રિય પત્ની સંધ્યાબેન શાહ અને વિષ્ણુભાઈ પંડ્યાએ બોલીવુડ કારિઓકી સંગીતથી મનોરંજન પુરુ પાડ્યું હતુ. પિયુષભાઈ પટેલ, સંધ્યાબેન શાહ, અને પોલ જગમોહનજીના જન્મદિવસની ઉજવણી પણ આ સાથે કરાઈ હતી. "ૐ શ્રી ગણેશાય નમ: "બસ" બ્રેમટન ત્રિવેણી મંદિરે જવા ઉપડી હતી. જ્યાં મંદિરના મેનેજમેન્ટ, કૌશિકભાઈ પટેલ, પંડિતજી, કાજલે સ્વાગતવિધિ કર્યા બાદ ભગવાનની અલૌકિક મૂર્તિઓ અને તેમના પોશાક નિહાળીને સૌ અત્યંત પ્રભાવિત થયા હતા. કાજલબેનના હાથે બનાવેલ ચટાકેદાર પૌઆ, ચાઈ અને કુકીઝનો નાસ્તો પરીસાયો હતો.

# કેનેડામાં એડવાન્સ મતદાનમાં રેકોર્ડબ્રેક ૭.૩ મિલિયન લોકોએ ઉત્સાહ દાખવ્યો

## 2021ની સરખામણીમાં 25 ટકા વધુ નાગરિકોએ મતદાન કર્યું

**ટોરોન્ટો**

ઈલેક્શન્સ કેનેડાના અહેવાલ અનુસાર અંદાજિત ૭.૩ મિલિયન કેનેડિયનોએ એક રેકોર્ડ અને લાંબા સપ્તાહના અંતે એડવાન્સ મતદાનનો લાભ લીધો હતો. બિન-પક્ષીય એજન્સીએ તેના પ્રારંભિક આંકડાઓના આધારે જણાવ્યું હતું કે, ૨૦૨૧ની ફેડરલ ચૂંટણી દરમિયાન અગાઉથી મતદાન કરનારા ૫.૮ મિલિયન મતદારો કરતાં ૨૫ ટકાનો વધારો દર્શાવે છે. ઈલેક્શન્સ કેનેડા અનુસાર ફક્ત શુક્રવારે જ બે મિલિયનથી વધુ લોકોએ મતદાન કર્યું હતુ. મતદારોએ દેશભરમાં લાંબી લાઈનો નોંધાવી હતી. વેસ્ટર્ન યુનિવર્સિટીના રાજકીય વિજ્ઞાન વિભાગના અધ્યક્ષ લૌરા સ્ટીફન્સને કહ્યું કે, 2019 કરતાં 2021માં વધુ લોકોએ એડવાન્સ મતદાનનો ઉપયોગ કર્યો હતો, પરંતુ એકંદર મતદાન 67 ટકાથી 62 ટકા ઘટી ગયું છે. ઈલેક્શન્સ કેનેડાના પ્રવક્તાએ મીડિયાને જણાવ્યું હતું કે ઝુંબેશની શરૂઆતમાં મતદાન માટે આશરે 28.2 મિલિયન લોકોએ નોંધણી કરાવી હતી. જે 2021માં નોંધાયેલા 27.5 મિલિયન કરતા વધુ છે. પરંતુ તે સંખ્યામાં તે લોકોનો સમાવેશ થતો નથી, જેમણે ત્યારથી નોંધણી કરાવી છે.






રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
+1 437-421-2992
Email :- info@swadesh.news
સ્વદેશ
Leading Gujarati Newspaper



# વિપક્ષના નેતા પિયર પોઈલીવરે ટોરોન્ટો સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી

## કેનેડા અને સમગ્ર વિશ્વમાં શાંતિ અને સુખાકારી માટે પ્રાર્થના કરાઈ : સત્યવ્રતદાસ સ્વામીએ નેતાને ગુલાબની માળા પહેરાવ સન્માનિત કર્યા








ટોરોન્ટો : કેનેડાના સત્તાવાર વિરોધ પક્ષના નેતા પિયર પોઈલીવરે ૧૮ એપ્રિલ, ૨૦૨૫ના રોજ ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરવા ટોરોન્ટોમાં BAPS શ્રી સ્વામિનારાયણ મંદિરની મુલાકાત લીધી હતી. પોઈલીવરેનું BAPS કેનેડાના ડિરેક્ટર બોર્ડ દ્વારા અભિષેક મંડપમમાં પરંપરાગત હિન્દુ રીતરિવાજ મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. BAPSના સત્યવ્રતદાસ સ્વામીએ તેમને ગુલાબની માળાથી સન્માનિત કર્યા હતા અને જ્ઞાનપ્રિયદાસ સ્વામીએ તેમના કાંડા પર નાડા-છડી (પવિત્ર દોરો) બાંધ્યો હતો.

ત્યારબાદ કેનેડામાં BAPS પ્રવૃત્તિઓના વડા સ્વામી ગુણસાગરદાસ સ્વામીએ પોઈલીવર સાથે નીલકંઠ વર્ણી મહારાજને અભિષેક કર્યો હતો. આ તકે તેઓએ કેનેડા અને સમગ્ર વિશ્વમાં શાંતિ અને સુખાકારી માટે હૃદયપૂર્વક પ્રાર્થના કરી હતી. ત્યારબાદ પોઈલીવરેને 'આત્મા: વિજ્ઞાન અને આધ્યાત્મિકતા દ્વારા શાંતિ અને સમૃદ્ધિનો અનુભવ' પુસ્તક રજૂ કરાયો હતો. જે એક વિચારપ્રેરક પુસ્તક છે, જે પ્રાચીન આધ્યાત્મિક શાણપણ અને આધુનિક વૈજ્ઞાનિક સમજણ વચ્ચેના સુમેળની શોધ કરે છે. આ પુસ્તક વિજ્ઞાન અને આધ્યાત્મિકતાના એકીકરણ દ્વારા વ્યક્તિગત સુખાકારી અને વૈશ્વિક શાંતિ તરફનો માર્ગ પ્રદાન કરે છે. આ પુસ્તક ડૉ. વી.આઈ. લક્ષ્મણન દ્વારા ભેટમાં આપવામાં આવ્યું હતું, જેમણે મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી (BAPS સ્વામિનારાયણ સંશોધન સંસ્થાના વડા) અને એસ. કલ્યાણસુંદરમ સાથે મળીને તેનું સહ-લેખન કર્યું હતું. તેમની મુલાકાત દરમિયાન માનનીય પોઈલીવરે નાના બાળકોથી લઈને વૃદ્ધો સુધીના તમામ ઉંમરના સ્વયંસેવકો તેમજ હિન્દુ સમુદાય સંગઠનોના પ્રતિનિધિઓ અને સ્થાનિક નેતાઓ સાથે વાતચીત કરી, સમાજમાં તેમની સેવા અને યોગદાનને બિરદાવ્યો હતો.

# કેનેડામાં બસ સ્ટોપ ઉપર ઉભેલી ભારતીય મૂળની વિદ્યાર્થિનીનું ગોળી વાગતાં મોત

### અન્ય બે લોકોની લડાઈમાં વિદ્યાર્થીનિને ગોળી વાગી ગયાનું પોલીસનું તારણ

**હેમિલ્ટન**

કેનેડાના હેમિલ્ટન શહેરમાં હરસિમરત રંધાવા નામની ભારતીય વિદ્યાર્થિનીની હત્યા કરવામાં આવી હતી. જે ત્યાં મોહૌક કોલેજમાં અભ્યાસ કરી રહી હતી. આ ઘટના બાદ ભારતીય દૂતાવાસે આ મામલે સંપૂર્ણ મદદનું વચન આપ્યું છે. ટોરોન્ટોમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું હતું કે, 'ઓન્ટારિયોના હેમિલ્ટનમાં ભારતીય વિદ્યાર્થી હરસિમરત રંધાવાના દુ:ખદ મૃત્યુથી અમને ખૂબ જ દુ:ખ થયું છે. સ્થાનિક પોલીસના મતે, તે એક નિર્દોષ પીડિતા હતી. જેનું બે લોકો વચ્ચેની લડાઈમાં મૃત્યુ નીપજ્યું હતું. સમગ્ર મામલાની તપાસ હજુ પણ ચાલુ છે. અમે તેમના પરિવારના સંપર્કમાં છીએ અને દરેક રીતે મદદ કરી રહ્યા છીએ.'

હેમિલ્ટન પોલીસે જણાવ્યું હતું કે, સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી હતી અને જાણવા મળ્યું હતું કે તે બે લોકો વચ્ચેના ઝઘડાનું પરિણામ હતું, કારણ કે કાળી કારમાં સવાર એક યુવકે સફેદ સેડાન પર ગોળીબાર કર્યો હતો. આ સમયે બસ સ્ટોપ પર ઉભેલી એક વિદ્યાર્થિની છાતીમાં ગોળી વાગી હતી.


Visa Services
• India
• Nepal
• Dubai
• Europe
• UK-ETA

VOYAGES InterSky TRAVELS



• OCI • PASSPORT RENEWAL • SURRENDER CITIZENSHIP & PR APPLICATIONS

Wholesale Tour Operation

• India-North & South • Nepal - Bhutan -Sri Lanka. • Dubai. NRI-Europe( Veg & Jain Meals) • All kinds of Travel

• Air Canada • Air India • Qatar • Emirates • Air Farnce/ KLM • British Airways • United -Delta • Turkish & many more..............



Divyesh (Dev) Patel : 514 -513 9191
Permis du Quebec
514-389-7070-toll free:1855-389-7070

travel SERVICES

VACATIONS WE OFFER
ALL INCLUSIVE PACKAGES
EUROPE TOURS



Guaranteed Lowest Fare for:

| | |
|---|---|
| INDIA | EUROPE |
| FAR EAST | NORTH AMERICA |
| MIDDLE EAST | AUSTRALIA |
| AFRICA | CARIBBEAN |

Call Us Today For Special Packages

AIR TICKET
CRUISE
VACATION PACKAGES
Travel INSURANCE

DIPTESH PATEL +1 647-409-2976
+1 905-790-8989 | 905-790-8686
res@travel-services.ca | www.travel-services.ca
tico.ca IATA
2565 Steels Ave. E. Unit #20, Brampton, ON, L6T 4L6

તંત્રી સ્થાનેથી

# પહેલગામમાં ટાર્ગેટ કિલીંગ : ભારત સરકારને આતંકવાદીઓનો પડકાર



તંત્રી - સ્વદેશ

પહેલગામમાં મંગળવારે આતંકવાદીઓ દ્વારા 27 પર્યટકોને ગોળી મારીને ક્રુરતાપૂર્વક મોતને ઘાટ ઉતાર્યાની ઘટનાથી દેશભરમાં હજી પણ આક્રોશ ચરમસીમાએ છે. જઘન્ય કૃત્યમાં આતંકીઓએ પર્યટકોના નામ પુછી ધર્મ જાણ્યા બાદ ગોળીઓ ધરબી દીધી હતી. આ પહેલાં 1947માં ભાગલા થયા ત્યારે અને તે પછી 1990 તથા 2000માં આ પ્રકારની ઘટના ઘટી હતી. એટલે કે, પહેલગામની ઘટનાને ટાર્ગેટ કિલીંગની ઘટના માનવામાં આવે છે. આ ઘાતકી હુમલામાં ૨૦થી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. પીડિતોમાં ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોના નાગરિકો હતા.

આ હુમલામાં પોતાના સ્વજનોને ગુમાવનારા અને બચી ગયેલા કેટલાક પર્યટકોએ આંખોમાં આંસુ સાથે વીડિયો બનાવી આપવીતી વર્ણવી હતી. જેમાં આ પર્યટકો જણાવી રહ્યા છે કે હુમલાખોર આતંકીઓમાંથી કેટલાક અમારી પાસે આવ્યા અને અમને નામ, ધર્મ વગેરે પૂછવા લાગ્યા હતા. અમારી પાસેથી માહિતી લીધા બાદ તેઓએ ગોળીબાર કરી દીધો હતો. પોલીસની એફઆઈઆરમાં આ હુમલો સંપૂર્ણપણે પૂર્વયોજિત અને આતંકીઓએ સરહદ પારથી તેમના હેન્ડલરોના નિર્દેશ પર કર્યો હોવાની નોંધ કરાઈ છે. એટલે ભારતે સ્પષ્ટ કર્યું છે કે, આ હુમલા પાછળ પાકિસ્તાનનો જ હાથ છે. હુમલાખોરો આર્મી જવાનોના કપડામાં હતા અને અચાનક બેસરન ખીણની આસપાસના ગાઢ પાઈન જંગલોમાંથી બહાર આવ્યા હતા. ગોળીબારની ઘટનાની જાણ થતાં પોલીસ અને સુરક્ષા દળો સ્થળે પહોંચ્યા, પરંતુ ત્યાં સુધીમાં હુમલાખોરો ભાગી ગયા હતા. બેસરન સુધી જવા માટે કોઈ મોટરેબલ રસ્તો ન હોવાથી સુરક્ષા દળોને ત્યાં પહોંચવામાં ઘણો સમય લાગ્યો હતો. આ હુમલામાં માર્યા ગયેલામાં 27 પર્યટકો ઉપરાંત એક સ્થાનિક ગાઈડ સૈયદ આદિલ હુસૈન શાહ પણ સામેલ છે. આતંકવાદીઓએ ગોળીબાર ચાલુ કરતા જ ગાઈડ આદિલ હુસૈન શાહે બેગુનાહ લોગો કો ક્યોં માર રહે હો કહીને આતંકીઓની રાયફલ છીનવીને પર્યટકોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો. તેને કારણે અકળાયેલા આતંકીઓએ તેને પણ 3 ગોળીઓ મારી દીધી હતી. આમ આતંકીઓએ ભારત સરકારને ખુલ્લો પડકાર ફેંક્યો છે. ભયાનક હુમલા બાદ ગુરુવારે પણ સુરક્ષા દળોનું મોટું ઓપરેશન ચાલુ રહ્યું હતુ. જેમાં અત્યાર સુધીમાં ખીણમાંથી 1500થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. જવાનો દ્વારા ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ તેમજ આતંકી પ્રવૃત્તિઓમાં સામેલ લોકોને શોધી શોધીને પકડવામાં આવી રહ્યા છે. આ સાથે શંકાસ્પદ લોકોની અટકાયત પણ કરવામાં આવી રહી છે.

હુમલા બાદ ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ આકરા નિર્ણય લીધા છે. જેમાં સિંધુ જળ સંધિને સ્થગિત કરવી, પાકિસ્તાની નાગરિકોને વિઝા ન આપવા અને દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના સ્ટાફની સંખ્યામાં ઘટાડો જેવા પગલાં સામેલ છે. ભારતની આ કાર્યવાહીના જવાબમાં પાકિસ્તાને શિમલા કરાર રદ કરવાની ધમકી આપવાનું શરૂ કરી દીધું છે. જો કે, ભારતને તેની કોઈ અસર વર્તાઈ નથી. ગુરૂવારે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર અને ગૃહમંત્રી અમિત શાહ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂ સાથે મુલાકાત કરવા પહોંચ્યા હતા. આ ઉચ્ચસ્તરીય બેઠક સુરક્ષા સ્થિતિની ગંભીરતા અને આગામી રણનીતિઓ પર ચર્ચા કરવા યોજાઈ હતી. ત્યારબાદ સાંજે સર્વદળીય બેઠક સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કરી હતી.

બેઠક બાદ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પહેલગામની ઘટના સામે સરકાર ગમે તેવા આકરા પગલા ભરે તો વિપક્ષનું દરેક એક્શન પર સરકારને સમર્થન છે.

બીજી તરફ પહેલગામની ઘટના બાદ ઉપરાંત સમગ્ર દેશમાં આતંકીઓ સામે પ્રચંડ રોષ ફાટી નીકળ્યો હતો. ઘટનાની રાતે જ કાશ્મીરના નાગરિકોએ સ્વયંભૂ કેન્ડલ માર્ચ કાઢી હતી. યુવાનો, દુકાનદારો અને હોટલ માલિકોએ તેમાં ભાગ લીધો હતો. આ લોકોના હાથમાં 'અમે શાંતિ માટે ઉભા છીએ' અને 'પ્રવાસીઓ અમારા મહેમાનો છે' તેવા લખાણ ધરાવતા પોસ્ટર હતા. પુલવામા, બડગામ, શોપિયાં, શ્રીનગર ઉપરાંત સ્થાનિક લોકોએ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા, બાંદીપોરા અને કુપવાડામાં પણ કેન્ડલ માર્ચનું આયોજન કર્યું હતુ. એટલું જ નહીં, મંગળવારે સાંજે ઈશાની નમાજ સમયે ઘાટીની લગભગ દરેક મસ્જિદના લાઉડસ્પીકર પર બૈસારન હુમલાની નિંદા કરાઈ હતી. આ દરમિયાન લોકોને કાશ્મીરીયત અને ઈસ્લામના દુશ્મનોના આ નાપાક કૃત્ય સામે પોતાનો ગુસ્સો વ્યક્ત કરવા અને બૈસારનના મૃતકોના પરિવારો પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરવા માટે બુધવારે કાશ્મીર બંધનું એલાન કર્યું હતુ. જેને પગલે બુધવારે કાશ્મીર સજ્જડ બંધ રહ્યું હતુ. આ દરમિયાન સ્થાનિક વેપારીઓ અને નાગરિકોએ રસ્તા પર ઉતરીને આતંકવાદ સામે એકતા દેખાડી હતી, અને હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. આ સાથે જ મે ભારતીય હુંના નારા લગાવીને આ કાશ્મીરીઓએ તેમને ભારત વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહેલા આતંકીઓને આકરો સંદેશો આપ્યો હતો. સ્થાનિકોએ હિન્દુઓ અને મુસ્લિમોએ એક થઈને આતંકવાદ સામે લડશે તેવો નિર્ધાર પણ વ્યક્ત કર્યો હતો. કાશ્મીરમાં આતંકી હુમલા બાદ સ્થાનિકોનો આ પ્રકારનો પ્રત્યાઘાત બદલાઈ રહેલાં કાશ્મીરનો ચિતાર આપી રહ્યા છે. કારણ કે, અત્યાર સુધી અહીં હુમલાની ઘટના બાદ સુરક્ષા દળો સાથે સ્થાનિકોના ઘર્ષણના બનાવો બનતા, આઝાદીના સૂત્રોચ્ચાર થતા અને પાકિસ્તાન ઝીંદાબાદના નારા લાગતા. જો કે, આ વેળા સ્થિતિ તદ્‌ન વિપરીત છે. નિર્દોષોને મોતને ઘાટ ઉતારવાની આ ઘટનાથી કાશ્મીરના મહત્તમ લોકોમાં ભારોભાર રોષ છે. સ્થાનિકોએ આ બનાવને વખોડી આતંકીઓને માનવતા, ઈસ્લામ અને કાશ્મીરિયતન દુશ્મન ગણાવ્યા છે.

હુમલાથી J&Kમાં 2.5 લાખ લોકોની રોજી-રોટી જોખમમાં મુકાઈ છે. કારણે હાલ અહીંના 12000 કરોડના પ્રવાસ ઉદ્યોગને ફટકો પડે તેવી સ્થિતિ છે. આ કેન્દ્ર શાસિત પ્રદેશનાં પાટનગર શ્રીનગર પાસેના ડાલ-લેઈકમાં 1500 હાઉસ-બોટ્‌સ છે. કાશ્મીરમાં નાની અને મોટી હોટેલોમાં મળી 300થી વધુ રૂમ છે. 2024માં 2 કરોડ 36 લાખ પ્રવાસીઓએ અહીંની મુલાકાત લીધી હતી. રાજ્યને પછીથી કેન્દ્ર શાસિત પ્રદેશ બનાવ્યા પછી ત્યાં પ્રવાસીઓની સંખ્યા વધતી જ રહી છે. ૨૦૨૦માં ૩૪ લાખ, 2021માં 1.13 કરોડ પ્રવાસીઓ ગયા હતા. 2022માં તે આંકડો 2.36 કરોડ સુધી પહોંચ્યો, તેમાં 65000 તો વિદેશી પ્રવાસીઓ હતા. કાશ્મીરમાં પ્રવાસન ઉદ્યોગ વર્ષે રૂ. 12000 કરોડ આપે છે. એક અંદાજ પ્રમાણે તો 2030 સુધીમાં આ ઉદ્યોગ રૂ. 25થી 30 હજાર કરોડ જેટલો થવાની સંભાવના હતી. પરંતુ પહેલામમાં બનેલા બનાવથી પર્યટન ક્ષેત્રને જોખમ ઉભુ થયું છે. કારણ કે, ઘટના બાદ બે જ દિવસમાં દેશના 80 ટકા લોકોએ તેની કાશ્મીર ટૂરનું આયોજન માંડી વાળ્યું છે. બીજી તરફ રાષ્ટ્રીય પંચાયત દિવસના અવસરે વડાપ્રધાન મોદીએ ગુરુવારે બિહારના તેઓ મધુબનીમાં એક કાર્યક્રમને સંબોધિત કરતી વેળા હુંકાર ભર્યો હતો કે, આતંકવાદી અને ષડ્યંત્ર રચનારાઓને વિચાર્યું નહીં હોય તેવી સજા મળશે. ભારત એક એક આતંકવાદીને શોધશે અને સજા આપશે.



manoj1968@yahoo. ca







# મહિસાગરમાં વિરપુર બેંક ઓફ બરોડાનો કેશિયર ખાતેદારોના 20 લાખ લઈને ફરાર

## 10થી વધુ ગ્રાહકોના નાણા અટવાયા, બેકમાં જતાં ખાતામાં પૈસા ન હોવાની જાણ થઇ

**વિરપુર**

મહિસાગર જીલ્લાના વિરપુર ખાતે બેન્ક ઓફ બરોડના કેશિયર દ્વારા ગ્રાહકો સાથે ફ્રોડ કરી બારોબાર પૈસા ઉપાડી ઉચાપત કરી હોવાની ચર્ચા એ જોર પકડયું છે. આ બાબતે તપાસ કરતા કેટલાક ભોગ બનનાર ગ્રાહકો પાસેથી જાણવા મળ્યું છે કે, ગ્રાહકો જ્યારે બેન્કમાં પૈસા ઉપાડવા આવ્યા ત્યારે ખબર પડી કે ખાતામાં પૈસા નથી.

વિરપુર ખાતે બેન્ક ઓફ બરોડામાં ફરજ બજાવતા કેશિયરની કરતુત બહાર આવી છે. આ કેશિયરે બેન્કમાં ખાતુ ધરાવતા એક-બે નહીં પરંતુ દસથી વધુ વ્યક્તિના રૂ.૨૦ લાખ જેવી રકમ લઈ ભાગી ગયો છે. આ અંગે ખાતેદારોએ બેન્ક મેનેજરને રજુઆત કરતાં તેઓ પણ ચોંકી ગયાં હતાં અને તુરંત પોલીસ મથકે અરજી આપી હતી. ખાતેદારોએ સંતાનોના લગ્ન માટે થાપણો બેંકમાં મુકી હતી. આવા સમયે બેન્ક કેશિયર લાખો રૂપિયાની રકમ લઈને ભાગી જતાં છતે પૈસે ખાતેદારોને પ્રસંગ કરવો મુશ્કેલ બની ગયો છે. આ અંગે બેન્ક પરિસરમાં ચાલતી ચર્ચા મુજબ, કર્મચારીએ આવા અનેક ખાતેદારના નાણા ચાઉ કરી ગયો છે. એક અંદાજ મુજબ આ રકમ ૫૦ લાખ રૂપિયા સુધીની થવા જાય છે. જોકે આ બાબતે અરજદારો દ્વારા બેન્ક મેજનરને અરજી કરતા બેન્ક મેનેજરે દ્વારા પોલીસ સ્ટેશને ફરિયાદ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ વિરપુર બેન્ક ઓફ બરોડામાં બહાર બેઠતાં એજન્ટ દ્વારા ક્રેડિટ કાર્ડનો પણ દુરૂપયોગ કરી બારોબાર ક્રેડિટ કાર્ડમાથી નાણા ઉપાડી લેવાના મુદ્દે હોબાળો મચ્યો હતો.

# ચાલકની ગફલતથી કાર પલટી મારી જતાં સાળા-બનેવીના મોત નીપજ્યા

**ભાવનગર**

સાણોદર ગામ નજીક કાર પલટી ખાઈ જતા સાળા બનેવીના મોત નીપજવાના મામલે કારચાલકની ગફલત સામે આવી છે. મૃતકના પત્નીએ ચાલકે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવતાં અકસ્માત સર્જાયો હોવાની ઘોઘા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

મૂળ ભંડારિયાના વતની અને હાલ સિહોર તાલુકાના અમરગઢ ખાતે રહેતા ભાવનાબેન દિનેશભાઈ ચૌહાણ અને પતિ દિનેશભાઈ ગોરધનભાઈ ચૌહાણ બન્ને શનિવારે વતનમાં ભંડારીયા ગામે માતાજીના માંડવામાં આવ્યા હતા. હવન પૂર્ણ કરી પતિ દિનેશભાઈના મિત્ર વિજયભાઈ ધીરુભાઈ મકવાણાની કાર નંબર જીજે ૦૪ ઈએ ૪૫૭૮ માં પતિ પત્ની નણંદ મુકતાબેન જીતુભાઈ પરમાર અને નણદોઈ જીતુભાઈ ધરમશીભાઈ પરમાર ,નણદોઈના દિકરા જયપાલ અને નૈતિકને સાથે લઈ સિહોરના અમરગઢ ખાતે જવા માટે રવાના થયા હતા.દરમિયાનમાં દિનેશભાઈના મિત્ર વિજયભાઈએ પોતાની કાર બેફિકરાઈથી અને પુરઝડપે ચાલવી સણોદર ગામ નજીક પલટી ખવડાવી દેતા કારમાં સવાર સાળા દિનેશભાઈ ચૌહાણ અને બનેવી જીતુભાઈના મોત નીપજ્યા હતા. જ્યારે કારમાં સવાર નણંદ ભોજાઈ સહિત એક બાળકને ઈજા થઈ હતી.

# મુસ્લિમ વિરોધી ભડકાઉ પોસ્ટ મુકવા બદલ પૂર્વ ભાજપ મહામંત્રી સામે ફરિયાદ

**ભાવનગર**

ભાવનગર નવાપરા કેસરબાઈની મસ્જીદ પાછળ રહેતાં અને હજુરપાયગા રોડ પર પરમાર ઓટો નામથી ગેરેજ ચલાવતાં ફિરોજભાઈ મનસુખભાઈ પરમારે ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે, તેઓ ગત તા. ૧૮ના રોજ મોબાઈલ જોતા હતા ત્યારે તેમના ફેસબુકમાં શૈક્ષણિક સંસ્થાના ટ્રસ્ટી અમર આચાર્યએ ફેસબુકમાં પોતાની વૉલ પર ‘હિન્દુઓ જાગો’ શિર્ષક તળે એક પોસ્ટ મુકી હતી. જેમાં તેના દ્વારા મુસ્લિમ સમાજ અંગે સરાજાહેર અભદ્ર ટિપ્પણી કરવામાં આવી હતી. તો, તેણે કેન્દ્રીય ગૃહમંત્રીને ટાંકીને અન્ય એક પોસ્ટ પણ મુકી હતી જેમાં મુસ્લિમ ધર્મનું અપમાન થાય તથા સમાજની લાગણી દુભાય તથા બે સમાજ વચ્ચે વૈમનસ્ય અને ધિક્કારની ભાવના પેદા થાય તેવું ભડકાઉ લખાણ લખ્યું હોવાનું ફરિયાદમાં ઉમેરી પૂરાવા રૂપે પોસ્ટનું લખાણ પણ આપ્યું હતું. ફરિયાદીએ ઉમેર્યું કે,અમર આચાર્યએ આ પોસ્ટ મુકી મુસ્લિમ સમાજના લોકોને ટાર્ગેટ કરતાં મુસ્લિમ સમાજની લાગણી દુભાઈ છે.

# અમદાવાદના યુવકે ફિલ્મ ડિરેક્ટર તરીકે ઓળખ આપી યુવતીનું શોષણ કરી રૂ.20 લાખ પડાવ્યાં

## વાસણાના યુવક સામે પોલીસ ફરિયાદ, પત્નીને કાઢી મૂકવા માટે વચન અપાયું હતું

**અમદાવાદ**

મુંબઈની પાર્ટીમાં ઓળખાણ થયા પછી રાજકોટની યુવતીને લગ્નની લાલચ આપી બે વર્ષ શોષણ કર્યું. રાજકોટમાં રહેતી 30 વર્ષની યુવતીએ અમદાવાદમાં વાસણા બસ સ્ટેશન પાસે ગીતા એપાર્ટમેન્ટમાં રહેતા કૃણાલ મયંકભાઈ મચ્છર ઉર્ફે દુષ્યંતભાઈ ઝવેરી સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ અનુસાર, ઓગષ્ટ-2022 માં મુંબઈ ખાતે એક બોલિવૂડ પાર્ટીમાં કૃણાલે પોતાની ઓળખ ફિલ્મ ડિરેક્ટર અને પ્રોડ્યુસર તરીકે આપી હતી. આ પછી બંને વચ્ચે મિત્રતા થઈ હતી. કૃણાલ પત્ની સાથે છૂટાછેડા લેવાની વાતો કરી યુવતીને આર્થિક મદદ કરવાની વાત કરતો હતો. ફેબ્રુઆરી-2023 માં યુવતી વાસણાના એક ફ્લેટમાં રહેવા આવી હતી અને બંને સાથે રહેતા હતા અને સંબંધો બંધાયા હતા. પત્નીને છૂટાછેડા આપવા પાંચ લાખ રૂપિયાની જરૂર હોવાની વાત કૃણાલે કરતાં યુવતીએ પોતાના મિત્ર પાસેથી પૈસા લઈને આપ્યા હતા. પત્નીને પોતે કાઢશે તેવી વાત કરી યુવતીને પરત રાજકોટ મોકલી હતી. આ પછી કૃણાલે સંપર્ક ઓછો કરી દીધો હતો. બાદમાં કૃણાલે અંગત પળોના વીડિયો વાઈરલ કરવાની ધમકી આપી પૈસા માગવાનું શરૂ કર્યું હતું. કૃણાલે કુલ 20 લાખ રૂપિયાથી વધુ રકમ મેળવી લીધી હતી.

# ગુજરાતમાં પહેલી મેથી સ્ક્રેપ પોલિસી અમલમાં રાજ્યમાં 8 વર્ષ જૂના અંદાજે ૪૫ લાખ વાહનો

**અમદાવાદ**

ગુજરાત સરકારની સ્ક્રેપ પોલિસીનો પહેલી મેથી અમલ શરૂ થઈ રહ્યો છે. પોલીસી અંતર્ગત રાજ્યમાં આઠ વર્ષ કે તેનાથી વધુ વર્ષ જૂનાં વાહનો પર સરકાર માન્ય સ્ક્રેપિંગ સેન્ટરમાં આપવામાં આવશે તો વાહન સ્ક્રેપની કિંમત મળવાની સાથે વાહન પર બાકી આરટીઓ ટેકસ, પેનલ્ટી, વ્યાજ અને ચલણની રકમ પણ માફ થઈ જશે.



સ્ક્રેપ પોલિસી હેઠળ ડિટેઈન વાહનો સ્ક્રેપમાં આપી શકાશે નહીં અને વાહન પર ટેક્સ સહિતની રકમ માફીનો પણ કોઈ લાભ નહીં મળે. પોલિસીની સમયમર્યાદા માત્ર પહેલી મેથી 30મી એપ્રિલ-2026 એટલે કે, એક વર્ષ સુધી જ રહેશે. રાજ્યમાં અંદાજે 45 લાખ વાહનો આઠ વર્ષ કે તેથી વધુ જૂના છે જ્યારે અમદાવાદમાં અંદાજે 19 લાખ વાહનો છે.

હાલ રાજ્યમાં અંદાજે 2.06 કરોડ વાહનની સંખ્યા છે, આમાંથી આઠ વર્ષ જૂના અંદાજે 45 લાખ વાહનો છે. જેમાંથી 7.80 લાખ ટ્રાન્સ્પોર્ટ અને 37.20 લાખ વાહનો ખાનગી છે. સરકારની સ્ક્રેપ પોલિસી હેઠળ વાહન સ્ક્રેપમાં આપીને વાહન સ્ક્રેપની કિંમત, વિવિધ ટેક્સ અને વ્યાજ માફી ઉપરાંત તેના સર્ટિફિકેટથી નવા વાહન પર સરકારની અન્ય યોજનાનો લાભ મેળવી શકશે. વાહન ડીલરે નવા વાહનના પુરાવાની સાથે સરકાર માન્ય સ્ક્રેપ સેન્ટરનું વાહન માલિકના નામનું સર્ટિફિકેટ મૂકવાનું રહેશે.

# વિસાવદર બેઠકની પેટાચૂંટણી માટે ‘બાપુ’ની એન્ટ્રીઃ રાજકારણ ગરમાયું

**વિસાવદર**

જુનાગઢ જિલ્લાની વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીની જાહેરાત પહેલાં જ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલિયાને પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે, જ્યારે કોંગ્રેસે પણ એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. ત્યારે હવે આ બેઠક પર રાજ્યના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલા “બાપુ”એ ઝંપલાવ્યું છે.

ચૂંટણી પંચ દ્વારા વિસાવદર વિધાનસભાની પેટાચૂંટણીની જાહેરાત કરવામાં આવે તે પૂર્વે જ રાજકીય પક્ષોએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આમ આદમી પાર્ટીએ ગોપાલ ઈટાલિયાને પોતાના ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે, જ્યારે કોંગ્રેસે પણ એકલા હાથે ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. જો કે ભાજપ હજુ ઉમેદવારની જાહેરાત કરે તેવી સંભાવનાઓ છે પરંતુ તે બધાની વચ્ચે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટીના સ્થાપક અને વડા શંકરસિંહ વાઘેલા “બાપુ”ની સક્રિયતાથી વિસાવદરની પેટાચૂંટણીમાં રાજકીય ગરમાવો લાવી દીધો છે અને લોકોમાં ઉત્તેજના જગાડી છે. ઉલ્લેખનીય છે કે વિસાવદરની પેટાચૂંટણીમાં “બાપુ” ની એન્ટ્રીથી રાજકીય સમીકરણો બદલાઈ શકે છે.


**Warehouse Person Required**

Looking For Matured Reliable Warehouse Person For Electrical Supplies Store

**Near Eglinton Ave East, Mississauga. Reference Required.**

: Please Contact :
achristie1124@Yahoo.Com

**Tel : 416-709-1424**

**MOTEL HELP WANTED**

Motel help wanted for a motel located in Ontario around 1.5-2.0 hr drive from GTA. Accommodation will be provided. This position is suitable for either single person or Couple.

The job duties include Desk, Cleaning of rooms, Laundry, basic repair-maintenance related to work.

Management will support LMIA if required after 1 year working with company.

Interested person please send resume at

**motelhelp@yahoo.com OR Contact at 705-706-8183**

# દાહોદ સોલાર પ્લાન્ટમાં આગ, 400 કરોડનો સામાન રાખ

## દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઇટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો

**દાહોદ**

દાહોદના ભાટીવાડા ખાતે રાષ્ટ્રીય થર્મલ પાવર કોર્પોરેશન (NTPC) કંપનીના નિર્માણાધીન 70 મેગાવોટના સોલાર પ્લાન્ટમાં સોમવારે (21મી એપ્રિલ) રાત્રે ભીષણ આગ લાગી હતી. દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઇટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો છે. આ આગની ઘટનાએ પ્લાન્ટના 95 ટકા સાધનોને બળીને રાખ કરી દીધા છે. આગની આ ઘટનામાં 400 કરોડનું નુકસાન થયું હોવાનો અંદાજ છે.

મળતી માહિતી અનુસાર, આગ સોમવારે રાત્રે 9 વાગ્યાની આસપાસ શરૂ થઈ હતી. પવનની ગતિને કારણે આગ ઝડપથી ફેલાઈ, જેના પરિણામે પ્લાન્ટમાં રાખવામાં આવેલા સોલાર પેનલ, ટ્રાન્સફોર્મર, કેબલ અને અન્ય સાધનો બળીને ખાખ થઈ ગયા. NTPCના કર્મચારીઓ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી ગયા હતા, પરંતુ આગની તીવ્રતા એટલી હતી કે તેને કાબૂમાં લેવું અશક્ય બન્યું. દાહોદ અને આસપાસના જિલ્લાઓમાંથી ફાયર બ્રિગેડની ટીમો બોલાવવામાં આવી હતી. આ આગ કયા કારણે લાગી તેનું કારણ હજી અકબંધ છે. પરંતુ આગ એટલી ભયાનક હતી કે તેને ઓલવવામાં મુશ્કેલી બની હતી. ત્યારે દાહોદના ચાર અને ઝાલોદના એક ફાયર ફાઈટરે આખી રાત સતત પાણીનો મારો ચલાવીને આગ પર માંડ માંડ કાબૂ મેળવ્યો છે.

પ્રાથમિક અંદાજ મુજબ આગથી 400 કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. મશીનરી અને સાધનોને ભારે નુકસાન પહોંચ્યું છે. આગનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. NTPC અને પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.



# માતરના ગરમાળાના ચાર શખ્સોને એટ્રોસિટીના કેસમાં 3 વર્ષની સજા

**નડિયાદ**

મરાલા ગામમાં ફરિયાદીનો પરિવાર રહી ખેતી કરી ગુજરાન ચલાવે છે. તેમની માતા અંબાબેન માધાભાઈ રોહિતના નામે ગરમાળા ગામમાં વારસામાં મળેલી સર્વે નં.-૯૩૮વાળી જમીનનો વહીવટ ફરિયાદી કરે છે. આરોપીઓ મહેબુબમિયા મલેકમિયા મલેક, અબ્દુલમિયા મલેકમિયા મલેક, જાકીરમિયા અબ્દુલમિયા મલેક, રફીકમિયા બશીરમિયા મલેકે તા-૦૯/૦૧/૨૦૨૨ના રોજ ફરિયાદની જમીનમાં ડાંગરની રોપણી કરાવતા હતા. ત્યારે ફરિયાદી અને સાહેદે જઈ કહેતા કોને પૂછીને ખેતરમાં ડાંગરની રોપણી કરો છો. ત્યારે ઉપરોક્ત તમામ આરોપીઓએ જાતિ અપમાનિત કરી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એક બીજાને મદદગારી કરી હતી. આ અંગે માતર પોલીસે એટ્રોસિટી હેઠળ ગુનો નોંધી ચાર્જશીટ સેશન્સ કોર્ટમાં રજૂ કર્યું હતું. આ કેસ ચાલી જતા નડિયાદના સ્પે. સેશન્સ જજ પી.પી. પુરોહિતે ચાર આરોપીઓને એટ્રોસિટીના ગુનામાં ૩ વર્ષની કેદ અને પાંચ હજારનો દંડ ફટકાર્યો છે. અન્ય કલમો હેઠલ પાંચ હજાર મળી કુલ ૧૦ હજારનો દંડ આરોપીઓને કોર્ટે કર્યો છે.

# પંચમહાલમાં કાર પર લાલ લાઇટ લગાવી ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા લખી રોફ જમાવનાર યુવક ઝડપાયો

**પંચમહાલ**



પંચમહાલના મૂળ શહેરા તાલુકાના નાંદરવા ગામનો ધ્રુવ વાળંદ નામન યુવકે પોતાની કાર પર જાણે સરકારી અધિકારી હોય તેવી રીતે ગર્વમેન્ટ ઑફ ઈન્ડિયા લખાવ્યું હતું અને કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી હતી. આ મામલે હાલોલ રૂરલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ક્વોડને પેટ્રોલિંગ દરમિયાન બાતમી મળી હતી. જેને લઈને હાલોલ રૂરલ પોલીસે હાલોલ તાલુકાના કંજરી ગામે હરીદર્શન સોસાયટીમાં તપાસ કરતા નંબર પ્લેટ વગરની કાર મળી આવી હતી.

એક જ કાર પર યુવકે વિવિધ ચાર હોદ્દાની પ્લેટ લગાવી છે. જેમાં પોલીસ જે કલર વાપરે છે તેવી લાલ અને ભુરા કલરની પ્લેટ પર ગૌ રક્ષક લખ્યું છે, બીજી પ્લેટમાં ગવર્મેન્ટ ઑફ ઈન્ડિયા, ત્રીજીમાં ડૉક્ટર ધ્રુવ લખ્યું છે. જ્યારે કારની આગળ લાલ પ્લેટમાં ભારત સરકાર માન્ય રાષ્ટ્રીય અધ્યક્ષ ધ્રુવ બાપુ લખ્યું છે. તો લાલ કલરના અક્ષરથી નેશનલ પ્રેસિડેન્ટ ડૉ. ધ્રુવ લખ્યું છે, સમગ્ર મામલે પોલીસે નાંદરવા ગામના અને હાલ હાલોલ તાલુકાના કંજરી ગામે રહેતા ધ્રુવ વાળંદ નામના યુવકને પોલીસે ઝડપી પાડ્યો હતો. ધ્રુવની પૂછપરછ સમયે તેણે જણાવ્યું હતું કે, 'પોતે કોઈ રાજ્યસેવક નથી પરંતુ સમાજમાં રાજ્યસેવક છું તેવી છાપ પાડવા માટે કાર ઉપર લાલ-ભુરી લાઈટ રાખી ગર્વમેન્ટ ઑફ ઈન્ડિયા લખાવ્યું હતું.'

# નડિયાદ સિરપકાંડના આરોપીના ઘરમાંથી એક કરોડની ચોરી કરનારી ગેંગ ઝડપાઈ

## હેલીપેડ ચોકડીથી મુખ્ય આરોપીને ઉઠાવ્યા બાદ ઓડ, નડિયાદ, ખંભોળજના શખ્સોને ઝડપ્યા

**નડિયાદ**

નડિયાદમાં અઠવાડિયા અગાઉ સિરપકાંડના આરોપી યોગેશ સીંધીના ઘરે થયેલી ૧ કરોડ ઉપરાંતની ચોરીનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. આંતરરાજ્ય તસ્કર અને અનેક ગુનાઓમાં સંડોવાયેલા નવઘણ પૂંજાને પોલીસે તેના સાગરિતો સાથે ઝડપી પાડી રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

નડિયાદમાં કપડવંજ રોડ પર આવેલા એસટી વર્કશોપ સામે પ્રભુકૃપા સોસાયટીમાં રહેતા સુનિતાબેન યોગેશભાઈ સિંધીના ઘરે ૧.૦૨ કરોડ રૂપિયાની ચોરી થઈ હતી. ૮૦ લાખ રોકડ સહિત દાગીના મળી કરોડોની ચોરી થતા લોકલ ક્રાઈમ બ્રાંચ અને નડિયાદ ટાઉન પોલીસ સક્રિય થઈ હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે અને હ્યુમન સોર્સના આધારે શકમંદ ઈસમ સુધી પહોંચી હતી. ઈસમને નડિયાદ હેલીપેડ ચોકડી ખાતેથી ઉઠાવી પુછપરછ કરતા તેણે પોતાનું નામ નવઘણ પુંજા તળપદા (રહે.ઓડ, જિ.આણંદ) હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી ધાતુનું બિસ્કીટ, સોનાની ચેઈન જે ચોરીનો મુદ્દામાલ હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું. બાદ અન્ય તેના સાગરિતો વિષ્ણુ મફત તળપદા (રહે.ઓડ, જિ.આણંદ), સમીર મોંઘા તળપદા (રહે.ખંભોળજ, જિ.આણદ) અને રમેશ પોપટ ડોડીયા (રહે.નડિયાદ)ને ઝડપી લેવાયા હતા. ઉપરાંત આ કેસામાં હજુ એક આરોપી વિષ્ણુ પુંજા તળપદા (રહે.ઓડ, જિ.આણંદ) વોન્ટેડ છે.

# આતંકી ઘટનાને ધર્મનો રંગ આપવાની નીતિ દેશહિતમાં નથી : હરીશ ચૌધરી

**વડોદરા**

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના "સંગઠન સૃજન અભિયાન" અંતર્ગત AICC મહામંત્રી અને વડોદરા શહેર સંગઠન પ્રભારી હરીશ ચૌધરીની અધ્યક્ષતામાં અલકાપુરી સર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી. પરંતુ, જમ્મુ કશ્મીરના પહેલ ગામમાં થયેલા આતંકી હુમલામાં 27 લોકો માર્યા ગયા હોય તેમને શ્રદ્ધાંજલિ આપી પત્રકાર પરિષદ મોકૂફ રાખવામાં આવી હતી.

પત્રકાર પરિષદને સંબોધતા હરીશ ચૌધરીએ કહ્યું હતું કે, આતંકી હુમલો નીંદનીય અને સ્વીકારવા લાયક નથી, ફરી વખત કોઈ આવી આતંકી ઘટનાને અંજામ આપવાની હિંમત ન કરે તેવી કાર્યવાહી કરી દાખલો બેસાડવો જોઈએ, આજે સમગ્ર દેશના નાગરિકો એકજૂથ થઈ મૃતકોના પરિવાર અને દેશ સાથે ઉભા રહે. જ્યારે "જાતિ છોડો હિન્દુ બનો" મામલે કહ્યું હતું કે, આતંકી ઘટનાને ધર્મના નામે વળાંક અપાઈ રહ્યો છે આ વિચારધારા દેશ માટે સારી નથી. આ દરમ્યાન GPCC પ્રભારી તથા ધારાસભ્ય અમૃત ઠાકોર , GPCC-ઉપપ્રમુખ બિમલ શાહ, પૂર્વ-અમદાવાદ શહેર પ્રમુખ પંકજ શાહ અને પૂર્વ-પંચમહાલ જિલ્લા પ્રમુખ અજીતસિંહ ભટ્ટી ઉપસ્થિત રહ્યા હતા.

# બીજાનું અનુકરણ ન કરો, વડોદરાની હર્ષિતાએ UPSCમાં દેશમાં બીજો ક્રમ મેળવી ઇતિહાસ રચ્યો

**વડોદરા**

યુપીએસસીના સોમવારે જાહેર થયેલા પરિણામમાં સમગ્ર ભારતમાં બીજો ક્રમ મેળવનાર હર્ષિતા ગોયલ વડોદરાની રહેવાસી છે. તેણે એમ.એસ યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીમાંથી 2020માં ડિગ્રી મેળવી હતી. સાથે સાથે વડોદરામાંથી સીએની પરીક્ષા પણ પાસ કરી હતી. યુપીએસસીની પરીક્ષામાં પણ તેણે ઝળહળથી સફળતા મેળવી પોતાનું સ્વપ્ન સાકાર કર્યું છે.

વડોદરાના ગોત્રી વિસ્તારમાં રહેતી હર્ષિતા ગોયલ યુપીએસસી માટે અમદાવાદની સ્પીપામાં તૈયારી કરી હતી. એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું કે રિઝલ્ટ જાહેર થયા પછી મને વિશ્વાસ નહોતો થતો કે મને આખા ભારતમાં બીજો ક્રમ મળ્યો છે. મારા પરિવારનું નામ રોશન કરવાનો મને ગર્વ છે.

તેણે કહ્યું હતું કે મેં જ્યારે સીએની ડીગ્રી લીધી ત્યાં સુધી યુપીએસસી પરીક્ષા અંગે વિચાર્યું ન હતું. એ પછી મારા પિતાની પ્રેરણાથી મેં સિવિલ સર્વિસનો અભ્યાસ કરવાનું નક્કી કર્યું હતું. આત્મવિશ્વાસ અને મનોબળ જરૂરી હોય છે. બીજાનું અનુકરણ કરવાનો કે તેની પાછળ ભાગવાનો કોઈ અર્થ નથી તમારે તમારા મનની વાત સાંભળવી જોઈએ. હર્ષિતાએ કહ્યું હતું કે મેં સોશિયલ મીડિયા બંધ નહોતું કર્યું. એવું નથી કે સોશિયલ મીડિયા પર ઉપયોગી માહિતી પણ ઉપલબ્ધ હોય છે, આવા જ એક એકાઉન્ટના કારણે મને પ્રિલિમ પરીક્ષામાં મદદ મળી હતી.

# ડભોઇ તાલુકાની જમીનના પ્રકરણમાં જાંબુઘોડાના મામલતદાર સોલંકીને રાજ્ય સરકારે સસ્પેન્ડ કર્યા

## જમીનની વેચાણની એન્ટ્રી ઓફિસર સોલંકીએ મંજૂર કરી હતી

**વડોદરા**

ડભોઈ તાલુકાના બારીપુરાની આ જમીન સિલિંગ એક્ટ મુજબ આવતી હતી જેને બિનખેતીમાં ફેરવવા મુદ્દે વિવાદ ઉભો થયો હતો. આ સમગ્ર પ્રકરણ રાજ્ય સરકારના મહેસૂલ વિભાગ સુધી પણ ગયું હતું અને મહેસૂલ સચિવ જયંતિ રવિએ આ જમીનને લગતો સમગ્ર અહેવાલ વડોદરા કલેક્ટર પાસે મંગાવ્યો હતો. આ કેસની તપાસ ડીસીએલઆરને સોંપવામાં આવી હતી. ડીસીએલઆર દ્વારા રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો જેમાં જણાવાયું હતું કે બારીપુરાની આ જમીન વર્ષ-૨૦૦૮માં વેચાણ થઈ હતી જેની ગેરકાયદે રીતે વેચાણની એન્ટ્રી તે સમયના ડભોઈ મામલતદાર કચેરીના સર્કલ ઓફિસર વાય.સી. સોલંકી દ્વારા મંજૂર કરવામાં આવી હતી. ખરેખર આ વેચાણની નોંધ મંજૂર કરવાપાત્ર હતી નહીં.

રાજ્ય સરકાર દ્વારા આ રિપોર્ટને આધાર બનાવીને તાત્કાલિક અસરથી આજે ડભોઈના જે તે સમયના નાયબ મામલતદાર અને હાલ જાંબુઘોડાના મામલતદાર વાય.સી. સોલંકીને સસ્પેન્ડ કરી દીધા હતાં. જ્યારે અન્ય ત્રણ નાયબ મામલતદારો નિવૃત્તિ બાદ મૃત્યુ પામ્યા હોવાનું જાણવા મળ્યું છે.

### પહલગામમાં હુમલામાં મોતને ભેટેલા સુરતના શૈલેષ કળથિયાની અંતિમ વિધિ, પત્નીએ CR પાટીલ સમક્ષ હૈયાવરાળ ઠાલવી

# અમારી સુરક્ષા માટે કોઈ નહીં', શૈલેષભાઈની પત્નીનો આક્રોશ



**સુરત**

પહલગામમાં આતંકી હુમલામાં મૃત્યુ પામેલા સુરતના શૈલેષ કળથિયાની પત્નીએ આજે કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ, રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. શૈલેષ કળથિયાની અંતિમ વિદાયમાં સામેલ થયેલા નેતાઓને શૈલેષ કળથિયાને પત્નીએ સાફ સુણાવી દીધું હતું કે, કાશ્મીરનું નામ બદનામ ન કરો, વાંધો આપણી સિક્યોરિટીમાં છે.

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલામાં એસબીઆઈના કર્મચારી શૈલેષ કળથિયાની હત્યા કરવામાં આવી હતી. આ ઘટના 23 એપ્રિલ, 2025ની આસપાસ બની હતી, જ્યારે શૈલેષ તેમના પરિવાર સાથે કાશ્મીરમાં પ્રવાસે ગયા હતા. આ હુમલામાં આતંકવાદીઓએ શૈલેષને તેમની પત્ની અને બાળકોની સામે ગોળી મારી હતી, જેના કારણે આ યાત્રા તેમની જીવનની છેલ્લી સફર બની.

શૈલેષની પત્નીએ સરકાર અને સુરક્ષા વ્યવસ્થા સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો. તેમણે સી.આર. પાટીલને કહ્યું, કાશ્મીરનું નામ બદનામ ન કરો, વાંધો આપણી સિક્યોરિટીમાં છે, મિલિટ્રીવાળાએ કીધું કે તમે અહીં ફરવા જ કેમ આવો છો?" આ નિવેદનમાં સુરક્ષા નિષ્ફળતા અને પ્રવાસીઓની સલામતી અંગેની ચિંતા સ્પષ્ટ દેખાય છે. તેમના આક્રોશમાં સરકારની જવાબદારી અને પ્રવાસી સ્થળો પર પૂરતી સુરક્ષા ન હોવાનો રોષ પ્રતિબિંબિત થાય છે.

ગુરુવારે શૈલેષ કળથિયાની તેમના સુરતના નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અંતિમયાત્રામાં પરિવારને સાંત્વના આપવા કેન્દ્રિય મંત્રી સી.આર. પાટીલ પણ પહોંચ્યા હતા. ત્યારે પોતાની સામે પતિનો જીવ જતાં જોનાર પત્ની શીતલબેને કેન્દ્રિય મંત્રી સામે આક્રોશ ઠાલવ્યો હતો.

મૃતક શૈલેષ કળથિયાની પત્ની શીતલબેને વ્યથા ઠાલવતા પાટીલને કહ્યું કે, કાશ્મીરમાં કોઈ સુવિધા નહોતી, કોઈ આર્મી નહોતી, ત્યાં કોઈ પોલીસ નહોતી, જ્યારે મોટા નેતા આવે કે VIP આવે ત્યારે પાછળ કેટલી ગાડીઓ દોડતી હોય છે. તેઓ હેલિકોપ્ટરમાં ફરે છે. જ્યારે સામાન્ય પર્યટકો માટે ત્યાં કોઈ સુરક્ષા જ ન હતી.

## શૈલેશભાઇ ઘોડા પર કુદરતી સૌંદર્ય માણતા હતા અને નામ પૂછીને ગોળી મારી દેવાઈ

મુળ સુરતના વરાછાના ચીકુવાડી વિસ્તારની હરીકુંજ સોસાયટીના વતની અને મુંબઈમાં જ રહેતા અને મુંબઈની એસબીઆઈ બેન્કમાં નોકરી કરતા 44 વર્ષીય શૈલેશભાઈ હિંમત કળથીયા તેમની પત્ની શિતલ કળથીયા, પુત્રી નીતિ, અને પુત્ર નક્ષ સાથે મુંબઈથી કાશ્મીર ફરવા માટે ગયા હતા. દરમ્યાન શ્રીનગરથી પહેલગામ ફરવા ગયા હતા અચાનક આંતકવાદીઓ દ્વારા ધડાધડ ગોળીબાર કરાતા કળથીયા પરિવારના ચાર સભ્યોમાંથી મોભી એવા શૈલેશભાઈને ગોળી વાગતા તેમનું મૃત્યુ થયું હતું. પરિવારના અન્ય સભ્યો સહી સલામત છે. તેમને ત્યાંથી હોટલમાં લઈ આવ્યા હોવાનું જાણવા મળ્યુ છે. મુળ અમરેલીના લાઠી તાલુકાના શૈલેષભાઈ સુરત કાપોદ્રાની સોસાયટીમાં રહેતા હતા અને છેલ્લા 1 વર્ષથી મુંબઈમાં કાંદિવલીમાં એસબીઆઈમાં જનરલ ઈન્સ્યૂરન્સ મેનેજર હતા. તેમને પહલગામમાં આતંકીવાદીઓ નામ પૂછીને તરત જ ગોળીઓ ધરબી દીધી હતી.

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West) — 519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough — 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab — 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road, Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સૌરાષ્ટ્રની 21 નદીઓ ઊંડી નહીં કરાય તો ઘેડ વિસ્તાર પાણીમાં ગરકાવ થવાની લોકોને ભીતિ

## ચોમાસામાં 21 નદીઓનું વહેણ ફંટાશે તો રૂપિયા 139 કરોડ પાણીમાં વહી જશે

**દ્વારકા**

છેલ્લાં ઘણાં વખતથી ઘેડ વિસ્તારને લઈને ઘેડવાસીઓ સરકાર સામે લડત લડી રહ્યાં હતાં. આખરે ઘેડવાસીઓની જીત થઈ છે. રાજ્ય સરકારે ઘેડ વિસ્તાર માટે રૂા.1415 કરોડ ફાળવવા પડ્યાં છે. જોકે, ઘેડવાસીઓનું કહેવુ છેકે, સૌરાષ્ટ્રમાંથી પસાર થતી 21 છીછરી નદીઓને ઉંડી નહી કરાય તો, ફરી એકવાર ઘેડ વિસ્તાર જળબંબાકાર થઈ જશે. અને 139 કરોડ રૂપિયા વહી જશે. ચોમાસામાં ઘેડ વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે ઘેડ સમિતીએ છેલ્લાં ઘણાં વખતથી લડત છેડી હતી. ઘેડ વિકાસ સમિતીના સભ્યોનું કહેવુ છેકે, દ્વારકાથી માંડીને માંગરોળ સુધી ભાદર, ઓઝત, સોરઠી, ઉબેણ, વર્તુ, સાની,



મીણસાર જેવી 21 નદીઓ વહે છે. આ નદીઓની એવી સ્થિતી છેકે, છિછરી સપાટી છે જેથી ચોમાસામાં વરસાદી પાણી ફંટાઈ જાય છે. ઝાડી ઝાંખરાને લીધે નદીનુ પાણી ખેતરોમાં વહી જાય છે પરિણામે ખેડૂતોને ભારે આર્થિક નુકશાની વ્હોરવી પડે છે.

# ભુજના શેખપીર પાસેથી 17 લાખના મેકડ્રોન ડ્રગ્સ સાથે 2 યુવક ઝડપાયા

**ભુજ**

ગત શનિવારે બપોરે એએસઆઈ નરેન્દ્રસિંહ ઝાલાને મળેલી બાતમીના આધારે એલોજી ટીમે શેખપીર ત્રણ રસ્તા પાસે પાર્કિંગમાં રહેલી આઈસર ટ્રકમાં બેઠેલાં કરીમ સિધિક મમણ (ઉ.વ. ૩૩, રહે. નાના વરનોરા, ભુજ) અને હરેશ વાલજી કેરાસીયા (૩૪, ઝીંકડી, ભુજ)ને અટકમાં લીધા હતા. સિધિકની અંગઝડતી લેવાતાં તેના ખિસ્સામાં રહેલી પ્લાસ્ટિકની બે પડીકીમાંથી એમડી ડ્રગ્ઝ મળી આવ્યું હતું.

પ્રાથમિક પૂછપરછમાં તેઓએ જણાવ્યું હતું કે, આ ડ્રગ્ઝ ખરીદવા માટે અમદાવાદના શાહઆલમ વિસ્તારમાં રહેતા સલીમ સૈયદ નામના શખ્સનો ફોનથી સંપર્ક કર્યો અને તેનો માણસ ડ્રગ્ઝની ડિલિવરી આપી ગયો હતો.

સલીમ પાસેથી તેમણે ૩૨ હજારમાં ડ્રગ્ઝ ખરીદેલું જે પૈકી ૧૯૦૦ રૂપિયા ઓર્ડર આપ્યો ત્યારે એડવાન્સમાં ચૂકવેલાં અને ૧૩ હજાર રૂપિયા ડિલિવરી મળ્યાં બાદ ચૂકવ્યાં હતાં. આરોપીઓના કબજામાં રહેલા માદક પદાર્થ ઉપરાંત ૧૫ લાખની આઈસર ટ્રક, ૨૦,૯૮૫ રોકડાં રૂપિયા, બે મોબાઈલ ફોન વગેરે મળી કુલ ૧૭ લાખ ૩ હજાર ૯૮૫ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરીને પધ્ધર પોલીસ મથકે એનડીપીએસ એક્ટની કલમો તળે ફરિયાદ નોંધાવાઈ છે.

# ભાવનગરની મહિલાની નજર સામે પતિ, લાડકવાયા પુત્રને ગોળી ધરબી

## મૃતદેહોને શ્રીનગરથી અમદાવાદ બાદ રાત્રે ભાવનગર લવાયા

**ભાવનગર**

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ગત મંગળવારના રોજ કાયર આતંકીઓએ નિર્દોષ પર્યટકોને તેમનો ધર્મ પૂછીને અંધાધૂંધ ગોળીબાર કર્યાની જઘન્ય ઘટનામાં લાપત્તા બનેલાં ભાવનગરના પિતા-પુત્રના પણ મોત થયા છે. આધુનિક હથિયારો લઈને આવી ચડેલા નિર્લજ્જ અને માનવતાના દુશ્મન આતંકવાદીઓએ મહિલાની નજર સામે જ તેમના પતિ અને માત્ર ૧૬ વર્ષની ઉંમરના લાડકવાયા પુત્રને ગોળી ધરબી દઈ મોતના મુખમાં ધકેલી દીધાની ઘટનાએ ભાવનગરવાસીઓમાં આક્રોશની આગ સળગાવી છે. પહેલગામના જઘન્ય આતંકી હુમલાના ગુનેગારોને જમીનમાં પણ જગ્યા ન મળે તેવી કઠોરતમ કાર્યવાહી કરવાની માંગણી સાથે સોશિયલ મીડિયામાં આક્રોશ ઠાલવવામાં આવ્યો હતો.

જમ્મુ કાશ્મીરના પહેલગામના બૈસરંગ વિસ્તારમાં ગત મંગળવારે થયેલા આતંકી હુમલામાં ભાવનગર શહેરના ભરતનગર વિસ્તારમાં રહેતા વિનુભાઈ ત્રિભુવનભાઈ ડાભી નામના વૃદ્ધને કોણીના ભાગે ગોળીનો ઘસાઈને નીકળી જતાં તેમને ઈજાગ્રસ્ત હાલતમાં અનંતનાગની સરકારી મેડીકલ કોલેજમાં દાખલ કરાયા હતા. જ્યારે કાળિયાબીડ વિસ્તારમાં નંદનવન સોસાયટી, શેરી નં.૭, શક્તિ માતાના મંદિરવાળા ખાંચામાં રહેતા યતીશભાઈ સુધીરભાઈ પરમાર (ઉ.વ.આ.૪૨) અને તેમના



૧૬ વર્ષીય પુત્ર સ્મિતભાઈ પરમાર ગુમ થયા બાદ મધરાત્રિના ત્રણ વાગ્યે પિતા-પુત્રના આતંકવાદી હુમલામાં મૃત્યુ થયાનું બહાર આવ્યું હતું. અર્ધી રાત્રે જેમના મૃત્યુના દુઃખદ સમાચાર હતભાગીઓના પરિવારજનોને આપવામાં આવતા તેમના ઉપર દુઃખનો પહાડ તૂટયો હતો. આજે બુધવારે જિલ્લા કલેક્ટર ડૉ. મનિષ બંસલ, રેન્જ આઈજી ગૌતમ પરમાર, એસ.પી. ડો.હર્ષદ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓએ મૃતકના પરિવારજનોને સાંત્વના આપવા માટે તેમના ઘરે પહોંચ્યા હતા. વધુમાં બન્ને મૃતદેહો અને અન્ય મુસાફરોને પરત લાવવા માટે સ્થાનિક વહીવટી તંત્રએ રાજ્ય અને કેન્દ્ર સરકારના સતત સંપર્કમાં રહી કાર્યવાહી કર્યા બાદ આતંકવાદી હુમલામાં માર્યા ગયેલા પિતા-પુત્રના મૃતદેહોને ઈન્ડિગોની ફ્લાઈટમાં શ્રીનગરથી મુંબઈ અને મુંબઈથી અમદાવાદ લવાયા હતા જયાંથી બન્નેને મધ્યરાત્રિએ રોડમાર્ગે પાઈલોટીંગ સાથે ભાવનગર લવાયા હોવાનું જાણવા મળેલ છે. તેમજ ભાવનગરના અન્ય ૧૭ સુરક્ષિત યાત્રિકોને શ્રીનગરથી ઈન્ડિગોની જ ફ્લાઈટમાં મુંબઈ સુધી લાવવામાં આવ્યા હતા.

# જામનગરના કારખાનામાં કામ કરતા કારીગરે 9 મહિનામાં 10.65 લાખનો માલ ચોરી કર્યો

**જામનગર**

જામનગરમાં શંકર ટેકરી ઉદ્યોગ નગર વિસ્તારમાં આવેલા એક કારખાનામાં કામ કરતો કારીગર ખુદ ચોર નીકળ્યો છે. જેણે પોતાના કારખાનેદારને જ ચુનો લગાવ્યો છે, અને છેલ્લા નવ મહિનાના સમયગાળા દરમિયાન કટકે કટકે કારખાનામાંથી રૂપિયા 10,65,000 નો પિત્તળનો માલ સામાન ચોરી છુપીથી ઉપાડી ગયો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઈ છે.

આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ગુલાબ નગર વિસ્તારમાં રહેતા અને શંકર ટેકરી ઉદ્યોગ નગર વિસ્તારમાં વી નાઈન મશીન પ્રાઈવેટ લિમિટેડ નામનું કારખાનું ધરાવતા દેવેન્દ્રભાઈ રતિભાઈ પણસારા નામના કારખાનેદારે પોતાના કારખાનામાંથી છેલ્લા નવ મહિનાના સમયગાળા દરમિયાન પોતાનાજ કારખાનામાં જ કામ કરતો રાહુલ નરેશભાઈ કછેટીયા નામનો શખ્સ પિત્તળનો માલ સામાન કટકે કટકે ચોરી કરી લઈ ગયાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી દેવેન્દ્રભાઈના કારખાનામાં આરોપી રાહુલ કછેટીયા છેલ્લા ચાર વર્ષથી નોકરી કરતો હતો, અને તેના ઉપર માલીક દ્વારા પૂરો ભરોસો રાખવામાં આવ્યો હતો. પરંતુ ગત તા.1.8.2024 થી તેની નજર બગડી હતી અને પોતાના જ કારખાનામાંથી કટકે કટકે પિત્તળના માલ સામાનની ચોરી કરવાનું શરૂ કરી દીધું હતું, જેણે ગઈકાલ સુધી નવ મહિનાના સમયગાળા દરમિયાન અંદાજે 2,130 કિલો વજનનો માલ સામાન ચોરી કરી લીધો હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

# ગોંડલમાં હનીટ્રેપ કેસમાં કાર્યવાહી, પદ્મિનીબાવાળા સહિત પાંચની ધરપકડ

**રાજકોટ**

ક્ષત્રિય આંદોલનથી જાણીતા બનેલા અને વિવાદમાં રહેતાં ક્ષત્રિય સમાજનાં મહિલા નેતા ગોંડલમાં પદ્મિનીબા વાળા, તેમના પુત્ર અને અન્ય ત્રણ સહિત કુલ પાંચ લોકો સામે હનીટ્રેપમાં ફસાવવાની પોલીસ ફરિયાદ દાખલ થઈ હતી. ગોંડલના જેતપુર રોડ પર રહેતા રમેશ અમરેલિયા નામની વ્યક્તિએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ મામલે ગોંડલ પોલીસે પદ્મિનીબા વાળા સહિત ચારની ધરપકડ કરી છે. આરોપીઓમાં પદ્મિનીબા, સત્યજિતસિંહ, શ્યામ રાયચુરા અને હિરેન દેવડિયા સામેલ છે. જ્યારે મુખ્ય આરોપી તેજલબેન છૈયા હજુ પોલીસ પકડથી દૂર છે.

# કચ્છ જમીન કૌભાંડ : કલેક્ટર પ્રદીપ શર્મા સહિત ત્રણને સજા

**ભુજ**

કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપકુમાર નિરંકરનાથ શર્માને જાન્યુઆરી ૨૦૦૧ના વિનાશક ભૂકંપ સમયના કચ્છના કાર્યકાળ દરમિયાન કેટલીક ખાનગી કંપનીઓને આર્થિક ફાયદો પહોંચાડવા અને ખોટી રીતે જમીન ફાળવણી કરીને સરકારી તિજારીને લાખોનું નુકસાન પહોંચાડવાના અલગ અલગ કેસમાં અમદાવાદની વિશેષ ઈડી કોર્ટ દ્વારા ત્રણ અલગ અલગ કેસમાં પાંચ વર્ષની સજા ફટકારાયા બાદ હવે ભુજની કોર્ટે સમાઘોઘા ખાતે આવેલી જિંદાલ સો પાઈપ્સ લિમિટેડ કંપનીને અયોગ્ય રીતે જમીન ફાળવણી કરવાના મામલે શર્મા તથા સહ આરોપીઓને ૫ વર્ષની સખત કેદ તથા રૂપિયા ૧૦૦૦૦ નો દંડ ફટકાર્યો છે.

આ ચુકાદો ભુજ કોર્ટના ચોથા અધિક ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટે સંભળાવ્યો હતો. પ્રદીપ શર્માની સાથે સાથે આ મામલે નટુભાઈ દેસાઈ (તત્કાલીન નગરનિયોજક, ભુજ), નરેન્દ્ર પોપટલાલ (નાયબ મામલતદાર, કચ્છ) અને અજિત સિંહ ઝાલા (તત્કાલીન નિવાસી નાયબ કલેક્ટર, ભુજ)ને પણ દોષિત ઠેરવતા સજા ફટકારવામાં આવી હતી.

# અમરેલીમાં રહેણાક વિસ્તાર પર ધડાકાભેર તાલીમી વિમાન ક્રેશ, પાયલટનું કરૂણ મોત

## અમદાવાદના ટ્રેઈની પાયલટે ટચૂકડું પ્લેન ઉડાડતા જ ઝાડ સાથે અથડાયું

**અમરેલી**

અમરેલીમાં આવેલા એરપોર્ટ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વિઝન ફ્લાઈંગ ટ્રેનીંગ ઈન્સ્ટિટયુટ દ્વારા સિંગલ એન્જિન પ્લેન વડે નવોદિત પાયલટને તાલીમ આપવામાં આવી રહી છે. આ દરમિયાન ટ્રેનિંગ સેશન ચાલુ હતું. જેમાં મૂળ મહારાષ્ટ્ર અને હાલ અમદાવાદના અદાણી શાંતીગ્રામમાં રહેતા અનિકેત મહાજન નામનો ટ્રેઈની પાયલોટ સિંગલ શીટર પ્લેન સાથે તાલીમ લઈ રહ્યા હતા. તેમણે અડધા-અડધા કલાકના અંતરે ચારથી પાંચ વખત ટેક ઓફ કરીને પ્લેન લેન્ડિંગ સફળતાથી કર્યું હતું. પરંતુ બાદમાં બપોરે ૧૨:૩૦ વાગ્યાના અરસામાં ફરી એકવાર ટેકઓફ કરતાની સાથે થોડી ઉંચાઈએ જ પ્લેન એક ઝાડ સાથે અથડાયા બાદ બેકાબુ બનીને ગિરિયા રોડ પર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારના શાસ્ત્રીનગરમાં તૂટી પડયું હતું.

પ્લેન ક્રેશ થઈને પડયા બાદ તેમાં એક બાદ એક બે પ્રચંડ બ્લાસ્ટ સાથે આગ ભભૂકી ઉઠી હતી. પરિણામે ટ્રેઈની પાયલટ અનિકેત મહાજનનું કોકપીટમાં જ ગંભીર ઈજા થવાથી કરૂણ મોત નીપજ્યું હતું. જ્યાં પ્લેન તૂટી પડયું ત્યાં ઉભેલી એક વાછરડી પણ ગંભીર રીતે ઘાયલ થતાં મોતને ભેંટી હતી.

# કાલંભડી ગામે યુવાનને મોતને ઘાટ ઉતારી દેવાના કેસમાં 3 શખ્સોને સાત વર્ષની જેલ

## પ્રેમ પ્રકરણમાં યુવકને કાલંભડી વાડીએ બોલાવી ઢોર માર માર્યો હતો

**ગોંડલ**

કાલંભડી ગામે યુવતી તરીકે ફોન કરી વાડીએ બોલાવી બેફામ માર મારતા યુવક જય કિશોરભાઈ વેગડવાનું મૃત્યુ નીપજ્યું હતું. જેમાં હત્યાની ફરિયાદ નોંધાયા બાદ ગોંડલ કોર્ટમાં કેસ ચાલી જતા સાપરાધ મનુષ્ય વધનો ગુનો માની કોર્ટે ત્રણ આરોપી વિશાલ વરાણ, નરવીન વરાણ અને ગજેન્દ્ર ઉર્ફે જીણો વરાણને ૭ વર્ષની સજા ફટકારી છે.મૃતક જયને આરોપીઓના કુટુંબની એક યુવતી સાથે પ્રેમ સંબંધ હતો.એમાંથી મારામારી થઈ હતી

તા.૦૩/૦૭/૨૦૧૯ના રોજ ફરીયાદી દીલીપભાઈ કાળુભાઈ વેગડવા તથા તેના કાકાનો દિકરો જય રાત્રે વાડીએ સરખડી મુકામે હાજર હતા.આ સમયે આરોપીઓએ ગુજરનાર જયને યુવતી તરીકે ઓળખ આપી ફોન કર્યો. અને તેને મળવા માટે કાલંભડી ગામની બાજુમાં આવેલ વાડીએ બોલાવેલો હતો. જેથી ફરીયાદી તથા જય બંને જણા મોટરસાઈકલમાં બેસી ત્યાં ગયા હતા. જ્યાં આરોપીઆ વિશાલ રમેશ વરાણ,નરવીન સોમા વરાણ તથા ગજેન્દ્ર ઉર્ફે જીણો ઘુસાભાઈ વરાણ હાજર હતા. ત્રણેયના હાથમાં કેબલ, લાકડી તથા દોરડા હતા. આ આરોપીઓએ ફરીયાદી દીલીપભાઈ તથા ગુજરનાર જયને લાકડી, પ્લાસ્ટીકની દોરીથી આડેધડ માર મારી માર્યો હતો.



## બ્રાહ્મણો વિશે અભદ્ર ટિપ્પણી બાદ અનુરાગે માફી માંગી

બોલિવૂડના જાણીતા દિગ્દર્શક અનુરાગ કશ્યપ ઘણીવાર તેમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે ચર્ચામાં રહે છે. તાજેતરમાં જ તેઓ બ્રાહ્મણોને અપમાન કરતાં જે પણ કંઈ બોલ્યા તેનાથી લોકોએ નારાજગી દર્શાવી છે. હવે અનુરાગ કશ્યપે સોશિયલ મીડિયા પર માફી માંગી છે. આ પોસ્ટમાં અનુરાગે લખ્યું છે કે, ‘ગુસ્સામાં કોઈને જવાબ આપતી વખતે હું મારી મર્યાદા ભૂલી ગયો અને સમગ્ર બ્રાહ્મણ સમુદાય વિશે ખરાબ બોલ્યો.’ એક એવો સમાજ જેના ઘણા લોકોએ મારા જીવનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તે લોકો હજુ પણ ત્યાં છે અને ઘણું યોગદાન આપી રહ્યા છે.

સ્વદેશ




## સુપરસ્ટાર મહેશ બાબુને મની લોન્ડરિંગ કેસમાં EDનું તેડું



દક્ષિણ ભારતની ફિલ્મોના સુપરસ્ટાર મહેશ બાબુને EDએ સમન પાઠવી 27મી એપ્રિલે પૂછપરછ માટે બોલાવ્યો છે. હૈદરાબાદ સ્થિત રિયલ એસ્ટેટ કંપનીઓ સૂર્યા ડેવલપર્સ અને સુરાના ગ્રુપના મની લોન્ડરિંગ કેસમાં મહેશ બાબુની પૂછપરછ કરવામાં આવશે. પ્રાથમિક જાણકારી અનુસાર મહેશ બાબુ આ કંપનીઓ દ્વારા ચલાવવામાં આવી રહેલા પ્રોજેક્ટ્સનો બ્રાન્ડ એમ્બેસેડર છે અને કંપની માટે વિજ્ઞાપનમાં કામ પણ કર્યું હતું. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર આ કંપનીઓએ મહેશ બાબુને બેન્ક ખાતા સિવાય રોકડા રૂપિયા પણ આપ્યા હતા. આરોપ છે કે કંપનીઓએ મહેશ બાબુને અઢી કરોડ રૂપિયા રોકડા આપ્યા હતા. એવામાં EDના અધિકારીઓને આશંકા છે કે રિયલ એસ્ટેટ કંપનીએ કરેલી છેતરપિંડી અને આ રોકડ રકમનું કનેક્શન હોઈ શકે છે.

સૂત્રો અનુસાર થોડા દિવસ પહેલા જ આ કેસમાં EDએ બંને રિયલ એસ્ટેટ કંપનીઓના ઠેકાણા પર દરોડા પાડયા હતા. જુબલી હિલ્સ, બોવેનપલ્લી, સિકંદરાબદમાં પણ દરોડા પડ્યા હતા. સાઈ સૂર્યા ડેવલપર્સનો માલિક સતીશ ચંદ્ર ગુપ્તા પર ગ્રીન મિડોઝ નામના પ્રોજેક્ટમાં ચૂક થવાનો આરોપ છે જેમાં મહેશ બાબુ બ્રાન્ડ એમ્બેસેડર હતો.

## જ્હાન્વી હવે સાઉથની વેબ સીરિઝમાં પણ કામ કરશે



મુંબઇ : જાહ્નવી કપૂર હિંદી ફિલ્મોમાં ખાસ સફળતા નહિ મળ્યા બાદ સાઉથની ફિલ્મો તરફ વળી ગઈ છે. જોકે, સાઉથની ફિલ્મોમાં પણ તેનો ખાસ ગજ વાગ્યો નથી અને હવે તેણે સાઉથની એક વેબ સીરિઝ સ્વીકારી છે.

જાહ્નવી સાઉથના દિગ્દર્શક પા રંજીતની વેબ સીરીઝમાં કામ કરવાની છે જેનું શૂટિંગ મે મહિનાથી શરૂ કરવામાં આવશે. આ એક સોશિયલ ડ્રામા પર આધારિત વેબ સીરીઝ હશે. જાહ્નવી આ સીરીઝથી તમિલ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરશે.

પા રંજીત આ વેબ સીરીઝમાં મહિલાઓ સાથે જોડાયેલા મુદ્દાઓ અને તેમની સ્થિતિને પડદા પર દર્શાવાના છે. જાહ્નવી પાસે હાલ હિંદીમાં ‘પરમ સુંદરી’ તથા ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ એમ બે જ ફિલ્મો હાથ પર છે. જાહ્નવી કપૂર ફિલ્મ ‘દેવરા’થી તેલુગુ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કર્યું છે. દેવરા પછી જાહ્નવીએ રામ ચરણની ‘પેડ્ડી’ પણ સાઈન કરી છે.

## માધુરી અને તૃપ્તિ ડિમરી ઓટીટી પર કોમેડી ફિલ્મમાં સાથે દેખાશે






મુંબઇ : માધુરી દીક્ષિત અને તૃપ્તિ ડિમરી ફરી એક વખત સાથે કામ કરતા જોવા મળશે. અગાઉ ‘ભૂલ ભૂલૈયા ૩’માં બન્નેએ સાથે કામ કર્યું હતું, અને હવે તેઓ ઓટીટી પરથી રિલીઝ થનારી એક કોમેડી-એક્શન ડ્રામા ‘મા-બહેન’માં જોવા મળશે. આ ફિલ્મમાં તેઓ મા-દીકરીની ભૂમિકા ભજવતા જોવા મળશે. આ એક હલકી-ફુલકી કોમેડી હશે. જેમાં મા-દીકરી વચ્ચેની નોક-ઝોંક, પ્રેમ, તકરાર અને સમજદારીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ફિલ્મનું શૂટિંગ મે મહિનાથી શરૂ કરવામાં આવશે. રવિ કિશન પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં હશે.તેમજ ધારણા દુર્ગા આ ફિલ્મથી ડેબ્યુ કરશે. આ ફિલ્મનું દિગ્દર્શન સુરેશ ત્રિવેણીનું છે.

## પહલગામ હુમલાથી બોલિવૂડ સિલેબ્સ આઘાતમાં, કરીના-રશ્મિકા સહિત ઘણાએ પીડિતો માટે પ્રાર્થના કરી

22 એપ્રિલ 2025ના રોજ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા ખતરનાક આતંકી હુમલાએ પુરા દેશને ધ્રુજવી નાખ્યો છે. આ ખતરનાક હુમલામાં 28 લોકોએ તેમના જીવ ગુમાવ્યા છે, તેમજ12 લોકો ઈજાગ્રસ્ત થયા બોલિવૂડ સિલેબ્સએ દુઃખ અને ગુસ્સો વ્યક્ત કર્યો હતો. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને હુમલાની નિંદા કરીને કડક કાર્યવાહીની માંગ કરી હતી. અક્ષય કુમારે પહલગામ હુમલા પર દુઃખ વ્યક્ત કરતા X પર પોસ્ટ કર્યું હતું કે, ‘પહલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલાના સમાચાર સાંભળીને હું ચોંકી ગયો. આ રીતે નિર્દોષ લોકોની હત્યા કરવી એ ઘોર બર્બરતા છે. હું પીડિત પરિવારો માટે પ્રાર્થના કરું છું.’ પોતાનો ગુસ્સો વ્યક્ત કરતી વખતે સંજયે લખ્યું - ‘તેમણે આપણા લોકોને નિર્દયતાથી મારી નાખ્યા. આ માફ ન કરી શકાય. આ આતંકવાદીઓને જાણવાની જરૂર છે કે આપણે ચૂપ નહીં રહીએ. આપણે આનો યોગ્ય જવાબ આપવો પડશે.











સાઉથના સુપર સ્ટાર અલ્લુ અર્જુને પણ પહલગામ હુમલાને લઈને પોતાનું દુઃખ વ્યક્ત કરતા લખ્યું- ‘પહલગામ હુમલાથી મારું દિલ ટૂટી ગયું છે. આટલી સરસ જગ્યા ત્યાંના આટલા સારા લોકો. તેમના પરિવારો માટે હું પ્રાર્થના કરું છું. પીડિતોના નજીકના અને પ્રિયજનો, બધા પરિવારો પ્રત્યે સંવેદના. તેમના નિર્દોષ આત્માઓને શાંતિ મળે. ખરેખર હૃદયદ્રાવક.’

કરીના કપૂર ખાને સોશિયલ મીડિયા પર પોતાનું દુઃખ વ્યક્ત કરતા લખ્યું- ‘પીડિતો અને તેમના પરિવારો માટે મને ખૂબ જ દુઃખ છે. ગુમાવેલા જીવ માટે પ્રાર્થના.’ એક્ટ્રેસ રશ્મિકા મંદાનાએ પણ તેના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર આ હુમલાના સમાચારનો સ્ક્રીનશોટ શેર કર્યો અને લખ્યું, ‘આ મારું દિલ તોડી નાખે છે’.

એક્ટર રામ ચરણે X પર પોસ્ટ કર્યું કે, ‘પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી હું આઘાતમાં છું અને દુઃખી છું. આવી ઘટનાઓનું આપણા સમાજમાં કોઈ સ્થાન નથી અને તેની સખત નિંદા થવી જોઈએ. મારી પ્રાર્થનાઓ અસરગ્રસ્તોના પરિવારો સાથે છે.’ અજય દેવગણે પણ આ ઘટના પર દુઃખ વ્યક્ત કરતા લખ્યું - ‘પહલગામમાં થયેલા આતંકી હુમલાના સમાચાર સાંભળીને હું બહુ દુઃખી છું. જે લોકો આ હુમલાનો ભોગ બન્યા છે તેઓ અને તેમનો પરિવાર બધા નિર્દોષ હતા. જે કઈ પણ થયું છે, તે પૂરી રીતે દિલ તોડી નાખે એવું છે. મારી સંવેદના અને પ્રાર્થના તેમની સાથે છે.’ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા કાયરતાપૂર્ણ હુમલા પર સલમાન ખાને કહ્યું કે, ‘ધરતી પરનું સ્વર્ગ, કાશ્મીર નર્કમાં ફેરવાઈ રહ્યું છે. નિર્દોષ લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે, મારી સંવેદના તેમના પરિવારો સાથે છે. એક પણ નિર્દોષને મારવો એ કાયનાતને મારવા સમાન છે.’ આ દરમિયાન શાહરુખ ખાને સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી લખ્યું કે, ‘પહલગામમાં થયેલા અમાનવીય હિંસાના કૃત્ય પ્રત્યે દુઃખ અને ગુસ્સાને શબ્દોમાં વ્યક્ત કરવું મુશ્કેલ છે, આવા કપરા સમયમાં પીડિત પરિવારો માટે પ્રાર્થના અને સંવેદના વ્યક્ત કરું છું. એક રાષ્ટ્ર તરીકે આપણે એક થઈને મજબૂત બનીએ અને આ ઘૃણાસ્પદ કૃત્ય સામે ન્યાય મેળવીએ.’







Rameshbhai Vyas
Director & Publisher
SWADESH

સ્વદેશ
Leading Gujarati Newspaper

સ્વદેશમાં જાહેર ખબર પ્રસિદ્ધ કરાવવા માટે સંપર્ક કરો

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(માર્કેટીંગ ડાયરેક્ટર)
+1 437-421-2992
Email :- info@swadesh.news



Paresh Peshva
Marketing Director
SWADESH


## ટેકનોલોજીમાં પણ હવે ચીન દુનિયામાં સુપર પાવર બની ગયું

# ચીનનું 10G નેટવર્ક : નવી સિદ્ધીથી આખું વિશ્વ દંગ




**ઓફબીટ**
**ધવલ શુક્લ**

ઈન્ટરનેટની દુનિયામાં ચીને 10G ઈન્ટરનેટ નેટવર્ક લોંચ કરતા આખી દુનિયા આશ્ચર્યમાં મુકાઈ ગઈ છે. અત્યારે દુનિયામાં સૌથી ફાસ્ટેસ્ટ સ્પીડ ધરાવતાં ઈન્ટરનેટ નાના નાના દેશોમાં છે. સૌથી વધારે ફાસ્ટેસ્ટ ઈન્ટરનેટ આઈસલેન્ડમાં ૨૮૦ એમબીપીએસ છે. આ સિવાય જર્સી, મકાઉ, લિશ્ટેસ્ટેઈન, ડેન્માર્ક સહિતના દેશોમાં પણ ૨૦૦ એમબીપીએસ કરતાં વધારેની ડાઉનલોડ સ્પીડ છે જ્યારે અમેરિકા, જાપાન સહિતના દેશોમાં ૧૫૦થી ૨૦૦ એમબીપીએસ વચ્ચે સ્પીડ છે. ત્યારે ચીને કરેલી શોધના કારણે દુનિયામાં એવી જબરદસ્ત ક્રાંતિ થશે કે જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. આ શોધને કારણે ઈન્ટરનેટની સ્પીડ અપગ્રેડ થવા સાથે ટેકનોલોજીની નવી જનરેશનની પણ શરૂઆત થશે. અત્યારે જ ઈન્ટરનેટની મદદથી એક સાથે લાખો ડિવાઈસ ડેટાનો ઉપયોગ કરી શકાય છે અને ડીવાઈસ એકબીજા સાથે ડેટાની આદાનપ્રદાન કરી શકે છે. પરંતુ ચીનની 10જી સ્પીડથી સ્માર્ટ સિટીઝ બનશે અને ઓટોમેટેડ ઈન્ડસ્ટ્રીઝ ઉભી થશે. અમેરિકા ઘણાં સમયથી તે દિશામાં પ્રયત્નશીલ હતુ ત્યાં ચીને શોધની જાહેરાત કરીને અમેરિકાને પણ પાછળ છોડી દીધું છે. ચીને બેઈજિંગ નજીક હેબેઈ પ્રાંતના શિયોન્ગન દુનિયાનું પહેલું 10G બ્રોડબેન્ડ નેટવર્ક લોન્ચ કર્યું છે. સામાન્ય રીતે ફાઈવજી કે 6 જી વગેરે શબ્દોનો અર્થ ફિફ્થ જનરેશન કે સિક્સ્થ જનરેશન એવો થાય છે. ત્યારે ચીને 10G નેટવર્ક લોંચ કર્યું, તેનો અર્થ ચીને ટેન્થ જનરેશન ઈન્ટરનેટ લોંચ કરીને ઈન્ટરનેટની દુનિયામાં મોટી સિદ્ધિ હાંસલ કરી એમ માની શકાય છે. જો કે, અહીં 10Gનો મતલબ ટેન્થ જનરેશન નહીં પણ ટેન ગિગાબાઈટ થાય છે. અમેરિકા સહિતના દેશોમાં પણ મહત્તમ ડાઉનલોડ સ્પીડ ૨૫૦ એમબીપીએસથી વધારે નથી. ત્યાં ચીન તેના કરતાં ૪૦ ગણી વધારે સ્પીડ એટલે કે ૧૦ ગીગાબાઈટ ઉપર ઈન્ટરનેટ ચલાવવાની સિસ્ટમ વિકસાવી નાંખી છે. ભારત જેવા દેશોનો આ સ્પર્ધામાં હાલ કોઈ નંબર જ નથી. કારણ કે, ભારતમાં ૧૦૦ એમબીપીએસની સ્પીડથી જ ઈન્ટનેટનો ઉપયોગ થઈ રહ્યો છે.

ચીનની બે કંપનીઓ હ્યુવેઈ અને ચાઈના યુનિકોમે બેઈજિંગ નજીક હેબેઈ પ્રાંતના શિયોન્ગનમાં દુનિયાનું પહેલું 10G બ્રોડબેન્ડ નેટવર્ક લોન્ચ કર્યું છે. આ કંપનીએ દાવો કર્યો છે કે, 10G બ્રોડબેન્ડ નેટવર્કમાં ૯,૮૩૪ એમબીપીએસ સુધીની ડાઉનલોડ સ્પીડ અને ૧,૦૦૮ એમબીપીએસ સુધીની અપલોડ સ્પીડ છે. અત્યારે ૧ જીબીપીએસ નેટવર્ક હોય તો ૯૦ GB ફાઈલ ડાઉનલોડ કરવામાં લગભગ ૧૨ મિનિટ લાગે છે. પણ ચીનનું નવું 10G અથવા ૧૦ Gbps નેટવર્ક આ જ ફાઈલ લગભગ ૭૨ સેકન્ડમાં ડાઉનલોડ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઈન્ટરનેટ સ્પીડનો ઉપયોગ લોકો વાસ્તવિક રીતે કરી શકશે. બાકી લેબોરેટરીમાં થયેલા પ્રયોગોમાં તો ૪૦૦ ટીબી પ્રતિ સેકન્ડ સુધીની ઈન્ટરનેટ સ્પીડ મેળવી શકાઈ છે. આટલી સ્પીડ મેળવી શકાય તેના કારણે ભવિષ્યમાં ઈન્ટરનેટ સ્પીડમાં કઈ રીતે વધારો કરી શકાશે, તેનો થોડોક અંદાજ મળે છે. જો કે, લેબોરેટરીમાં સ્પીડ મેળવવી અને વાસ્તવિક રીતે સ્પીડ મેળવવી બંનેમાં મોટો ફરક છે. લેબોરેટરીમાં નેટવર્કને લગતી સમસ્યા હોતી નથી. ઉપરાંત હાર્ડવેરને લગતા પ્રોબ્લેબ્મસ પણ નથી હોતા. એક સાથે વધારે યુઝર્સ આવી જાય તો નેટવર્ક ક્રેશ થવાનો ખતરો પણ લેબમાં ટેસ્ટિંગ દરમિયાન રહેતો નથી. જ્યારે વાસ્તવિક રીતે આ સિસ્ટમને ઉપભોગતા સુધી લઈ જવાય ત્યારે નેટવર્કમાં તમામ સમસ્યા સંભવ હોય છે. જો કે, આમ છતાં ચીને 10G નેટવર્કને વાસ્તવિકતામાં ફેરવી નાંખ્યું છે, એ મોટી વાત છે. હવે મોબાઈલ ફોન પર આ સિસ્ટમનો ઉપયોગ કરી શકાશે કે કેમ તેવા સવાલો ઉઠ્યા છે. મહત્વની વાત એ છે કે, હ્યુવેઈ અને ચાઈના યુનિકોમનું ૧૦જી ઈન્ટરનેટ બ્રોડબેન્ડ અને વાયર્ડ છે. બ્રોડબેન્ડ નેટવર્ક વાયર્ડ અને વાયરલેસ બંને હોઈ શકે છે. વાયર્ડ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ અથવા ફાઈબર ઓપ્ટિક જેવા કેબલનો ઉપયોગ કરે છે. જ્યારે વાયરલેસ બ્રોડબેન્ડ વાઈ-ફાઈ અથવા મોબાઈલ ડેટા જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. અલબત્ત, આ પ્રકારના નેટવર્કમાં પણ મોબાઈલ ફોન પર ઈન્ટરનેટ તો વાપરી જ શકાય છે. તેથી ચીને વિકસાવેલી આ નવી સુવિધાનો લાભ કરોડો મોબાઈલ ફોન ધારકોને મળશે તે નિશ્ચિત છે. શિયોન્ગનમાં તો આખા શહેરમાં ઓપન વાઈ-ફાઈ હોવાથી કોઈ પણ મોબાઈલ ફોન ઉપર 10Gની સ્પીડે ઈન્ટરનેટ ચાલશે. આ સિવાય આ ટેકનોલોજીના કારણે ક્લાઉડ કમ્પ્યુટિંગ, વર્ચ્યુઅલ રિયાલિટી અને સ્માર્ટ હોમ ડિવાઈસ સહિત વિવિધ એપ્લિકેશનો માટે ઝડપી ડાઉનલોડ્સ, હાઈ-રિઝોલ્યુશન વિડિઓઝનું સરળ સ્ટ્રીમિંગ અને ઝડપી ડેટા ટ્રાન્સમિશન શક્ય બનશે. તેથી બિઝનેસથી માંડીને ઘરનાં કામ સુધીનું બધું સરળ થઈ જશે. ચીનની આ શોધ એ વાતનો પુરાવો છે કે, ચીન દુનિયામાં ટેકનોલોજીનું સુપર પાવર બની ગયું છે અને અમેરિકા સહિતના દેશો ચીનને પછાડી શકે એ સ્થિતી હવે નથી રહી. ચીને કરેલી શોધના કારણે દુનિયામાં એવી જબરદસ્ત ક્રાંતિ થશે કે, જેની કોઈએ કલ્પના પણ નહીં કરી હોય. તેના કારણે ઈન્ટરનેટની સ્પીડ તો અપગ્રેડ થશે જ, પણ ટેકનોલોજીની નવી જનરેશનની પણ શરૂઆત થશે. અત્યારે જ ઈન્ટરનેટની મદદથી એક સાથે લાખો ડિવાઈસ ડેટાનો ઉપયોગ કરી શકાય છે અને ડીવાઈસ એકબીજા સાથે ડેટાની આદાનપ્રદાન પણ કરી શકે છે. પણ આ સ્પીડ વધશે એટલે સ્માર્ટ સિટીઝ બનશે અને ઓટોમેટેડ ઈન્ડસ્ટ્રીઝ ઉભી થશે. આ ટેકનોલોજીના કારણે ફ્રિજથી લઈને સિક્યુરિટી સિસ્ટમ સુધી દરેક ડિવાઈસ સાથે ફોનને કનેક્ટ કરી શકાશે. ડ્રાઈવરલેસ કારનું સ્વપ્ન પણ સાકાર થશે અને આખી ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમ ઓફિસમાં બેઠાં બેઠાં સંચાલિત કરી શકાશે. નેટવર્ક રિસપોન્સમાં સ્પીડ વધશે. ઓછા પાવર સાથે બેટરી લાંબા સમય સુધી ચાલશે. સ્પીડ નેટવર્ક પર વધુને વધુ ડેટા ટ્રાંસફર કરી શકાશે. ચીન તમામ પ્રકારની ટેકનોલોજીમાં અગ્રેસર થઈ ગયું છે. આવા સંજોગોમાં ચીન ક્લાઉડ ગેમિંગ, રિમોટ સર્જરી, સ્ટ્રીમિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત સ્માર્ટ હોમ બિઝનેસ સહિતના ભવિષ્યના અબજોના બિઝનેસ ઉપર કબજો કરી લે તો નવાઈ નહીં હશે. ચીનના 10G નેટવર્કની શોધે સાબિત કર્યું છે કે, ભારત તો ચીન સાથે ક્યાંય સ્પર્ધામાં જ નથી. ભારતે ૨૦૩૦ સુધીમાં ૬જી લાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. બીજી તરફ જાપાને લેબોરેટરીમાં ૪૦૨ ટીબીપીએસની સ્પીડ ધરાવતું નેટવર્ક વિકસાવ્યું છે. દુનિયાભરમાં સંશોધકો અત્યારે સૌથી ઝડપી ઈન્ટરનેટ નેટવર્ક વિકસાવવા મથે છે. આ દોડમાં અત્યારે જાપાન સૌથી આગળ છે. જાપાનના નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન્સ ટેકનોલોજીના સંશોધકોએ વિશ્વમાં સૌથી ઝડપી ઈન્ટરનેટ સ્પીડ હાંસલ કરી છે. આ ઈન્ટરનેટની સ્પીડ ૪૦૨ ટેરાબાઈટ પ્રતિ સેકન્ડ હતી.

જાપાનના સંશોધકોએ આ રેકોર્ડબ્રેકિંગ સ્પીડ માર્ચ ૨૦૨૪માં હાંસલ કરી હતી. મહત્વની વાત એ છે કે,આ સ્પીડ હાલમાં દુનિયાના વિકસિત દેશોમાં વપરાતા અને કોનમર્શિયલી ઉપલબ્ધ પ્રમાણભૂત ઓપ્ટિકલ ફાઈબરનો ઉપયોગ કરીને પ્રાપ્ત કરવામાં આવી હતી. તેનો મતલબ એ થયો કે, ભવિષ્યમાં ઈન્ટરનેટની વધારે સ્પીડ મેળવવી હશે તો કોઈ ખાસ ઓપ્ટિક ફાઈબરની જરૂર નહીં પડે. જાપાનના સંશોધકોએ મેળવેલી આ સ્પીડ હાલમાં લેબોરેટરી સેટિંગ્સ પૂરતી મર્યાદિત છે. પણ તેને કારણે ડેટા ટ્રાન્સમિશનમાં ક્રાંતિ આવી જ જશે.

**આ ટેકનોલોજીને કારણે ક્લાઉડ કમ્પ્યુટિંગ, વર્ચ્યુઅલ રિયાલિટી અને સ્માર્ટ હોમ ડિવાઇસ સહિત વિવિધ એપ્લિકેશનો માટે ઝડપી ડાઉનલોડ્સ, હાઇ-રિઝોલ્યુશન વિડિઓઝનું સરળ સ્ટ્રીમિંગ અને ઝડપી ડેટા ટ્રાન્સમિશન શક્ય બનશે**





# બ્રામ્પ્ટન ગુજરાતી સિનિયર્સ ક્લબનો કાર્યક્રમ, ભજનો-ફિલ્મી ગીતો ગૂંજ્યા

## સભ્યોના જન્મ દિવસ અને લગ્નસંવત્સરીની ઉજવણી કરાઈ, પ્રદ્યુમ્ન ભટ્ટે ગાંધર્વ વિવાહની વાતો કરી રજૂ

**બ્રામ્પ્ટન**

ગુજરાતી સિનિયર ક્લબ બ્રામ્પ્ટનનો માસિક કાર્યક્રમ ૧૩ એપ્રિલે યોજાયો હતો. શરૂઆતમાં સમૂહ પ્રાર્થના અને ભજન થયા બાદ દિલીપભાઈ પટેલે સૌને આવકારી પ્રોગ્રામની માહિતી આપી હતી. હસમુખભાઈ પટેલે સંસ્થાકીય માહિતી, જરૂરી સલાહ સૂચનો અને આજના ભોજન વિષે સૌને અવગત કર્યા હતા. કલાવતીબેન મિસ્ત્રીએ દેશ-વિદેશના સમાચારો વાંચી સંભળાવ્યા. ત્યારબાદ ઈશ્વરભાઈ પટેલે ભજન અને ફિલ્મી ગીતની પ્રસ્તુતિ કરી હતી. ડૉ. પ્રદ્યુમ્ન ભટ્ટે પ્રથમ જોક્સ સંભળાવી કલબના સભ્યોને હસાવ્યા બાદ ગાંધર્વ વિવાહ કરી લગ્ન માટે જાન લઈને પાછા ફરવાનું વચન ભૂલી ગયેલા આયોધ્યાના રાજા દશરથ અને લાંબા ગાળા સુધી એમની વાટ જોઈ દેહ ત્યજી ગયેલ ત્યાગ, તપસ્યા અને પ્રેમનું પ્રતીક એવી 'અડધી કુંવારી અને 'અડધી પરણિત' ગાંધર્વ કન્યાની રામાયણને લગતી વાર્તા રજૂ કરી હતી.





શ્રી રામના વનવાસ દરમિયાન આયોધ્યાના રાજ્ય કાર્યભારનું સંચાલન કરનાર ભરતે રાજગાદી પર મુકેલ ચરણ પાદુકા અંગેની સચોટ માહિતી પ્રદાન કરનાર ભટ્ટની પ્રવચનની શૈલી અને ભાવ એવા હતા કે જાણે પાત્રો જીવંત અવસ્થામાં પોતાનો રોલ આપણી સમક્ષ ભજવી ન રહ્યા હોય. તેઓની વાણીએ બધાને અર્ધો કલાક એક ચિત્તે સાંભળવા મજબુર કરી દીધા હતા. કૌમુદીબેન ભટ્ટે યોગા કરાવી સૌને તરોતાજા અને પ્રફુલ્લિત કરી અને નૃત્ય પ્રોગ્રામની મજા માણવા તૈયાર કરી દીધા હતા. ત્યારબાદ મયુરીબેન દેસાઈએ બે નૃત્ય અને રાજેશ્વરીબેન શુક્લએ પ્રસ્તુત કરેલ એક નૃત્યની સૌએ ભરપૂર મજા માણી હતી. અરવિન્દભાઈએ પાછલી જિંદગી કેવી રીતે સુખશાંતિથી જીવી શકાય એ માટેની વિસ્તૃત માહિતી આપી હતી.

ત્યારબાદ અરુણકુમાર દવેના સુમધુરસ્વરમાં ગવાયેલ "તું અગર સાથ દેને કા વાદા કરો" અને "યે મેરા પ્રેમપત્ર પઢકર કે તું નારાજ ના હોના" સાંભળીને સૌને પોતપોતાના પ્રેમપત્રોની ભૂતકાળની યાદ તાજી કરાવી હતી. ઈશ્વરભાઈ પટેલે પણ "એ દુનિયા એ મેહેફિલ મેરે કામ કી નહીં" અને "સચ હે દુનિયા વાલો કે હમ હે અનાડી" ગીતોની પ્રસ્તુતિ કરી સૌને ડોલતા કરી દીધા હતા. ભજન ગાયકો મોહનભાઈ અને લલિતાબેન લાડની બેલડીએ પણ જેસલ તોરલનું સુપ્રસિદ્ધ ભજન "તારી બેડલીને બૂડવા નહીં દઉં એમ જેસલ કહે છે રે"ની રમઝટ બોલાવી દીધી હતી. નવા સભ્યોના પરિચય બાદ સભ્યોના જન્મ દિવસ અને લગ્નસંવત્સરી નિમિતે સૌનું અભિવાદન કર્યું હતું.

ડોનેશન આપનારનો આભાર માની પૂરી, સુકીભાજી, કઠોળ, ગોટા, કઢી-પુલાવ અને ગાજરના હલવાના ભોજનની મજા માણી સૌ છુટ્ટા પડ્યા હતાં.

# ટેકો પાછો ખેંચાતા પ્રાઇડ ટોરોન્ટો ફંડમાં હવે 26 ટકાનો વધારો કરાશે

**ઓન્ટેરિયો**

યુ.એસ.માં વિવિધતા, સમાનતા અને સમાવેશ (DEI) કાર્યક્રમો સામેના વિરોધને કારણે ફેસ્ટિવલે ત્રણ કોર્પોરેટ સ્પોન્સર્સ ગુમાવ્યા બાદ ટોરોન્ટો શહેર આ વર્ષે પ્રાઈડ ટોરોન્ટો માટે ભંડોળમાં 26% વધારો કરશે. મેયર ઓલિવિયા ચાઉએ જણાવ્યું હતું કે, શહેર આ ઉનાળામાં પ્રાઈડ ટોરોન્ટો સહિત રેકોર્ડ 64 તહેવારોને સમર્થન આપવા માટે ભંડોળ પૂરું પાડશે. 2027 સુધીમાં શહેર પ્રાઈડ ટોરોન્ટો માટે ભંડોળમાં 62 ટકાનો વધારો કરશે. જેમ જેમ યુનાઈટેડ સ્ટેટ્સ વિવિધતા અને સમાવેશના મૂલ્યને ઓળખવાથી દૂર રહી રહ્યું છે, તેમ ટોરોન્ટોમાં આપણે જાણીએ છીએ કે વિવિધતા આપણી શક્તિ છે.

શહેરના એક સમાચાર પ્રકાશન અનુસાર, કુલ મળીને, શહેર 2025 માં ફેસ્ટિવલ આયોજકોને $2.5 મિલિયનથી વધુનું ભંડોળ આપશે. ગયા વર્ષની સરખામણીમાં તે 15 વધુ તહેવારોને ટેકો આપી રહ્યું છે અને ભંડોળમાં 33 ટકાનો વધારો પૂરો પાડી રહ્યું છે. કોવિડ-19 રોગચાળામાંથી બહાર નીકળતા વધતા ખર્ચ, ભંડોળનો અભાવ અને પ્રેક્ષકોની બદલાતી ટેવોને કારણે ટોરોન્ટોના ઘણા તહેવારો પાછા ખેંચાઈ રહ્યા છે.

# બાઈક લેન દૂર કરવાના કામને સ્થગિત કરવા આદેશ

## બાઇક લેન દૂર કરવાથી સાયકલસવારોના જીવ જોખમમાં મુકાવાની ભીતિ

**ટોરોન્ટો**

એક ન્યાયાધીશે ફોર્ડ સરકારને આદેશ આપ્યો છે કે જ્યાં સુધી તેઓ નક્કી ન કરે કે શું તેમને દૂર કરવાથી ટોરોન્ટોમાં સાયકલ સવારોના ચાર્ટર અધિકારોનું ઉલ્લંઘન થાય છે કે નહીં, ત્યાં સુધી બાઈક લેનને દૂર કરવાની કાર્યવાહી સ્થગિત રાખવી. મંગળવારે ન્યાયાધીશ પોલ શાબાસે બ્લૂર સ્ટ્રીટ, યોંગ સ્ટ્રીટ અને યુનિવર્સિટી એવન્યુ પર બાઈક લેનનું રક્ષણ કરવા માટે હિમાયતી જૂથ સાયકલ ટોરોન્ટો દ્વારા વિનંતી કરાયેલી અરજી અંગે સુનાવણી હાથ ધરી હતી. જેમાં અરજદારની માંગને આધીન ફોર્ડ સરકારની કાર્યવાહી સામે સ્ટે આપ્યો હતો. પડકાર લાવનારા સાયકલસવારોએ દલીલ કરી હતી કે, બાઈક લેન દૂર કરવાથી તેમના જીવન જોખમમાં મૂકાશે અને ટોરોન્ટોના રસ્તાઓ પર મૃત્યુમાં વધારો થશે. જૂથે દલીલ કરી હતી કે, બાઈક લેન દૂર કરવાનો નિર્ણય મનસ્વી રીતે લેવામાં આવ્યો હતો અને ભીડ ઘટાડવામાં મદદ કરશે નહીં. સરકારે કોર્ટ પ્રક્રિયા દરમિયાન કહ્યું હતું કે, બાઈક લેન દૂર કરવાથી બંધારણનું ઉલ્લંઘન થશે નહી. પરિવહન પ્રધાનના પ્રવક્તાએ કહ્યું કે, સરકાર કોર્ટના નિર્ણયનું પાલન કરશે. ડ્રાઈવિંગ લેન પુનઃસ્થાપિત કરીને લોકોને ટ્રાફિકથી દૂર કરવા માટે, અમે શક્ય તેટલી વહેલી તકે દૂર કરવાનું શરૂ કરવા માટે જરૂરી ડિઝાઈન કાર્ય ચાલુ રાખીશું, જો નિર્ણય કાયદાને સમર્થન આપે."

કાનૂની પડકાર એવો છે કે, શહેરો અને નગરોને નવી બાઈક લેન ઉમેરવા માટે ટ્રાફિક લેન દૂર કરતા પહેલા પ્રાંતીય મંજૂરી મેળવવાની જરૂર હતી. મંજૂરી મેળવવા માટે, તેઓએ બતાવવું પડ્યું કે આ ફેરફારથી ભીડ વધુ ખરાબ નહીં થાય.

# આતંકી હુમલાની વણિક સમાજ ઓફ ટોરન્ટો દ્વારા નિંદા કરાઈ, દોષીઓને સજાની માંગણી

## પહેલગામમાં હુમલો, એ માનવતા અને ધર્મ સ્વાતંત્ર્યના મૂલ્યો ઉપર પ્રહાર : વીએસટી

**ટોરોન્ટો**

વણીક સમાજ ઓફ ટોરન્ટોએ તાજેતરમાં કાશ્મીર હિન્દુઓ પર થયેલા આતંકવાદી હુમલાની કડક નિંદા કરી છે. વાઈસ પ્રેસિડન્ટ રાજેશ શાહ અને સેક્રેટરે ક્રિષ્ણા શાહ તથા ટ્રેજરર કૃષાંગ રેવરે એક નિવેદનમાં જણાવ્યું હતુ કે, પહેલગામમાં નિર્દોષ નાગરિકો પર થયેલો આતંકવાદી હુમલો માનવતા માટે પણ ખતરનાક છે. આ હુમલો માનવતા, સહઅસ્તિત્વ અને ધર્મ સ્વાતંત્ર્યના મૂલ્યો પર મોટો પ્રહાર છે. જે ઘાતક અને આઘાતજનક છે. આ હુમલાના પીડિતોના પરિવારજનો પ્રત્યે અમે unserer ઊંડા શોક અને સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ. સાથે જ ભારતીયો અને પીડિતો પ્રત્યે સંપૂર્ણ સહાનુભૂતિ વ્યક્ત કરીએ છીએ. આવા ઘાતકી કૃત્યો એ સમાજમાં સુમેળ અને સામાજિક એકતાને તોડવાના પ્રયાસ છે, જે કોઈપણ સુસંસ્કૃત સમાજનો આધારસ્તંભ હોય છે. Vanik Samaj of Toronto આંતરરાષ્ટ્રીય સમુદાયને આતંકવાદ સામે એકસાથે ઉભા રહેવા અને આ કાયરતાપૂર્ણ હુમલાના દોષીઓને સજા કરવા માંગ કરે છે. સાથે જ, અમે સરકારો, નાગરિક સંસ્થાઓ અને વિશ્વભરના શાંતિપ્રેમી નાગરિકોને વિનંતી કરીએ છીએ કે તેઓ હિંસા અને દ્વેષને દૂર કરવા તથા સમજદારી અને સ્થાયી શાંતિને પ્રોત્સાહન આપવા સાથે મળીને કાર્ય કરે.

# ટોરોન્ટો પોલીસ સાથે ગોળીબાર દરમિયાન તરુણનું કરૂણ મોત

## ઘટનાસ્થળેથી એક બંદૂક મળી, સીસીટીવી ફુટેજની સમીક્ષા કરાઈ

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં મંગળવારે જારી કરાયેલા એક સમાચાર પ્રકાશનમાં, સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન યુનિટ (SIU)એ જણાવ્યું હતું કે, ટોરોન્ટોના એક પોલીસ અધિકારીએ તે રાત્રે લગભગ ૧૧ વાગ્યે શેપર્ડ એવન્યુ ડબલ્યુ અને બાથર્સ્ટ સ્ટ્રીટ વિસ્તારમાં હાઈવે ટ્રાફિક કાયદાના ઉલ્લંઘનને કારણે ઈન્ફિનિટી કારને રોકી હતી. એસઆઈયુએ પ્રકાશનમાં જણાવ્યું હતું કે, ગોળીબાર દરમિયાન બે પોલીસ અધિકારીઓએ તેમના હથિયારો છોડ્યા હતા. પુરુષ ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો અને તેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો, જ્યાં મંગળવારે સવારે તેનું મૃત્યુ થયું હતું. મીડિયા સમક્ષ એસઆઈયુના પ્રવક્તા ક્રિસ્ટી ડેનેટે જણાવ્યું હતું કે, ઘટનાસ્થળેથી એક બંદૂક મળી આવી છે, અને અધિકારીઓએ ઘટના સ્થળે તેમણે પહેરેલા કેમેરા ફૂટેજની સમીક્ષા કરી છે. પ્રારંભિક તબક્કે વીડિયો અને પુરાવાના આધારે એવું લાગે છે કે, 16 વર્ષીય કિશોરે અધિકારીઓ ઉપર ગોળીબાર કર્યો હતો, અને પછી બે અધિકારીઓએ યુવાનને ગોળી મારી હતી.

# અમદાવાદમાં શિક્ષકનું જઘન્ય કૃત્ય : સગીરાને નિર્વસ્ત્ર કરી વીડિયો ઉતારતાં ભારે ચકચાર

## સગીરાને કબડ્ડીમાં ભાગ લેવા અને સ્પોર્ટ્સની ટિકિટના બહાને હોટલમાં લઇ જવાઇ

**અમદાવાદ,તા.૨૪**

અમદાવાદમાં શિક્ષકનું જઘન્ય કૃત્ય સામે આવ્યું છે. અંકુર સ્કૂલમાં શિક્ષક યશ વાઘેલા સામે સગીરાને ફોસલાવી, લગ્ન માટે દબાણ કરી હોટલમાં લઈ જઈ નિર્વસ્ત્ર કરી વીડિયો ઉતાર્યાની ઘટના સામે આવતા સગીરાની માતાએ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

અમદાવાદમાં શિક્ષક યશ વાઘેલાએ સગીરાને કબડ્ડીમાં ભાગ લેવા અને ફોર્મ ભરવા તેમજ સ્પોર્ટ્સની ટિકિટ લેવાના બહાને હોટલમાં લઈ ગયો હોવાનું સામે આવ્યું છે. યશ વાઘેલા સગીરાને બ્લેકમેલ કરી લગ્ન માટે દબાણ કરતો હતો. છેલ્લા એક મહિનાથી હેરાન કરતા સગીરાએ કંટાળીને માતાને પોતાની વ્યથા બતાવી હતી. માતાએ સરખેજ પોલીસમાં ફરિયાદ નોંધાવતા કહ્યું કે ગીતામંદિરની નજીકની હોટલમાં જબરજસ્તીથી નિર્વસ્ત્ર કપડાં ઉતારી વીડિયો બનાવી લગ્ન માટે દબાણ કરતો હતો. સરખેજ પોલીસે શિક્ષક યશ વાઘેલા વિરૂદ્ધ પોક્સો હેઠળ ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

થોડા સમય અગાઉ વડોદરાના હરણી વિસ્તારમાં આવેલી જય અંબે વિદ્યાલયના પીટી શિક્ષક પંથેશ પંચાલ પર એક વિદ્યાર્થિની સાથે શારીરિક અડપલાં કરવાનો ગંભીર આરોપ લાગ્યો હતો. વિદ્યાર્થિનીના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે શિક્ષકે વિદ્યાર્થિનીને અયોગ્ય રીતે સ્પર્શ કર્યો હતો. આ ઘટના બાદ વાલીઓએ શાળામાં ભારે હોબાળો મચાવ્યો હતો.

# કડીમાં બે યુવાનનું અપહરણ કરી હુમલો કરનાર ચાર સામે ફરિયાદ

**મહેસાણા**

કડીમાં નાણાંની લેતીદેતીમાં બે યુવાન મિત્રોને ઘરની બહાર બોલાવી ઢોર માર મારી બન્નેનું ૪ શખ્સો અપહરણ કરી ગયા હતા. કડીના કરણનગર રોડ પરની નારાયણનગર સોસાયટીમાં પરિવાર સાથે રહેતા ૨૭ વર્ષિય અશ્વિન અરવિંદભાઈ પટેલને ગત મંગળવારે મોડી સાંજે લાલુ કાંતિજી ઠાકોર નામના શખ્સનો ફોન આવ્યો હતો અને તેણે તમારા મિત્ર ધ્રુવરાજ રાજુભાઈ ઓડને લઈ સુખશાંતિ મેદાનમાં આવવાનું કહેતા બન્ને બાઈક ઉપર ત્યાં પહોંચ્યા હતા. જ્યાં લાલુ કાંતિજી ઠાકોર સહિત ચાર શખ્સો હાજર હતા.દરમિયાન લાલુ કાંતિજી ઠાકોરે નાણાં આપવા ધ્રુવરાજ અને ત્યારબાદ અશ્વિન પટેલ પાસે કડક ઉઘરાણી કરી હતી. બન્ને યુવકે નાણાંની સગવડ ન હોવાનું જણાવતાં હાજર ચારેય શખ્સોએ ઉશ્કેરાઈ જઈ તેમને ઢોર માર મારવાનું શરૂ કર્યું હતું. આ ઘટનાની જાણ અશ્વિન પટેલના પિતા અને ફોઈના દીકરાને થતાં તેઓ પોલીસને લઈ ત્યાં પહોંચ્યા હતા. ત્યારે ઉપરોક્ત ચારેય શખ્સોએ પોલીસને જોઈ બન્ને માર માર્યો હતો અને બળજબરી પૂર્વક ધ્રુવરાજ રાજુભાઈ ઓડનું એક્ટિવા ઉપર અપહરણ કરી લઈ ગયા હતા.

# લાંચ લેવાના કેસમાં રાજકોટના PI, હેડ કોન્સ્ટેબલ સામે વોરંટ ઈશ્યુ

**રાજકોટ**

રાજકોટમાં ટંકારામાં ફરજ બજાવતા પીઆઈ યુવરાજસિંહ ગોહિલ સામે ૪૧ લાખથી વધુની લાંચ લેવાના ગુનામાં વોરંટ ઈશ્યુ કરાયું છે. ગુજરાત હાઈકોર્ટે ફરિયાદ કરવાનો ઈન્કાર કર્યો છે.રાજકોટ જીલ્લાનાં મોરબી તાલુકાનાં ટંકારામાં પીઆઈ તરીકે ફરજ બજાવતા યુવરાજસિંહ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકીને હાજર થવા ફરમાન પાઠવ્યું છે. બંનેની હજુ ધરપકડ થઈ નથી, માહિતી મુજબ પીઆઈ યુવરાજસિંહ ગોહિલ સામે ૪૧ લાખથી વધુની લાંચ લેવા સહિતના ગુનાઓ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ રદ કરવા પીઆઈને હાઈકોર્ટ જવું પડયું હતું. પરંતુ હાઈકોર્ટે ફરિયાદને રદ કરી છે, અરજદારની અરજીનો વિરોધ કર્યો છે. અરજદારના એડવોકેટે એવી રજુઆતો કરી હતી કે તેમના અરજદારે સત્તા હેઠળ ઠેકાણાએ દરોડા પાડયા હતા અને મોટું જુગારધામ પકડી પાડયું હતું.

પીઆઈ યુવરાજસિંહ ગોહિલ અને હેડ કોન્સ્ટેબલ મહિપતસિંહ સોલંકીને વોરંટ જાહેર થયાને ૩૦ દિવસની અંદર લીંબડી કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન કરાયું છે.

# મોડાસામાં ગ્રાહકે આપેલી રૂ. ૨૦૦ની નોટ સ્વીકારતા વેપારી બેભાન અને દુકાનમાં ચોરી

## નોટમાં કોઈ પદાર્થ લગાડાયો હોવાની આશંકા, વેપારી 10 મિનિટ પછી ભાનમાં આવ્યો

**મોડાસા**

રાજ્યમાં ચોરી, લૂંટ સહિતની ઘટના સામે આવતી હોય છે, ત્યારે અરવલ્લીના મોડાસામાં ખમણના વેપારીને સાથે ચોરી થઈ હોવાની ઘટના સામે આવી છે. જેમાં ગ્રાહકે આપેલી રૂ.૨૦૦ની નોટ સ્વીકારતાની સાથે જ વેપારી બેભાન થઈ ગયો હતો. એટલીવારમાં ગઠિયો દુકાનમાં રહેલી રોકડ રકમ લઈને ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના મામલે વેપારીએ પોલીસમાં જાણ કરી હતી. ઘટનાને લઈને મોડાસા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.




મળતી માહિતી મુજબ, મોડાસામાં ખમણના વેપારી પાસે એક વ્યક્તિ કારમાં આવીને રૂ.૨૦૦ની નોટ આપીને ખમણની માગ કરી હતી. જેમાં વેપારીએ નોટ સ્વીકારતા તે બેભાન થયો હતો. આ દરમિયાન કારમાં આવેલો શખ્સ દુકાનમાંથી ૫ હજાર રોકડ લઈને ફરાર થઈ ગયો હતો. જો કે, ૧૦ મિનિટ બાદ જ્યારે વેપારીને ભાન આવે છે, ત્યારે આરોપીએ દુકાનમાં રોકડ ચોરી કરી હોવાનું જાણવા મળતા પોલીસને જાણ કરી હતી. સમગ્ર ઘટના મામલે મોડાસા ટાઉન પોલીસ ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# રેટ્રો લુક આપતાં ફ્લેયર્ડ જીન્સ



ફેશનની દુનિયામાં હંમેશાં નવી અને ટ્રેન્ડી સ્ટાઈલ્સ આવતી રહે છે. એ ટ્રેન્ડી સ્ટાઈલમાં ફ્લેયર્ડ જીન્સનો સમાવેશ થાય છે. જેને સામાન્ય રીતે ફેશન અને સ્ટાઈલનું પ્રતીક માનવામાં આવે છે. જીન્સની વિશેષતા એ છે કે તે ફક્ત આકર્ષક લુક જ નથી આપતાં, પરંતુ સાથે સાથે કમ્ફર્ટ પણ આપે છે. આજે ફ્લેયર્ડ જીન્સ ધૂમ મચાવી રહ્યાં છે. ફ્લેયર્ડ જીન્સની વિશેષતાઓ, સ્ટાઈલ ટિપ્સ સાથે એની મોડર્ન ફેશન ટિપ્સ વિશે જાણીએ.



## કેવાં હોય છે ફ્લેયર્ડ જીન્સ?

ફ્લેયર્ડ જીન્સમાં નીચેની તરફ એક વાઈડ ફ્લેયર હોય છે. ફ્લેયર્ડ સામાન્ય રીતે ઘૂંટણથી નીચેના ભાગમાંથી શરૂ થાય છે. આ શૈલી 1970ના દાયકામાં લોકપ્રિય હતી. એનો બેલ બોટમ આકાર તેની વિશેષતા છે. ફ્લેયર્ડ જીન્સ ફેશન જગતમાં પરત ફર્યું છે, જે રેટ્રો અને વિન્ટેજ-ઈન્સ્પાયર્ડ લુક આપે છે. ફ્લેયર્ડ જીન્સના અનેક પ્રકાર છે.

## ફ્લેયર્ડ ક્રોપ્ડ જીન્સ

ફ્લેયર્ડ ક્રોપ જીન્સને કિક ફ્લેયર જીન્સ તરીકે પણ ઓળખાય છે. બે પોપ્યુલર ડેનિમ સ્ટાઈલ્સનું કોમ્બિનેશન છે, ક્રોપ્ડ જીન્સ અને ફ્લેયર્ડ જીન્સ. આ જીન્સની વિશેષતા તેની ક્રોપ્ડ લેન્થ છે. ફ્લેયર્ડ ક્રોપ જીન્સ થાઈ અને હિપ્સ ફ્લેયર સામાન્ય રીતે ટ્રેડિશનલ ફ્લેયર્ડ જીન્સની સરખામણીમાં સટલ હોય છે. તેમ છતાં રેટ્રો ઈન્સ્પાયર્ડ સ્ટાઈલને ટચ એડ કરે છે. ફ્લેયર્ડ જીન્સમાં આ ઉપરાંત હાઈ વેસ્ટેડ ફ્લેયર્ડ જીન્સ અને લો-રાઈઝ ફ્લેયર્ડ જીન્સનો પણ સમાવેશ થાય છે.

## બેલ બોટમ જીન્સ

બેલ બોટમ જીન્સ ફ્લેયર્ડ જીન્સની એક સ્ટાઈલ છે, જે 1970ના દાયકામાં લોકપ્રિય હતી. એમાં ઘૂંટણથી નીચે ડ્રામેટિક ફ્લેયર હોય છે. બેલ બોટમ જીન્સે ફેશન ટ્રેન્ડમાં પોતાનું આગવું સ્થાન મેળવ્યું છે, જે એક રેટ્રો અને નોસ્ટાલ્જિક લુક આપે છે. તેની વિન્ટેજ અપીલ અને સ્ટેટમેન્ટ મેકિંગ સ્ટાઈલને પસંદ કરવામાં આવે છે.

## બૂટકટ જીન્સ

બૂટકટ જીન્સ એક સ્ટાઈલ છે, જે ઘૂંટણ નીચેથી થોડું ફ્લેયર્ડ હોય છે. બૂટકટ જીન્સ કમરથી ઘૂંટણ સુધી સીધું અથવા સ્લિમ ફિટ હોય છે અને પછી ધીરે ધીરે ઘૂંટણથી પાની સુધી પહોળું થઈ જાય છે. બૂટકટ જીન્સ બેલેન્સ્ડ લુકની સાથે પગને લાંબા બતાવવામાં મદદ કરે છે. તેને વિવિધ પ્રકારના ફૂટવેર સાથે પહેરી શકાય છે.

## વાઇડ લેગ જીન્સ

આ જીન્સ અત્યારે યંગ જનરેશનનાં હોટ ફેવરિટ છે, કારણ કે તે મોડર્ન અને કમ્ફર્ટ એસ્થેટિક લુક પ્રદાન કરે છે. તેને અલગ અલગ રીતે સ્ટાઈલ કરી શકાય છે. જેમાં કેઝ્યુઅલથી લઈને સોફેસ્ટિકેટેડ આઉટફિટ સામેલ છે.



# ગુજરાતમાં ક્લિનિકલ ટ્રાયલનો 1 હજાર કરોડનો કાળો કારોબાર

## ગરીબ દર્દી -બેરોજગાર યુવાઓ ફાર્મા કંપનીના નિશાને : ગરીબી-બેરોજગારીને લીધે મહિલા-યુવાઓ ગીનીપિગ બની રહ્યા છે

અમદાવાદ

વીએસ હૉસ્પિટલમાં અનઅધિકૃત રીતે ધમધમતા ક્લિનિકલ ટ્રાયલનો પર્દાફાશ થયો છે. જો દવાના ઉત્પાદનમાં મોખરે ગુજરાત હવે ક્લિનિકલ ટ્રાયલમાં અગ્રેસર હોય તેવું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે. નિષ્ણાતોનું કહેવું છે કે, યુરોપના દેશોમાં ક્લિનિકલ ટ્રાયલ માટે દર્દીઓ મંજૂરી આપતાં નથી. આ જોતાં આફ્રિકા-ભારત જેવા દેશોમાં ક્લિનિકિલ ટ્રાયલનો ધંધો ફૂલ્યો ફાલ્યો છે. ક્લિનિકલ ટ્રાયલ પર નજર રખાતી નથી. એટલું જ નહીં, નિયમો નેવે મૂકી અનઅધિકૃત ક્લિનિજકલ ટ્રાયલો કરીને ઘૂમ કમાણી કરવામાં આવી રહી છે જેથી ફાર્મા કંપનીઓને ફાવતું ફાવ્યું છે. ગરીબ દર્દીઓની સારવારના નામે ક્લિનિકલ ટ્રાયલના નામે ગોરખધંધા ચાલી રહ્યા છે.

વિવિધ રિસર્ચ કંપનીઓ દવા કેટલી અસરકારક છે તે જાણવા માટે ક્લિનિકલ ટ્રાયલ કરાવે છે. ક્લિનિકલ ટ્રાયલ માટે ગરીબ દર્દીઓ અને બેરોજગાર યુવાનો ફાર્મા કંપનીઓના નિશાના પર હોય છે. આ જોતાં ફાર્મા કંપનીઓ સૌથી પહેલાં સરકારી-મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત હૉસ્પિટલમાં ફરજ બજાવતાં ડૉક્ટરો સાથે સાંઠગાંઠ કરે છે. આ ડૉક્ટરો દર્દીઓની જાણ બહાર જ અનઅધિકૃત ક્લિનિકલ ટ્રાયલ કરે છે. માત્ર હૉસ્પિટલો જ નહીં, ફાર્મા કંપનીઓ વચેટિયા-એજન્ટોના માધ્યમથી બેરોજગારો યુવાઓને નાણાંની લાલચ આપી ક્લિનિકલ ટ્રાયલમાં સામેલ કરે છે. ડાયાબિટીસ, કેન્સર, હૃદયરોગ સહિત વિવિધ બીમારીઓની દવા માટે થતાં ક્લિનિકલ ટ્રાયલ માટે રૂ. 5 હજારથી માંડીને રૂ. 25 હજાર ચૂકવવામાં આવે છે પણ ચિંતાની વાત એ છે કે, બેરોજગાર યુવાઓથી માંડીને મહિલાઓને ક્લિનિકલ ટ્રાયલમાં વપરાતી દવાથી શરીરમાં વિકૃતિ આવી શકે છે. ખોડખાંપણ થઈ શકે છે. લાઈલાજ બીમારીને નોતરું મળી શકે છે તે વાતથી અજાણ રાખવામાં આવે છે. બેરોજગારી અને ગરીબીને લીધે યુવાઓ અને મહિલાઓ બિન્દાસપણે ક્લિનિકલ ટ્રાયલમાં હિસ્સો લે છે. ક્લિનિકલ ટ્રાયલના નામે નાણાંની લાલચમાં મજબૂરીવશ લોકોના જીવના સોદા થઈ રહ્યા છે.




# પહલગામ આતંકી હુમલામાં મૃત્યુ પામનારા ત્રણેય ગુજરાતીઓના મૃતદેહ વતન લવાયા

### રાજ્ય સરકારે સહાયની કરી જાહેરાત

અમદાવાદ

જમ્મુ અને કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં ગઈકાલ મંગળવારે (22 એપ્રિલ, 2025) થયેલા આતંકવાદી હુમલામાં ત્રણ ગુજરાતીના મોત થયા છે. જેમાં સુરતના શૈલેષભાઈ કળથિયા અને ભાવનગરના પિતા-પુત્ર સ્મિત અને યતીશભાઈ પરમારનું ગોળીબારમાં મોત નીપજ્યું હતું. સરકાર દ્વારા આજે (બુધવાર) ભાવનગરના મૃતક સ્મિત અને યતીશભાઈના પાર્થિવ દેહને અમદાવાદ એરપોર્ટ પર લાવવામાં આવ્યા હતા. સુરતના આશાસ્પદ યુવક



શૈલેષભાઈ કળથિયાના મૃતદેહ દિલ્હીથી સુરત એરપોર્ટ લવાયો હતો.

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલામાં ભોગ બનનારા ગુજરાતીઓ માટે રાજ્ય સરકારે સહાયની જાહેરાત કરી છે. જેમાં રાજ્ય સરકાર મૃતકોના પરિવાજનોને 5-5 લાખ રૂપિયા અને ઈજાગ્રસ્તોને 50000 રૂપિયાની સહાય કરશે.

# અમદાવાદમાં 30 રૂપિયાના ભાડાના વિવાદમાં મુસાફરની હત્યા થતાં રિક્ષા ચાલકની ધરપકડ

## ભાડું ન આપતા ગુસ્સે ભરાયેલા રિક્ષાચાલકે મુસાફરને કચડી નાંખ્યો

અમદાવાદ

અમદાવાદના નવરંગપુરામાં ગત 20 એપ્રિલની સાંજે એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો હતો. સમગ્ર મામલે લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) અને નવરંગપુરા પોલીસે અનેક તપાસ ટીમો બનાવીને તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે 300 થી વધુ સીસીટીવી ચકાસ્યા હતા. જેમાં વિસ્તારના સીસીટીવી ફૂટેજમાં મૃતક રસ્તા પર ચાલી રહ્યો હતો, તે દરમિયાન એક રિક્ષાએ તેને પાછળથી ટક્કર મારી હોવાનું જોવા મળ્યું હતું. રિક્ષાની ટક્કર વાગતા પીડિત વ્યક્તિ ઘટનાસ્થળે જ પડી ગયો હતો.

સમગ્ર મામલે પોલીસે 22 વર્ષીય સમીર કનુભાઈ રઘુનાથ નટ તરીકે ઓળખાતા શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરીને પૂછપરછ કરી હતી. જેમાં સમીરે જણાવ્યું હતું કે, 19 એપ્રિલના રોજ તેણે વાડજ બસ સ્ટેશનથી બે પેસેન્જરોને લીધા હતા. તેમાંથી એકને લખુડી તલાવડીમાં ઉતાર્યો હતો, જ્યારે બીજા પેસેન્જરને કાલુપુર જવાનો ઈરાદો હોવાથી આરોપીએ આટલા દૂર જવાનો ઈનકાર કર્યો હતો અને મૃતકને નવરંગપુરા ચાર રસ્તા પાસે છોડી દીધો હતો.

જ્યારે પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, મૃતકે રિક્ષા ડ્રાઈવરને કલાશ હૉટલ પાસે આરામ કરવા માટે રોકવા કહ્યું હતું. જેમાં બંને જણા નીચે ઉતર્યા હતા. આ દરમિયાન પીડિત ભાડું ચૂકવ્યા વિના જૈન દેરાસર તરફ ચાલ્યો ગયો હતો. ત્યારે ગુસ્સે ભરાયેલા રિક્ષાચાલકે કથિત રીતે તેને કચડી નાખીને ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

# શહેરોના ઝડપી વિકાસ માટે સરકારનો મોટો નિર્ણય, 1203 કરોડના કામોને સૈદ્ધાંતિક મંજૂરી

ગાંધીનગર

શહેરી વિકાસના વિસ્તારને મહત્વ આપવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત સરકારે 1203 કરોડના વિકાસ કાર્યોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સરકારે 2025ના વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઉજવવા સાથે શહેરોમાં સસ્ટેનેબલ અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી સ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવિધાઓથી નાગરિકોના અર્નિંગ વેલ-લિવિંગ વેલને સાકાર કરવાનો વ્યૂહ અપનાવ્યો છે. રાજ્યમાં નવી નવ મહાનગરપાલિકાઓની રચના કરી છે. આ નવરચિત મહાનગરપાલિકાઓ સહિત રાજ્યના નગરો-શહેરોમાં લોકહિતના કામોને પણ વેગવંતા બનાવ્યા છે.સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રીએ આ રૂ. 1202.75 કરોડના વિકાસ કામોની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

# અમદાવાદમાં વકફના નામે રૂ.100નું કૌભાંડ! 5 નકલી ટ્રસ્ટીઓની ધરપકડ

### નકલી દસ્તાવેજો તૈયાર કરી આચર્યું કૌભાંડ

અમદાવાદ

છેલ્લા ઘણા સમયથી વકફ અમેન્ડમેન્ટ એક્ટ, 2025 ભારતના રાજકારણમાં ચર્ચાનો વિષય રહ્યો છે, હાલ આ સુપ્રીમકોર્ટે આ કાયદા પર સ્ટે મુક્યો અને ભારત સરકારને જવાબ આપવા સમય આપ્યો છે. ભારત સરકારની દલીલ છે કે વકફ બોર્ડમાં ચાલતી ગેરરીતિઓને ખતમ કરવા માટે આ કાયદો લાવવામાં આવ્યો છે. એવામાં અમદાવાદમાં વકફના નામ પર છેલ્લા 17 વર્ષથી ચાલી રહેલા ઉઘરાણીના કૌભાંડનો પર્દાફાસ થયો છે. અમદવાદ પોલીસે આ મામલે 5 લોકોની ધરપકડ કરી છે.

અહેવાલ મુજબ ધરપકડ કરાયેલા પાંચ શખ્સો પોતાને અમદાવાદના બે વકફ ટ્રસ્ટ, કાંચની મસ્જિદ ટ્રસ્ટ અને શાહ બડા કાસમ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે ઓળખાવતા અને ટ્રસ્ટની જમીન પર રહેલા લગભગ 100 મકાનનાં રહેવાસીઓ અને દુકાનદારો પાસેથી 17 વર્ષથી ભાડું વસૂલવાતા હતાં. બાદમાં જાણવા મળ્યું કે આ લોકો ટ્રસ્ટ સાથે જોડાયેલા નથી. પોલીસે પાંચ શખ્સોની ધરપકડ કરી કાર્યવાહી શરુ કરી છે.

# સારું પ્રદર્શન કરતી ગ્રામ પંચાયતો સાથે ગુજરાત દેશમાં ટોચ પર

અમદાવાદ

૨૪ એપ્રિલના રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની પૂર્વ સંધ્યાએ, ભારત સરકારે જાહેર કરેલા પ્રથમ પંચાયત એડવાન્સમેન્ટ ઈન્ડેક્સ (પીએઆઈ)માં ગુજરાતે શાનદાર સિદ્ધિ હાંસલ કરી છે. રાજ્યની ૩૪૬ ગ્રામ પંચાયતોને અગ્રણી અને ૧૩૭૮૧ પંચાયતોને વધુ સારું પ્રદર્શન કરનારી શ્રેણીમાં સ્થાન મળ્યું છે, જે દેશમાં સૌથી વધુ છે.

સૂચકાંકમાં, તેલંગાણા ૨૭૦ અગ્રણી પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું હતું, જ્યારે વધુ સારું પ્રદર્શન શ્રેણીમાં મહારાષ્ટ્ર ૧૨,૨૪૨ પંચાયતો સાથે બીજા ક્રમે રહ્યું અને તેલંગાણા ૧૦,૦૯૯ પંચાયતો સાથે ત્રીજા ક્રમે રહ્યું. આ પીએઆઈ સૂચકાંકમાં દેશની ૨,૫૫,૬૯૯ ગ્રામ પંચાયતોમાંથી ૨,૧૬,૨૮૫ પંચાયતોએ માન્ય ડેટા રજૂ કર્યો હતો.

# અમદાવાદ ખાતે ધર્મપરિવર્તનનો VHPનો આક્ષેપ, ચર્ચના સભ્યએ આક્ષેપો ફગાવ્યા

## ધર્માંતરણ મામલે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ પોલીસમાં કરી અરજી

અમદાવાદ

રવિવારે સવારે અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલા પેન્ટિકોસ્ટલ ચર્ચમાં ઈસ્ટર સન ડેની ભજન સેવા ચાલુ હતી. આ દરમિયાન આશરે 10:30 થી 11 વાગ્યાની વચ્ચે 20થી 25 લોકો હાથમાં ડંડા અને અન્ય હથિયારો સાથે ચર્ચામાં ઘુસી આવ્યા હતા.

સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહેલો વીડિયો અમદાવાદના ઓઢવ વિસ્તારનો હોવાનું કહેવામાં આવી રહ્યું છે. જેમાં કોઈ ધાર્મિક કાર્યક્રમમાં કેટલાક લોકો પ્રાર્થના કરી રહ્યા છે, ત્યારે કેટલાક લોકો લાકડી અને ડંડા સાથે ધાકધમકી આપી ગુંડાગર્દી કરતાં જોવા મળે છે. ઘટનાની જાણ થતાં પોલીસે દોડતી થઈ હતી. આ સમગ્ર મામલે વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકર્તાઓએ પોલીસ અરજી કરી જણાવ્યું હતું કે યુવાનોને નાસ્તાની લાલચ આપી ધર્માંતરણ કરવામાં આવે છે. પોલીસે આ અરજીને આધારે વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે ખ્રિસ્તી ધર્મના આગેવાનોએ FIR નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, ગઈકાલે રવિવારે (20 એપ્રિલ, 2025)ના રોજ ખ્રિસ્તી ધર્મનો ઈસ્ટરનો તહેવાર હતો. જેને લઈને ગઈકાલે રવિવારે સવારે અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલા પેન્ટિકોસ્ટલ ચર્ચમાં ઈસ્ટર સન ડેની ભજન સેવા ચાલુ હતી. આ દરમિયાન આશરે 10:30 થી 11 વાગ્યાની વચ્ચે 20થી 25 લોકો હાથમાં ડંડા અને અન્ય હથિયારો સાથે ચર્ચામાં ઘુસી આવ્યા હતા અને નારા લગાવી ધાકધમકી આપી હતી.

# મહિલાને રોકાણની લાલચ આપીને પોલીસ દંપતીએ સવા કરોડ પડાવ્યા

અમદાવાદ

શહેરના કોટ વિસ્તારના એક પોલીસસ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મી અને પોશ વિસ્તારમાં ફરજ બજાવતી તેની કોન્સ્ટેબલ પતી સહિતના લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. કોમન મિત્ર થકી પોલીસ કર્મીને પુનાની એક મહિલા સાથે વર્ષ ૨૦૨૨માં પરિચય થયો હતો. બાદમાં તેણે મોટી મોટી વાતો કરીને મહિલાને વિશ્વાસમાં લીધી હતી. જે બાદ કોન્સ્ટેબલ દંપતી પોતાના ઘરે આ મહિલા સાથે મુલાકાત કરતા હતા. ત્યારે આરોપી પોતે મોટી જમીનોમાં રોકાણ કરતો હોવાનું કહીને મહિલાને લાલચો આપતો હતો. મહિલાએ પણ જમીનમાં રોકાણ કરવા રસ દાખવતા તેણે ટુકડે ટુકડે સવા કરોડ રૂપિયા અને લાખો રૂપિયાના દાગીના કોન્સ્ટેબલને આપ્યા હતા. આરોપીએ મહિલાને જમીન પણ બતાવી હતી, પરંતુ બાદમાં તેણે જમીનનો સોદો ન કરાવીને રકમ પણ પરત ન આપીને છેતરપિંડી આચરી હતી. આટલું જ નહીં, પોલીસ કર્મીએ આ મહિલા સાથે સંબંધ પણ બાંધ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. જેને લઈને પુના પોલીસે ગુનો નોંધી ફરિયાદ ટ્રાન્સફર કરતા એસસીએસટી સેલે આ મામલે તપાસ હાથ ધરી છે. આ કેસમાં સવા કરોડ પડાવ્યાનો આક્ષેપ છે.

કાશ્મીરમાં સબ સલામતના સરકારના દાવા વચ્ચે આતંકીઓ બેફામ : હુમલામાં નેવીના અધિકારીનું મોત, ગુજરાતી સહિત 20થી વધુ ઘાયલ


# પહેલગામમાં પર્યટકો પર આતંકી હુમલો, 28ના મોત

■ આતંકીઓએ પર્યટકોના નામ અને ધર્મ જાણ્યા બાદ ગોળીઓનો વરસાદ કર્યો, પહેલગામમાં ગમગીની છવાઈ ગઈ

■ પર્વતો પર પર્યટકો ઘોડેસવારી, નાસ્તાનો આનંદ લઇ રહ્યા હતા ત્યારે જંગલમાંથી આવેલા આતંકીઓ હુમલો કરીને નાસી ગયા







**શ્રીનગર**

જમ્મુ કાશ્મીરમાં પર્યટકો પર તાજેતરમાં સૌથી મોટો આતંકી હુમલો કરવામાં આવ્યો હતો, પર્યટકો માટે જાણિતા પહેલગામમાં આતંકીઓએ પર્યટકોના નામ પૂછ્યા, ધર્મ જાણ્યો અને પછી ગોળી ધરબી દીધી હતી. આ ઘાતકી હુમલામાં અત્યાર સુધીમાં ૨૮ પર્યટકો માર્યા ગયા છે. જ્યારે ૨૦થી વધુ ઘવાયા છે જેમાં કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. ગુજરાત, કર્ણાટક, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોના કાશ્મીર બહારના નાગરિકોને નિશાન બનાવીને આયોજનપૂર્વક આ હુમલો કરવામાં આવ્યો હતો. બીજી તરફ જમ્મુ-કાશ્મીર સરકારે પહેલગામ આતંકી હુમલામાં માર્યા ગયેલા લોકોના પરિજનોને 10-10 લાખ રૂપિયા, ઈજાગ્રસ્તોને 2-2 લાખ રૂપિયા, સામાન્ય ઘાયલોને 1-1 લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું એલાન કરાયું છે.

પર્યટકો પોતાનો જીવ બચાવવા ભાગે તે પહેલા જ આતંકીઓ આધુનિક બંદુકો સાથે તેમના પર તુટી પડયા હતા. અને પર્યટન માટે જાણિતા પહેલગામને લોહીયાળ કરીને પાછા જંગલમાં ભાગી ગયા હતા. કેટલાક પર્યટકો ઘોડેસવારી તો કેટલાક સ્થાનિક સ્ટોલ પર નાસ્તા પાણી કરી રહ્યા હતા, એવામાં અચાનક જ પાસેના જંગલમાંથી ચારથી પાંચ આતંકીઓ બંદુકો સાથે આવી પહોંચ્યા હતા અને અંધાધુંધ ગોળીબાર કરી દીધો હતો. પોતાના સ્વજનોને ગુમાવનારા અને બચી ગયેલા કેટલાક પર્યટકોએ આંખોમાં આંસુ સાથે ઘટનાનું વર્ણન કર્યું હતું અને વીડિયો બનાવી આપવીતી વર્ણવી હતી. સોશિયલ મીડિયા પર આ કરુણ વીડિયો વાયરલ થઇ રહ્યા છે જેમાં આ પર્યટકો જણાવી રહ્યા છે કે હુમલાખોર આતંકીઓમાંથી કેટલાક અમારી પાસે આવ્યા અને અમને નામ, ધર્મ વગેરે પૂછવા લાગ્યા હતા. અમારી પાસેથી માહિતી લીધા બાદ ગોળીબાર કરી દીધો હતો. કર્ણાટકના શિવમોગાના મંજૂનાથનું હુમલામાં મોત નિપજ્યું હતું, મંજૂનાથ પરિવાર સાથે રજાનો આનંદ માણવા પહેલગામ પહોંચ્યા હતા, તેમની સાથે પત્ની અને પુત્ર પણ હતો. મંજૂનાથ તો હુમલામાં માર્યા ગયા હતા પરંતુ બચી ગયેલી પત્ની પલ્લવીએ આપવીતી વર્ણવી હતી, તેણે જણાવ્યું હતું કે અમે ત્રણ લોકો હતા, આ હુમલો બપોરે આશરે દોઢ વાગ્યા આસપાસ થયો હતો. મારી સામે જ મારા પતિએ જીવ ગુમાવ્યો, આતંકીઓ હિન્દુઓને શોધી શોધીને ટાર્ગેટ કરી રહ્યા હતા, મે એક હુમલાખોર આતંકીને કહ્યું હતું કે મારા પતિને તો તે મારી નાખ્યો છે મને પણ મારી નાખ, તો આતંકીએ મને કહ્યું હતું કે હું તને નહીં મારુ જા મોદીને આ હુમલાની વાત જણાવજે. આમ કહીને હુમલાખોર ભાગી ગયો હતો.

## પહેલગામ હુમલાના 3 શંકાસ્પદ આતંકીઓના સ્કેચ જાહેર કરાયા

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં 28 પ્રવાસીઓનો જીવ લેનાર શંકાસ્પદ આતંકવાદીઓનો પ્રથમ સ્કેચ સામે આવ્યો છે. પ્રત્યક્ષ દર્શીઓના વર્ણનના આધારે સ્કેચ તૈયાર કરવામાં આવ્યા છે. આ આતંકવાદીઓની ઓળખ આસિફ ફૌજી, સુલેમાન સાહ અને અબુ તલહાના રૂપમાં કરવામાં આવી છે. કહેવામાં આવી રહ્યું છે કે પ્રવાસીઓને વીણી વીણીને ગોળબાર કર્યા આ આતંકવાદીઓ નજીકના પહાડી જંગલમાં સંતાઈ ગયા છે. તેમને પકડવા માટે સુરક્ષા કર્મચારીઓ દ્વારા સઘન તલાશી અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલાની જવાબદારી TRFએ લીધી છે. તે ફાયનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ( FATF )ની કાર્યવાહીથી બચવા માટે બનાવવામાં આવી છે. આતંકવાદી હુમલામાં સામેલ આતંકવાદીઓ વિશે કોઈપણ માહિતી આપનારને 20 લાખ રૂપિયાનું ઇનામ આપવા જાહેરાત થઈ છે. માહિતી આપનારની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવશે.

## સુરક્ષા દળોની કાર્યવાહી, 1500ની અટકાયત

જમ્મુ-કાશ્મીરમાં પહેલગામમાં આતંકવાદીઓના ભયાનક હુમલા બાદ સુરક્ષા દળોએ મોટું ઓપરેશન શરુ કરી દીધું છે. મળતાં અહેવાલો મુજબ હુમલા બાદ ખીણમાંથી 1500થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. જવાનો દ્વારા ઓવર ગ્રાઉન્ડ વર્કર્સ તેમજ આતંકી પ્રવૃત્તિઓમાં સામેલ લોકોને શોધી શોધીને પકડવામાં આવી રહ્યા છે. સુરક્ષા દળના જવાનો એક પછી એક વિસ્તારો અને જંગલોમાં મોટાપાયે સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. આ સાથે શંકાસ્પદ લોકોની અટકાયત પણ કરવામાં આવી રહી છે. જોકે ગુરુવારે મોડી સાંજ સુધીમાં આરોપી પકડાયા ન હતા.

## પાકિસ્તાન સરકારનું ‘X’ એકાઉન્ટ સસ્પેન્ડ

ભારતમાં પાકિસ્તાન સરકારનું X એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. કાયદાકીય ધોરણે પાકિસ્તાન સરકારનું X હેન્ડલ સસ્પેન્ડ કરવાની માગના પગલે આ કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું ટ્વિટરે જણાવ્યું છે. પહલગામ આતંકવાદી હુમલાના પગલે સમગ્ર દેશમાં શોક અને ગુસ્સાનો માહોલ છે. ભારતમાં પાકિસ્તાન સરકારનું ‘X’ એકાઉન્ટ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

## પાકિસ્તાનીઓના વિઝા રદ, પાકિસ્તાની નાગરિકોના વિઝા ૨૭ એપ્રિલ સુધી માન્ય

પહેલગામ આતંકી હુમલા મુદ્દે ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ પાંચ મોટા નિર્ણયો લીધા છે. જેમાં ભારતમાં રહેતાં તમામ પાકિસ્તાની નાગરિકોને ત્રણ દિવસની અંદર પાકિસ્તાન પરત ફરવાનો આદેશ આપવામાં આવ્યો છે. પાકિસ્તાની નાગરિકોના ભારત વિઝા ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેશે. બીજી બાજુ પાકિસ્તાન નાગરિકોના ભારત માટે મેડિકલ વિઝા ૨૯ એપ્રિલ સુધી માન્ય રહેશે. જેથી પાકિસ્તાનીઓને વિઝા રદ થાય તે પહેલાં પોતાના વતન પરત ફરી જવા આદેશ આપવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારે ગઈકાલે સાંજે કરેલી કેબિનેટ બેઠકમાં પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો. આ આદેશને અનુરૂપ અનેક પાકિસ્તાની નાગરિકો અટારી-વાઘા બોર્ડરથી પોતાના સ્વદેશ પરત ફર્યા હતાં. હવે તેમના વિઝા માત્ર ૨૭ એપ્રિલ સુધી જ માન્ય રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. બીજી તરફ કેન્દ્ર સરકારે પાકિસ્તાનમાં રહેતાં અને પ્રવાસે ગયેલા ભારતીયોને તુરંત જ સ્વદેશ પરત ફરવા સલાહ આપવામાં આવી છે. સરકારનું આ પગલું જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકવાદી હુમલા બાદ લેવામાં આવ્યું છે.

# હુમલા બાદ અટારી બોર્ડર બંધ, સિંધુ જળ કરાર સ્થગિત

**પહેલગામ**

દક્ષિણ કાશ્મીરના પહેલગામમાં મંગળવારે થયેલા આતંકવાદી હુમલા બાદ સમગ્ર દેશ ગુસ્સામાં અને શોકમાં છે. આ હુમલામાં 28 નિર્દોષ લોકોના જીવ ગયા છે, જ્યારે અનેક લોકો ઘાયલ થયા છે, જેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ત્યારે હવે પહેલગામ હુમલાને લઈને બુધવારે કેન્દ્ર સરકાર દ્વારા CCSની બેઠક યોજાઈ હતી, જેમાં અલગ અલગ મોટા નિર્ણયો લેવાયા હતા. આ તમામ નિર્ણયો પાકિસ્તાનની વિરુદ્ધના હતા. જેમાં તેને આકરો સંદેશો આપવામાં આવ્યો હતો. આ ઘટના બાદ દિલ્હીમાં ગૃહમંત્રી અમિત શાહ અને વિદેશ મંત્રી જયશંકરે રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી અને તેમને હુમલા વિશે માહિતી આપી હતી. જે બાદ સાંજે સર્વદળીય બેઠક યોજવામાં આવી હતી.

## CCSની બેઠકમાં આ પાંચ સૌથી મોટા નિર્ણય લેવાયા

**■ સિંધુ જળ કરાર પર રોક લગાવાશે**
પાકિસ્તાન દ્વારા બોર્ડર પર આતંકવાદને સમર્થન અપાતું હોવાથી ભારત દ્વારા 1960ની સિંધુ જળ કરારને સ્થગિત કરી દેવાયો છે.

**■ અટારી બોર્ડર ચેક પોસ્ટ બંધ કરાશે :**
અટારી ચેક પોસ્ટને તાત્કાલિક અસરથી બંધ કરી દેવાઈ છે. કાયદેસર દસ્તાવેજો સાથે જે લોકો પહેલા જ બોર્ડર પાર કરી ચૂક્યા છે, તેમને 1 મે પહેલા પરત જવા કહેવાયું છે.

**■ તમામ પાકિસ્તાનીઓના વિઝા રદ :**
પાકિસ્તાની નાગરિકોને SAARC હેઠળ વિઝા છૂટ યોજના હેઠળ ભારતમાં પ્રવેશ નહીં મળે. પહેલા જાહેર કરાયેલા તમામ SVES



વિઝા રદ કરી દેવાશે. SVES વિઝા પર પહેલાથી જ ભારતમાં હાજર પાકિસ્તાની નાગરિકોને 48 કલાકમાં ભારત છોડવું પડશે.

**■ ભારતમાં પાકિસ્તાન ઉચ્ચાયુક્ત બંધ :**
દિલ્હી સ્થિત પાકિસ્તાની ઉચ્ચાયુક્તમાં તૈનાત રક્ષા અને સૈન્ય સલાહકારોને 'પર્સોના નૉન ગ્રાટા' જાહેર કરી દેવાયા છે અને તેમને એક અઠવાડિયામાં ભારત છોડવાના આદેશ આપી દેવાયા છે. આ પ્રકારે, ભારત પોતાના રક્ષા સલાહકારોને ઈસ્લામાબાદથી પરત બોલાવશે. આવા પાંચ સહયોગી સ્ટાફને પણ પરત બોલાવશે.

**■ ઉચ્ચાયુક્ત કર્મચારીઓ ઘટાડવાનો નિર્ણય**
બંને ઉચ્ચાયુક્તમાં કર્મચારીઓની સંખ્યા 55થી ઘટાડીને 30 કરવાનો નિર્ણય લેવાયો છે, અને આ નિર્ણય 1 મેથી લાગુ કરાશે.

# 35 વર્ષમાં પ્રથમ વખત કાશ્મીર ઘાટી સજ્જડ બંધ

## હુમલાથી અમારું માથું શરમથી ઝૂકી ગયું, પર્યટકોનો શું દોષ હતો તેઓ માત્ર હરવા ફરવા આવ્યા હતા : સ્થાનિકોની હૈયાવરાળ


**શ્રીનગર**

કાશ્મીર ઘાટીના પહલગામ આતંકી હુમલાની દેશભરમાં ટિકા થઇ રહી છે, ત્યારે જમ્મુ કાશ્મીરમાં પણ આતંકવાદને લઈને સ્થાનિકોમાં રોષ વધી રહ્યો છે. ૩૫ વર્ષમાં પહેલી વખત સંપૂર્ણ જમ્મુ કાશ્મીરમાં સજ્જડ બંધ પાળવામાં આવ્યો હતો. આતંકવાદને લઈને કાશ્મીરીઓ પણ ત્રાહિમામ હોવાના સંકેતો આ સજ્જડ બંધથી મળી રહ્યા છે. કાશ્મીર ઘાટીના જે પહલગામમાં આતંકીઓએ હુમલો કર્યો ત્યાં બુધવારે તમામ બજારો, દુકાનો અને વેપારના સ્થળો સજ્જડ બંધ રહ્યા હતા. એટલુ જ નહીં સ્થાનિક વેપારીઓ અને નાગરિકોએ રસ્તા પર ઉતરીને આતંકવાદ સામે એકતા દેખાડી હતી, અને હિન્દુસ્તાન ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. એટલુ જ નહીં મે ભારતીય હુંના નારા લગાવીને કાશ્મીરીઓને ભારત વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહેલા આતંકીઓને આકરો સંદેશો આપ્યો હતો. હિન્દુઓ અને મુસ્લિમોએ એક થઈને આતંકવાદ સામે આ સંદેશો આપ્યો છે.

મીડિયા સાથેની વાતચીતમાં પહલગામનાલોકોએ કહ્યું હતું કે જે પણ પર્યટકો ફસાયા છે તેમના રહેવા, જમવા સહિતની વ્યવસ્થા અમે કરી રહ્યા છીએ. વિરોધ પ્રદર્શનમાં સામેલ સ્થાનિક હોટેલ વ્યવસાયી આસિફ બુર્ઝાએ કહ્યું હતું કે આ હુમલાથી અમારુ માથુ શરમથી ઝૂકી ગયું, આ પર્યટકોનો શું દોષ હતો? તેઓ અહીંયા હરવા ફરવા જ આવ્યા હતા. અમે આતંકીઓ સામેના અભિયાનમાં સંપૂર્ણ રીતે સેનાની સાથે છીએ.



## આતંકી હુમલાને દુનિયાભરના નેતાઓએ વખોડી કાઢ્યો



■ **બ્રિટિશ વડાપ્રધાન** કીર સ્ટારમેરે તે હુમલાને વિનાશક કહેવા સાથે ભારતને આશ્વસ્ત કર્યું. મૃતકોના સંબંધીઓ પ્રત્યે હમદર્દી દર્શાવી છે.

■ **પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે** પહેલગામ હુમલાને વખોડી કાઢતાં જે નિર્દોષ લોકો તે હુમલામાં માર્યા ગયા તેઓના કુટુમ્બીજનો પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરી હતી.

■ **પ્રમુખ પુતિને રાષ્ટ્રપતિ** મુર્મુને સંદેશો પાઠવી આ જઘન્ય હુમલા અંગે પોતાની હમદર્દી દર્શાવી છે.

■ **જર્મનીના ચાન્સેલર ઓલેફ શોલ્ઝે** આ હુમલાને વખોડી કાઢતાં ભારતના લોકો પ્રત્યે પોતાની સહાનુભૂતિ વ્યક્ત કરવા સાથે મૃતકોનાં પરિવારજનોને આશ્વાસનો પાઠવ્યા હતા અને ઈજાગ્રસ્તો જલ્દી સાજા થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

■ **ડેન્માર્કના વડાપ્રધાન મેટ્રો ફ્રેડ્રિકસેને** પણ ભારતને આ કરૂણ સ્થિતિમાં સાથે ઉભા રહેવાનું વચન આપતાં મૃતકોનાં સગાં સંબંધીઓ પ્રત્યે હમદર્દી દર્શાવી હતી.

■ **ગુયાનાના પ્રમુખ ઈરફાન અલિએ** આ હુમલા અંગે દુઃખ વ્યક્ત કરતાં કહ્યું હતું કે આ જઘન્ય હુમલાખોરોને ન્યાયતંત્ર સમક્ષ ખડા કરવા જ રહ્યા.

■ **યુરોપીયન કમીશનના પ્રમુખ ઊરમુલ્લા** ફ્રોન-દર-લીયેને કહ્યું હતું કે યુરોપ આ દુઃખની ઘડીમાં ભારતની સાથે છે. સાથે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે ભારતની અંતર શક્તિ અતૂટ છે. તે આ આપત્તિમાં પણ ટટ્ટાર ઊભું રહી શકે તેમ છે.

■ **ઓસ્ટ્રેલિયાના PM એન્થની અલ્બાનીઝે** 'X' પર લખ્યું, 'જમ્મુ અને કાશ્મીરમાં નિર્દોષો ઉપર થયેલા એ હુમલાથી મને ઊંડો આઘાત લાગ્યો છે. મૃતકોનાં સગાં-સંબંધીઓ પ્રત્યે તેમજ ઈજાગ્રસ્તો પ્રત્યે અમારૂં હૃદય છલકાઈ રહ્યું છે.'

■ **ન્યુઝીલેન્ડ, સાઈપ્રસના, ઈસ્ટોનિયાના** વિદેશ પ્રધાનોએ પણ પહેલગામ હુમલા અંગે આઘાતની લાગણી દર્શાવતાં આ જઘન્ય કૃત્યને વખોડી કાઢ્યું છે.

## હુમલાના દોષિતો અને પડદા પાછળના લોકો સુધી પણ પહોંચીશું : રાજનાથ સિંહનો હુંકાર

**નવી દિલ્હી**

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના લીધે દેશ ક્રોધે ભરાયેલો છે. હુમલા પાછળ જવાબદાર આતંકવાદીઓ પર જવાબી કાર્યવાહી ઇચ્છે છે. એવામાં રક્ષા મંત્રી રાજનાથ સિંહે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'પહલગામમાં થયેલા કાયરતાપૂર્ણ હુમલામાં આપણે ઘણી માસૂમ જિંદગીઓ ગુમાવી દીધી છે. અમને આ વાતનું દુખ છે. હું તે પરિવારો પ્રત્યે મારી સંવેદના વ્યક્ત કરું છું જેમને પોતાના પરિજનોને ગુમાવ્યા. અમારી આતંકવાદ પ્રત્યે ઝીરો



ટૉલરેન્સની નીતિ છે. હું દેશવાસીઓને આશ્વસ્ત કરવા માગુ છું કે, સરકાર દરેક જરૂરી પગલાં ભરશે. અમે ના ફક્ત આ કૃત્યને અંજામ આપનાર દોષિતો સુધી પહોંચીશું, પરંતુ પડદા પાછળના લોકો સુધી પણ પહોંચીશું. આરોપીઓને જલ્દી જોરદાર અને સ્પષ્ટ જવાબ મળશે, તે હું દેશને આશ્વસ્ત કરવા માગુ છું.' આતંકવાદી હુમલા બાદ કેન્દ્રની મોદી સરકાર ઍલર્ટ મોડ પર આવી ગઈ છે.

### ઘટનાની FIRમાં શું છે

FIRમાં જણાવાયું છે કે હુમલાખોરો આર્મી જવાનોના કપડામાં હતા અને અચાનક બેસરન ખીણની આસપાસના ગાઢ પાઇન જંગલોમાંથી બહાર આવ્યા. આ દરમિયાન પ્રવાસીઓ હરિયાળીનો આનંદ માણી રહ્યા હતા. અચાનક ગોળીબાર અને ચીસોનો અવાજ આવ્યો. થોડીવારમાં ઘણાં લોકો જમીન પર પડી ગયા અને ઘણાં ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસને બપોરે ૨.૩૦ વાગ્યે હુમલાની માહિતી મળી હતી.

## જમ્મુ કાશ્મીરમાં 2.5 લાખ લોકોની રોજીરોટીને જોખમ, 12000 કરોડના પ્રવાસ ઉદ્યોગને ફટકો

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ અને કાશ્મીરનાં પહેલગામમાં થયેલો હુમલો માત્ર સહેલાણીઓ ઉપર જ થયો હતો તેમ નથી. તે કાશ્મીર ખીણમાં વસતા અઢી લાખ લોકોની રોજી-રોટી ઉપરનો હુમલો છે, એ કેન્દ્ર શાસિત પ્રદેશનાં અર્થતંત્ર પરનો હુમલો છે. કાશ્મીર ખીણનાં અર્થતંત્રની કરોડરજ્જુ તૂટી જવાની છે, સમગ્ર ખીણ પ્રદેશ ગંભીર કટોકટીમાં મુકાઈ જવાનો છે. પ્રવાસીઓને મારવામાં આવેલી એકે એક ગોળી, કાશ્મીરનાં અર્થતંત્રને વર્ષો સુધી પાછુ ધકેલી દેશે.

આ હુમલા અંગે પાકિસ્તાને સફાઈ મારતાં કહ્યું છે કે, અમારે તેની સાથે કશી લેવા-દેવા નથી. તે હુમલો તો ત્યાંના સ્થાનિક આતંકીઓએ જ કર્યો હશે. તો પ્રશ્ન તે થાય છે કે. જેમની રોજી-રોટીનો આધાર જ પ્રવાસન ઉદ્યોગ પર છે,



તેઓ આવા હુમલા શા માટે કરે ? ઉલ્લેખનીય છે કે પૃથ્વી પરના સ્વર્ગ સમાન કાશ્મીરમાં પ્રવાસન ઉદ્યોગ વર્ષે રૂ. 12000 કરોડ આપે છે. તેને હવે ફટકો પડી શકે છે. કારણ કે દેશના મોટા ભાગના લોકોએ કાશ્મીરનો પ્રવાસ આ વર્ષે માંડી વાળ્યો છે.

## ઉરીમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરતાં 2 આતંકી ઠાર, હથિયારો અને પાકિસ્તાની નોટો મળી

**ઉરી**

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં મંગળવારે પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ સેનાના જવાનોએ બુધવારે ઉત્તર કાશ્મીરના ઉરીમાં ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. આ દરમિયાન એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. જેમાં ભારતીય સેનાએ બારામુલ્લાના હાજી પીર સેક્ટરમાં હથિયારો



અને દારૂગોળો જપ્ત કર્યો હતો.

બુધવારે આતંકવાદીઓ ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લામાં ઉરી સેક્ટરમાં ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો. જોકે, સેનાના જવાનોએ આતંકવાદીઓના આ પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. જ્યાં આતંકવાદીઓ અને સૈનિકો વચ્ચે એન્કાઉન્ટર થયું હતું. જેમાં બે આતંકવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા.

## તંગમર્ગમાં સેના અને આતંકીવાદીઓ વચ્ચે અથડામણ, બારામૂલામાં બે ઘૂસણખોર ઠાર

**કુલગામ**

કુલગામના તંગમર્ગમાં બુધવારે સુરક્ષા દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ છે. બંને તરફથી સામસામે ભયાનક ગોળીબાર થઈ રહ્યો છે. હાલ એવી પણ માહિતી મળી છે કે, ફાયરિંગ બંધ થઈ ગયું છે. અધિકારીઓએ કહ્યું કે, કુલગામ જિલ્લાના તંગમર્ગ વિસ્તારમાં આતંકવાદીઓ હોવાની સૂચના મળ્યા બાદ સુરક્ષા દળોએ તપાસ અભિયાન શરૂ કર્યું હતું. આ દરમિયાન આતંકીઓએ સુરક્ષા કર્મચારીઓ પર આડેધડ ગોળીબાર કર્યો હતો. ફાયરિંગમાં કોઈ પણ મોટી જાનહાની થઈ હોવાના અહેવાલો સામે આવ્યા નથી. સેનાએ LoC પાસે આતંકવાદીઓના ઘૂસણખોરીના પ્રયાસને



નિષ્ફળ બનાવ્યો હતો અને બે આતંકવાદીને ઠાર કર્યા હતા. અહીં પણ સેના દ્વારા મોટાપાયે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. સેનાના અધિકારીઓએ કહ્યું કે, સુરક્ષા દળોએ બે-ત્રણ આતંકવાદીઓને ઘૂસણખોરી કરતા જોયા હતા. સુરક્ષાદળોએ આતંકવાદીઓ પાસે બે રાઈફલ સહિત મોટી માત્રામાં હથિયાર અને સામાન જપ્ત કર્યો છે.

# મધ્ય પ્રદેશમાં બેકાબૂ બનેલી બોલેરો કાર પુલ કુદાવી નદીમાં ખાબકી, 8ના મોત, 5 ગંભીર

ભોપાલ

મધ્યપ્રદેશમાં મોટો અકસ્માત સર્જાયો છે. દમોહ જિલ્લાના નોહટા પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ બનવાર ચોકીના મહાદેવ ઘાટ પુલ પાસે આજે બપોરે એક બોલેરો કાર બેકાબૂ થઈને પુલ કૂદાવી નદીમાં ખાબકી ગઈ હતી. આ અકસ્માતમાં આઠ લોકોના કરૂણ મોત થઈ ગયા છે અને પાંચ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ઘાયલોની હાલત ગંભીર હોવાથી તેમને સારવાર માટે જબલપુર રિફર કરવામાં આવ્યા છે. મૃતકો જબલપુર જિલ્લાના પૌડી અને નજીકના ગામોના રહેવાસી છે. આ



લોકો બંદકપુરથી દર્શન કરીને ઘરે પરત ફરી રહ્યા હતા.

માહિતી મળતાં જ કલેક્ટર સુધીર કોચર અને એસપી શ્રુત કીર્તિ સોમવંશી ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ત્યારબાદ તેઓ જિલ્લા હોસ્પિટલમાં આવીને ઘટનાની જાણકારી આપી. સરકાર દ્વારા મૃતકોને વળતરની રકમ પણ આપવામાં આવશે.

મૃતકના સંબંધી ગોવિંદ સિંહે જણાવ્યું કે, આ તમામ લોકો એક જ પરિવારના સભ્યો છે. તેઓ મંગળવારે સવારે અલગ-અલગ કારમાં બંદકપુરના દર્શન માટે આવ્યા હતા. અહીંથી દર્શન કરીને ગામ પાછા જઈ રહ્યા હતા. ત્યારે બનવારના મહાદેવ ઘાટ પુલ પરથી એક બોલેરો નીચે ખાબકી ગઈ. વાહનમાં 13 લોકો સવાર હતા, જેમાંથી 6 લોકોના ઘટનાસ્થળે જ મોત થઈ ગયા હતા અને સાત ઘાયલોને સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# મધ્યપ્રદેશમાં ફરી કોરોનાની એન્ટ્રી, બે નવા કેસ નોંધાયા, એક મહિલાનું મોત

ભોપાલ

ઘણા લાંબા સમય બાદ મધ્યપ્રદેશમાં ફરી કોરોનાની એન્ટ્રી થઈ છે. અહીંના ઈન્દોરમાં કોરોના વાયરસના બે કેસ સામે આવતા આરોગ્ય વિભાગ સહિત લોકોમાં ફરી દહેશત ફેલાઈ છે. મળતા અહેવાલો મુજબ બે દર્દીઓમાંથી એક મહિલાનું મોત થયું છે, જ્યારે દેવાસમાં રહેતા અન્ય દર્દીની સારવાર ચાલી રહી છે. કોરોના પોઝિટિવ મહિલા કિડનીની ગંભીર બિમારીથી પીડિત હતી અને મલ્ટી-ઓર્ગન ફેલ્યોરના કારણે તેણીનું મૃત્યુ થયું હોવાનું કહેવાઈ રહ્યું છે.

દર્દીઓ કોરોના પોઝિટિવ હોવાની માહિતી મળતા જ આરોગ્ય વિભાગ દોડતું થઈ ગયું છે. ઈન્દોરના મુખ્ય આરોગ્ય અને તબીબી અધિકારી (CMHO) સ્થિતિને તાત્કાલિક ધ્યાને લીધી છે અને દેવાસ આરોગ્ય વિભાગને એલર્ટ કરી દીધા છે. રિપોર્ટ મુજબ કોરોના પીડિત યુવકને અરબિંદો મેડિકલ કોલેજના આઈસોલેશન વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યો છે. કોરોના કેસોની જાણ થતાં જ આરોગ્ય વિભાગે તુરંત કાર્યવાહી શરૂ કરી દીધી છે. વિભાગે સંક્રમણ વધુ ફેલાતું અટકાવવા માટે કોન્ટેક્ટ ટ્રેસિંગ શરૂ કરી દીધી છે. દેવાસમાં પણ માહિતી મોકલવામાં આવી છે. તંત્ર દ્વારા યુવકના સંપર્કમાં આવેલા લોકોની ઓળખ કરવામાં આવી રહી છે.

# INS સુરત યુદ્ધ જહાજ પરથી મિસાઇલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હી

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ કેન્દ્ર સરકાર એક્શન મોડમાં છે. એક દિવસ પહેલા પડોશી દેશ વિરુદ્ધ મોટા નિર્ણયો લીધા બાદ, હવે લશ્કરી સ્તરે તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને આ માટે તમામ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. આ દરમિયાન, ભારતીય નૌકાદળે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. ભારતીય નૌકાદળના સ્વદેશી રીતે નિર્મિત યુદ્ધ જહાજ INSએ સુરત ખાતે સમુદ્રમાં ઝડપથી ઉડતા લક્ષ્ય પર સચોટ હુમલો કરીને મોટી સફળતા મેળવી છે. આ સિદ્ધિ નૌકાદળની તાકાતને વધુ મજબૂત બનાવે છે. આ સફળતા સ્વદેશી યુદ્ધ જહાજ ડિઝાઈન, ડેવલપમેન્ટ અને કામગીરીમાં ભારતીય નૌકાદળની વધતી જતી શક્તિ દર્શાવે છે. આ સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર ભારતના વિઝનને વધુ મજબૂત બનાવે છે. અરબી સમુદ્રમાં કરવામાં આવેલું આ સફળ પરીક્ષણ ખૂબ જ મહત્વપૂર્ણ છે કારણ કે પાકિસ્તાન પણ આ જ વિસ્તારમાં મિસાઈલનું પરીક્ષણ કરવા જઈ રહ્યું છે. માહિતી અનુસાર, પહેલગામ આતંકવાદી હુમલા પછી ભારત સરકાર દ્વારા લેવામાં આવેલા ઝડપી નિર્ણયો બાદ, પાકિસ્તાન એક મિસાઈલ પરીક્ષણ કરવા જઈ રહ્યું છે.

# પંજાબમાં યુવતીનું અપહણ કરી 3 મહિના સુધી ગેંગરેપ, પાદરી સહિત 13 સામે કેસ

બટાલા

પંજાબના બટાલામાં એક 22 વર્ષીય યુવતીનું કથિત રીતે અપહરણ કરી અને ગેંગરેપના કેસમાં પોલિસે એક પાદરી સહિત 13 લોકો સામે ફરિયાદ નોંધી છે. આરોપીઓમાં પાદરી મંજીત સિંહ સિવાય સાવર મસીહ, હેપ્પી, કાજલ, રાજેન્દર સહિત કુલ 13 લોકો સામેલ છે, જેમાંથી બે ની ઓળખહ હજુ સુધી થઈ શકી નથી.

પીડિતાએ કહ્યું કે, તે ફતેહગઢ ચુરિયાં રોડ પર આવેલા એક ગામની રાઈસ મિલમાં કામ કરતી હતી. આ ગામમાં રહેતા સાવર મસીહે કોઈની પાસેથી તેનુ સોશિયલ મીડિયા એકાઉન્ટ આઈડી મેળવીને તેને ફોલો કરવા લાગ્યો હતો. જાન્યુઆરીમાં સાવર મસીહ અને તેનો એક સંબંધી મિલ પર આવ્યા હતા અને તેને બહાર બોલાવી ધારદાર હથિયારો બતાવી ધમકાવીને સ્કૂટર પર બેસાડી અપહરણ કર્યું હતું.

પીડિતાના જણાવ્યા પ્રમાણે તેને એક અજાણી જગ્યા પર લઈ જવામાં આવી હતી જ્યાં તેના પર રેપ કરવામાં આવ્યો હતો, મારવામાં આવતી હતી અને ત્રણ મહિના સુધી એક ઘરમાં બંધ કરીને રાખવામાં આવી હતી. પીડિતાએ કહ્યું કે, એ પછી ત્યા આવેલા એક પાદરી મંજીત સિંહે મને એક પ્રવાહી પીવડાવ્યું હતું અને કહ્યું કે, હવે તેણે ઈસાઈ ધર્મ અપનાવી ચૂકી છે. એ પછી તેમણે એક દસ્તાવેજ પર સહી કરવાની ફરજ પાડવામાં આવી જેમાં જણાવાયું હતું કે, તે એક આરોપી સાથે લિવ-ઈન રિલેશનશિપમાં રહે છે.

પીડિતાએ જણાવ્યું કે, ગયા અઠવાડિયે આરોપી રૂમને તાળું મારવાનું ભૂલી ગયો હતો, જેનો ફાયદો ઉઠાવીને તે ત્યાંથી ભાગી ગઈ હતી.

# પ. બંગાળના ત્રણ ભરતી કૌભાંડમાં ઈડીએ રૂપિયા 600 કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

## ત્રણ કૌભાંડોમાં ધો. 9 થી 12ના શિક્ષકો અને પ્રાથમિક શિક્ષકોની ભરતી સામેલ

નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં ત્રણ અલગ અલગ શિક્ષક અને સ્ટાફ ભરતી કૌભાંડમાં મની લોન્ડરિંગ તપાસના ભાગરૂપે ૬૦૯ કરોડ રૂપિયાથી વધુની મિલકતો ટાંચમાં લેવામાં આવી છે તેમ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ એક નિવેદનમાં જણાવ્યું છે.

ઈડીએ જણાવ્યું છે કે સ્કૂલ સર્વિસ કમિશન (એસએસસી)એ ગ્રુપ સી અને ડી સ્ટાફની કરેલી ભરતીના કેસમાં ૫૬.૫૦ કરોડ રૂપિયાના જમીનના પ્લોટ, કોમર્શિયલ જગ્યા, ફ્લેટ અને વિલા ટાંચમાં લેવા માટે નવો આદેશ જારી કરવામાં આવ્યો છે.

ફેડરલ તપાસ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે આ મિલકતો મુખ્ય વચેટિયા પ્રસન્ના કુમાર રોય અને તેમના સાથીઓની કંપનીઓ અને એલએલપી (લિમિટેડ લાએબિલિટી) ના નામે છે. આ મિલકતોનું મૂલ્ય ૫૬.૫૦ કરોડ રૂપિયા છે. ૨૦૧૬ની ભરતી પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતિ બહાર આવતા સુપ્રીમ કોર્ટે ૩ એપ્રિલના રોજ સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરતા સરકારી અને ગ્રાન્ટ મેળવતી શાળાઓના ૨૫,૭૫૩ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફે તેમની નોકરી ગુમાવી છે. જો કે ૧૭ એપ્રિલે સુપ્રીમ કોર્ટે સીબીઆઈ દ્વારા ક્લીનચીટ આપવામાં આવેલા ટર્મિનેટેડ શિક્ષકોની નોકરી ૩૧ ડિસેમ્બર સુધી વધારી છે.

ઉલ્લેખનીય છે કે ઈડીએ આ અગાઉ આ કેસમાં રોય અને તેમના મુખ્ય એજન્ટ ચંદન મોંડલની ૧૬૩.૬૬ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી હતી.

# હવામાન વિભાગે દિલ્હી સહિત 11 રાજ્યોમાં ગરમીનું યલો એલર્ટ આપ્યું

નવી દિલ્હી



હવામાન વિભાગએ આગામી સાત દિવસમાં દેશના વિવિધ ભાગોમાં ગરમીનું મોજું અને ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. આગામી 24 કલાક દરમિયાન દિલ્હી સહિત 11 રાજ્યોમાં તીવ્ર ગરમી પડવાની શક્યતા છે. જ્યારે કેટલાક રાજ્યોમાં વાવાઝોડા અને ભારે વરસાદની શક્યતા છે.

આગામી છ દિવસમાં ઉત્તર-પશ્ચિમ ભારતમાં તાપમાનમાં 2-3 ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની ધારણા છે. મધ્ય ભારત અને ગુજરાતમાં આગામી ત્રણ દિવસમાં 2 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે, જ્યારે પૂર્વ ભારતમાં 4થી 6 ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. હવામાન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, આજે પૂર્વી રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, છત્તીસગઢ, હરિયાણા, ઓડિશા, પંજાબ અને દિલ્હીમાં તીવ્ર ગરમીની અસર જોવા મળી શકે છે.

# 10 લાખથી વધુની લક્ઝુરિયસ વસ્તુઓની ખરીદી પર હવે એક ટકા ટીસીએસ લાગશે

નવી દિલ્હી

10 લાખથી વધુ કિંમતના હેંડબેગ, કાંડા ઘડિયાળ, શૂઝ-ચંપલ અને સ્પોર્ટ્સ વેર જેવી લક્ઝરી વસ્તુઓ પર હવે 1 ટકા (ટીસીએસ) લાગશે. 1 જાન્યુઆરી, 2025થી 10 લાખ રૂપિયાથી વધુ કીંમતવાળા મોટર વાહનો પર એક ટકાના દરથી ટીસીએસ લગાવવામાં આવી રહ્યો છે. આવકવેરા વિભાગે 22 એપ્રિલ, 2025થી 10 લાખ રૂપિયાથી વધુની વિશિષ્ટ લક્ઝરી વસ્તુઓના વેચાણ પર એક ટકા ટીસીએસ લગાવવા નોટિફિકેશન બહાર પાડયું છે. ટીસીએસને નિર્દિષ્ટ વસ્તુઓના વેચાણના સમયે ખરીદનાર પાસેથી લેવામાં આવે છે તથા તેને આવકવેરા રિર્ટન ભરતી વખતે ખરીદનારની ટેક્સની રકમમાં એડજસ્ટ કરવામાં આવે છે.

# 26/11ના આરોપી તહવ્વુર રાણાને ઝટકો કોર્ટે પરિવાર સાથે વાત કરવાની અરજી ફગાવી

નવી દિલ્હી

દિલ્હીની એક કોર્ટે આજે (24 એપ્રિલ) 26/11ના આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર હુસૈન રાણાની તેના પરિવારના સભ્યો સાથે વાત કરવાની અરજી ફગાવી દીધી હતી. પટિયાલા હાઉસના સ્પેશિયલ ન્યાયાધીશ ચંદર જીત સિંહે રાણાના વકીલ અને એનઆઈએની અરજી પર દલીલો સાંભળ્યા બાદ કહ્યું કે, રાણાને તેના પરિવારના સભ્યો સાથે વાત કરવાની મંજૂરી નથી.

રાણાએ તેમના વકીલ દ્વારા અરજી દાખલ કરી હતી અને કહ્યું હતું કે, તેમના પરિવારના સભ્યો સાથે વાત કરવી એ તેમનો મૂળભૂત અધિકાર છે અને તેઓ તેમના સ્વાસ્થ્યની ચિંતા કરશે.

એનઆઈએએ રાણાની અરજીનો વિરોધ કર્યો હતો અને દલીલ કરી હતી કે, જો તેમને તેમના પરિવારના સભ્યો સાથે વાત કરવાની મંજૂરી આપવામાં આવે તો તેઓ મહત્વપૂર્ણ માહિતી શેર કરી શકે છે.

NIA કહ્યું કે, કેસ હજુ પણ નિર્ણાયક તબક્કામાં છે. તે જ સમયે, રાણા વતી હાજર રહેલા વકીલે દલીલ કરી હતી કે વિદેશી નાગરિક હોવાને કારણે, રાણાનો પોતાના પરિવાર સાથે વાત કરવાનો મૂળભૂત અધિકાર છે, જેઓ તેમના સ્વાસ્થ્ય વિશે ચિંતિત છે.

# પહેલગામમાં હુમલો પગલે USએ પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી

વોશિંગ્ટન

અમેરિકાએ જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ પોતાના નાગરિકો માટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરી છે. એડવાઈઝરીમાં નાગરિકોને કહેવામાં આવ્યું છે કે તેઓ ભારત-પાકિસ્તાન સરહદના ૧૦ કિલોમીટરના દાયરામાં મુસાફરી ન કરે. "જમ્મુ-કાશ્મીર કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદી હુમલા અને હિંસક અશાંતિ શક્ય છે. તેથી આ રાજ્યમાં મુસાફરી નહી કરવી હિતાવહ છે. આ વિસ્તારમાં છૂટાછવાયા રૂપે હિંસા થાય છે. ભારત અને પાકિસ્તાન વચ્ચેની નિયંત્રણ રેખા (એલઓસી) પર આ સામાન્ય બાબત છે. કાશ્મીર ખીણના પ્રવાસન સ્થળો શ્રીનગર, ગુલમર્ગ અને પહેલગામ વિસ્તારમાં હાલ જાનમાલને જોખમ છે.

# છેલ્લી બે ઓવરમાં બાજી પલટીને RCBએ રાજસ્થાનને ૧૧ રનથી હરાવ્યું

## RCBએ ઘરઆંગણે પ્રથમ વિજય મેળવ્યો : આરસીબી 5/205, રાજસ્થાન 9/194, કોહલીના 70 રન

બેંગ્લુરુ : જોસ હેઝલવૂડ અને યશ દયાલે છેલ્લી બે ઓવરમાં બાજી પલટી નાખતા રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ આઇપીએલની મેચમાં રાજસ્થાનને ૧૧ રનથી હરાવીને હોમગ્રાઉન્ડમાં પ્રથમ વિજય મેળવ્યો હતો. રાજસ્થાનનો આ સતત પાંચમો પરાજય છે. આરસીબીના પાંચ વિકેટે ૨૦૫ રનના જવાબમાં રાજસ્થાનની ટીમ નવ વિકેટે ૧૯૪ રન બનાવી શકી હતી. રાજસ્થાન માટે જયસ્વાલે ૪૯ રન બનાવ્યા હતા. હેઝલવૂડે 33 રનમાં ચાર વિકેટ ઝડપી હતી ફિલ સાલ્ટ અને કોહલીએ પ્રથમ વિકેટ માટે ૬૧ રનની ભાગીદારી નોંધાવીને આરસીબી માટે આક્રમક શરૂઆત કરી હતી. સાલ્ટ ૨૬ રન બનાવીને આઉટ થયો હતો. કોહલી અને પડ્ડિકલે બીજી વિકેટ માટે ૫૧ બોલમાં ૯૫ રનની પાર્ટનરશિપ કરી હતી. કોહલી ૪૨ બોલમાં આઠ બાઉન્ડ્રી અને બે સિક્સર વડે ૭૦ તથા પડ્ડિકલ ૨૭ બોલમાં ૫૦ રન બનાવીને આઉટ થયો હતો. ટિમ ડેવિડે ૨૩ રન બનાવ્યા હતા. રાજસ્થાન માટે સંદીપ શર્માએ ૪૫ રનમાં બે વિકેટ મેળવી હતી.

### ગંભીરને ISIS દ્વારા જાનથી મારી નાંખવાની ધમકી મળી

નવી દિલ્હી । ભારતીય ક્રિકેટ ટીમના મુખ્ય કોચ તથા ભાજપના ભૂતપૂર્વ સાંસદ ગૌતમ ગંભીરને ISIS કાશ્મીર દ્વારા જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ત્યારબાદ ગંભીરે દિલ્હી પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને તાત્કાલિક કાર્યવાહી કરવાની માગણી કરી હતી. રાજેન્દ્રનગર પોલીસ સ્ટેશનના એસએચઓ તથા સેન્ટ્રલ દિલ્હીના ડીસીપીના અનુસાર ગંભીરે ઔપચારિક રીતે એફઆઈઆર નોંધવાની વિનંતી કરી છે.



### ટીર૦માં રોહિત શર્માના ૧૨ હજાર રન પૂરા, હૈદરાબાદ સામે મુંબઈનો સાત વિકેટે વિજય

હૈદરાબાદ : ઓપનર રોહિત શર્માની આક્રમક અડધી સદીની મદદથી મુંબઇ ઇન્ડિયન્સે આઇપીએલની લીગ મેચમાં સનરાઈઝર્સ હૈદરાબાદને સાત વિકેટે પરાજય આપ્યો હતો. રોહિતે ટીર૦ ક્રિકેટમાં ૧૨ હજાર રન પૂરા કર્યા હતા અને આ સિદ્ધિ મેળવનાર તે વિરાટ કોહલી બાદ બીજો ભારતીય ક્રિકેટર છે. હૈદરાબાદના આઠ વિકેટે ૧૪૩ રનના જવાબમાં મુંબઇની ટીમે ૧૫.૪ ઓવરમાં ત્રણ વિકેટે ૧૪૬ બનાવીને મેચ જીતી લીધી હતી.

### આતશબાજી અને ચિયરલીડર્સ ઉપર પ્રતિબંધ

## પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી ભારતીય રમતજગતમાં શોક




હૈદરાબાદ । સનરાઇઝર્સ હૈદરાબાદ અને મુંબઇ ઇન્ડિયન્સના ખેલાડીઓ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના પીડિતો પ્રત્યે શોક વ્યક્ત કરવા માટે કાળી પટ્ટ બાંધીને મેદાનમાં ઊતર્યા હતા. આ મુકાબલામાં ચિયરલીડર્સને પણ સ્થાન અપાયું નહોતું. મેચ દરમિયાન અને પછી થતી આતશબાજી ઉપર પણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો હતો. મેચ પહેલાં બંને ટીમોએ આ ઘટનાથી પ્રભાવિત લોકોને શ્રદ્ધાંજલિ આપવા માટે એક મિનિટનું મૌન રાખ્યું હતું. મેચ રમાય તે પહેલાં બોર્ડના એક અધિકારીએ આ બાબતને સમર્થન આપીને જણાવ્યું હતું કે બંને ટીમના ખેલાડીઓ શોક પ્રદર્શિત કરવા માટે કાળી પટ્ટી બાંધશે અને એક મિનિટનું મૌન પાળવામાં આવશે. પહલગામ હુમલાની વિશ્વભરમાંથી આકરી ટીકાઓ કરવામાં આવી છે. ૨૦૦૮માં મુંબઈમાં આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન સાથેના દ્વિપક્ષીય સંબંધો તોડી નાખ્યા છે અને આઇસીસીની મેજર ઇવેન્ટમાં જ રમે છે.




પ્રભાવિત પરિવાર એક અકલ્પનીય કપરાં સમયમાંથી પસાર થઈ રહ્યા છે. પૂરો ભારત દેશ તથા વિશ્વ આ દુઃખના સમયે તેમની સાથે છે. અમે લોકોને શ્રાદ્ધાંજલિ આપીએ છીએ અને ન્યાય માટે પ્રાર્થના કરીએ છીએ

- સચિન તેંડુલકર




પહલગામ આતંકી હુમલાના પીડિતો પ્રત્યે મારી સહાનુભૂતિ છે. આટલું દુઃખ, આટલું નુકસાન, આટલી ક્રૂરતાવાળા હુમલાને કોઈ યોગ્ય ગણાવી શકે નહીં. પીડિત પરિવારો માટે મારી પાસે શબ્દો નથી પરંતુ તમે એકલા નથી. અમે તમારી સાથે છીએ.

- પીવી સિંધુ



પીડિતોના પરિવાર પ્રત્યેક હાર્દિક સંવેદના છે. જે લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે તેમના પરિવારોને શાંતિ અને શક્તિ મળે, તેમને ન્યાય મળે તે માટે પ્રાર્થના કરું છું.

- વિરાટ કોહલી



» એકાના સ્ટેડિયમમાં લખનઉ સુપર જાયન્ટની સામેના મુકાબલામાં અર્ધશતક બનાવવાની સાથે સાથે કેએલ રાહુલે આઈપીએલ ઇતિહાસમાં સૌથી ઝડપી ૫૦૦૦ રન પૂરા કરી લીધા છે. ડેવિડ વોર્નરે ૧૩૫ ઇનિંગ રમીને આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી હતી જેને રાહુલે ૧૩૦ ઇનિંગમાં જ આ રેકોર્ડ પોતાને નામે કરી લીધો છે. બહરહાલ, એકાનામાં લખનઉની ટીમે પહેલા બેટિંગ કરીને ૧૫૯ રન બનાવ્યા હતા. જેના જવાબમાં દિલ્હી તરફી અભિષેકે અર્ધ શતક અને રાહુલે ૪૨ બોલમાં 3 ફોર અને 3 સિક્સની મદદથી અણનમ ૫૭ રન બનાવી ૧૮મી ઓવરમાં જ પોતાની ટીમને જીત અપાવી હતી.

### લખનઉ સામે હાર્યા બાદ રાજસ્થાન રોયલ્સ સામે મેચ ફિક્સિંગના ગંભીર આક્ષેપો થયા

નવી દિલ્હી : આઈપીએલની એક રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સનો લખનઉ સુપર જાયન્ટ્સ સામે પરાજય થયો હતો અને હવે એક નવો વિવાદ શરૂ થયો છે. રાજસ્થાનના પરાજય બાદ મેચ ફિક્સિંગ થયું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. રાજસ્થાન ક્રિકેટ એસોસિયેશનની એડહોક સમિતિના કન્વેનર જયદીપ બિહાણીએ આક્ષેપ કર્યો છે કે આ મેચમાં કોઈક ગરબડ થઈ છે. લખનઉ સામે વિજયના દ્વાર સુધી પહોંચ્યા બાદ રાજસ્થાન બે રનથી હારી ગઈ હતી, જયદીપે પ્રશ્નાર્થ કર્યો છે કે પોતાના હોમગ્રાઉન્ડમાં ટીમ આ રીતે કેવી રીતે હારી ગઈ છે.

### પોરેલ અને લોકેશ રાહુલની અડધી સદી વડે દિલ્હી કેપિટલ્સે લખનઉને આઠ વિકેટે હરાવ્યું

લખનઉ : ઓપનર અભિષેક પોરેલના ૩૬ બોલમાં ૫૧ તથા લોકેશ રાહુલના અણનમ ૫૭ રનની મદદથી દિલ્હી કેપિટલ્સે આઈપીએલની લીગ મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે આઠ વિકેટે વિજય હાંસલ કર્યો હતો. સુકાની અક્ષર પટેલે અણનમ ૩૪ રન બનાવ્યા હતા. લખનઉના છ વિકેટે ૧૫૯ રનના જવાબમાં દિલ્હીની ટીમે ૧૭.૫ ઓવરમાં બે વિકેટે ૧૬૧ રન બનાવી લીધા હતા. આ સાથે દિલ્હીની ટીમે પોઈન્ટ ટેબલમાં પોતાનું બીજું સ્થાન વધારે મજબૂત કર્યું હતું. માર્કરામ અને માર્શે પ્રથમ વિકેટ માટે ૮૭ રનની ભાગીદારી નોંધાવી હતી.

### વિન્ડીઝનો નિકોલસ પૂરન બેસ્ટ ટીર૦ ક્રિકેટર બન્યો

## જસપ્રીત બુમરાહ અને સ્મૃતિ મંધાના વિઝડ્નના સર્વશ્રેષ્ઠ ક્રિકેટર બન્યા

નવી દિલ્હી : વિઝડ્ન ક્રિકેટર્સ અલમાનકે ભારતીય ક્રિકેટર સ્મૃતિ મંધાના અને જસપ્રીત બુમરાહને ૨૦૨૪ના વર્ષ માટેના સર્વશ્રોષ્ઠ ક્રિકેટર તરીકે પસંદ કર્યા છે. ભારતીય મેન્સ ટીમના પેસ બોલર બુમરાહે ૨૦૨૪માં ૧૪.૯૨ની સરેરાશથી અને ૩૦ના સ્ટ્રાઈક રેટથી ૭૧ ટેસ્ટ વિકેટ પોતાના નામે કરી હતી તેણે ટી૨૦ વર્લ્ડ કપમાં પણ ભારતને ચેમ્પિયન બનાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી હતી. બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં તેણે ૧૩.૦૬ની એવરેજથી ૩૨ વિકેટ હાંસલ કરી હતી. વિમેન્સ કેટેગરીમાં મંધાનાએ ગયા વર્ષે ત્રણેય ફોર્મેટ ટી૨૦, વન-ડે તથા ટેસ્ટમાં કુલ ૧,૬૫૯ રન બનાવ્યા હતા. તેણે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં એક કેલેન્ડર વર્ષમાં સર્વાધિક રન બનાવવાનો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો હતો. મંધાના આ સિદ્ધિ બે વખત હાંસલ કરનાર




પ્રથમ ભારતીય મહિલા ખેલાડી છે. ગયા વર્ષે તેણે ચાર વન-ડે સદી અને સાઉથ આફ્રિકા સામેની એકમાત્ર ટેસ્ટ મેચમાં ૧૪૯ રનની ઈનિંગ રમી હતી. વન-ડેમાં તે ૭૪૭ રન તથા ટી૨૦માં ૭૬૩ રન સાથે મોખરાના સ્થાને રહી હતી. આ ઉપરાંત મંધાનાએ ગયા વર્ષે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુને પોતાનું પ્રથમ વિમેન્સ પ્રીમિયર લીગનું ટાઈટલ જીતાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું.વેસ્ટ ઈન્ડિઝનો વિકેટકીપર બેટ્સમેન નિકોલસ પૂરન પણ વિઝડ્ન એવોર્ડની યાદીમાં સ્થાન મેળવવામાં સફળ રહ્યો છે.

## BCCIએ સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ જાહેર કર્યો : ઐયર, પંતને પ્રમોશન, અવેશખાન, શાર્દૂલની બાદબાકી

### નીતીશ રેડ્ડી, હર્ષિત રાણા, અભિષેક શર્મા તથા વરુણ ચક્રવર્તીને પ્રથમ વખત કરાર મળ્યો

મુંબઈ : બીસીસીઆઈએ ૨૦૨૪-૨૫ની સિઝન માટે ખેલાડીઓના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની યાદી જાહેર કરી દીધી છે જેમાં કુલ ૩૪ ખેલાડીઓ છે. ચાર ખેલાડીઓને ગ્રેડ-એ પ્લસમાં, છ ખેલાડીઓને ગ્રેડ-એ, પાંચ ખેલાડીઓને ગ્રેડ-બી તથા ૧૯ ખેલાડીઓને ગ્રેડ-સી આપવામાં આવ્યો છે. નીતિશ રેડ્ડી, હર્ષિત રાણા, અભિષેક શર્મા તથા સ્પિનર વરુણ ચક્રવર્તીને પ્રથમ વખત બોર્ડનો સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. આ તમામને ગ્રેડ-સીમાં રાખવામાં આવ્યા છે. વિકેટકીપર બેટ્સમેન રિષભ પંતને પ્રમોશન મળ્યું છે અને તેને ગ્રેડ-બીમાંથી ગ્રેડ-એમાં પ્રમોટ કરવામાં આવ્યો છે. સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની સૌથી મોટી બાબત ઈશાન કિશન અને શ્રોયસ ઐય્યરના યાદીમાં પુનરાગમનનું છે. રોહિત શર્મા,






વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ તથા રવીન્દ્ર જાડેજાને એ-પ્લસ કેટેગરીમાં જાળવી રાખવામાં આવ્યા છે.

ઓફ સ્પિનર અશ્વિન યાદીમાંથી બહાર થઈ ચૂક્યો છે. અવેશ કાન તથા શાર્દૂલ ઠાકુર છેલ્લા એક વર્ષમાં વધારે મેચ રમી શક્યા નથી અને તેમની યાદીમાંથી બાદબાકી કરવામાં આવી છે. આ ઉપરાંત વિકેટકીપર બેટ્સમેન જિતેશ શર્મા પણ યાદીમાંથી બહાર થયો છે.

### કયા ગ્રેડમાં કયો ખેલાડી

- A+ (સેલેરી ૭ કરોડ) રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રીત બુમરાહ, રવીન્દ્ર જાડેજા
- A (સેલેરી ૫ કરોડ) હાર્દિ પંડયા, શુભમન ગીલ, રિષભ પંત, મોહમ્મદ શમી, મોહમ્મદ સિરાજ, કેએલ રાહુલ
- B (સેલેરી ૩ કરોડ) સૂર્યકુમાર યાદવ, યશસ્વી જયસ્વાલ, શ્રોયસ અય્યર, અક્ષર પટેલ, કુલદીપ યાદવ
- C (સેલેરી ૧ કરોડ) રિંકુ સિંહ, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, સરફરાજ ખાન, આકાશ દીપ, તિલક વર્મા, વોશિંગ્ટન સુંદર, પ્રસિદ્ધ ક્રિષ્ણા, નીતીશ રેડ્ડી, વરૂણ ચક્રવર્તી, ઋતુરાજ ગાયકવાડ, મુકેશ કુમાર, રજત પાટીદાર, ઈશાન કિસન, શિવમ દૂબે, સંજુ સેમસન, ધ્રુવ જુરેલ, અભિષેક શર્મા, હર્ષિત રાણા

# ઈઝરાયેલનો ગાઝાની સ્કૂલ પર હુમલો, 23 લોકોના મોત

## હુમલાના પગલે ફ્રાન્સ, જર્મની અને બ્રિટને ઇઝરાયેલની ટીકા કરી, અમુક લોકો ટેન્ટમાં આગ લાગતાં જીવતા જ સળગી ગયા હતા

**ગાઝા સિટી**

ઈઝરાયેલે ગાઝા સિટીમાં શેલ્ટર હોમ બનાવી દીધેલી સ્કૂલ પર હુમલો કરતાં 23ના મોત થયા છે. આ હુમલામાં કેટલાક ટેન્ટમાં આગ લાગતા કેટલાક લોકો જીવતા સળગી ગયા હતા. ઈઝરાયેલ તરફથી આ હુમલાને લઈને કોઈપણ પ્રકારની ટિપ્પણી આવી નથી.

બીજી બાજુએ આરબ મધ્યસ્થીકારો ઈઝરાયેલ અને હમાસ વચ્ચે પાંચથી સાત વર્ષના લાંબા ગાળાની શાંતિના કરાર માટેના પ્રયાસ આદર્યા છે. ઈઝરાયેલનું લશ્કર સામાન્ય નાગરિકોના મોત માટે હમાસને જ જવાબદાર ઠેરવતું આવ્યું છે, કારણ કે હમાસના નાગરિકો ગીચ વસ્તીની અંદર છૂપાયેલા છે. ઈઝરાયેલે ગાઝા ફરતે લગભગ બે મહિનાથી નાખેલા ઘેરાના કારણે ત્યાંના લોકો સુધી માનવીય સહાય પહોંચવી લગભગ અશક્ય બની ગઈ છે. આ બદલ ફ્રાન્સ, જર્મની અને બ્રિટને ઈઝરાયેલની ટીકા કરી છે. ત્રણેય દેશ ઈઝરાયેલના ગાઢ સહયોગી માનવામાં આવે છે. પેલેસ્ટાઈનમાં વેસ્ટ બેન્કના પ્રમુખ મહમુદ અબ્બાસીએ હમાસને બંધકોને મુક્ત કરવા જણાવ્યું છે. તેણે ભારપૂર્વક જણાવ્યું હતું કે હમાસે શસ્ત્રો ત્યજી દેવા જોઈએ. તેણે હમાસની તુલના કૂતરાઓ સાથે કરી હતી, જે ભસભસ તો કરે છે પણ કશું કરી શકતું નથી.જો કે પશ્ચિમ સમર્થન પેલેસ્ટાઈની સત્તામંડળના વડા અબ્બાસ હમાસ પર કોઈ પ્રભાવ ધરાવતા નથી.



# ભારત-યુએસ વચ્ચે નવા વેપાર કરાર અંતિમ તબક્કામાં હોવાના સ્પષ્ટ સંકેત

**વોશિંગ્ટન**

ભારત અને અમેરિકા વચ્ચેનો સંભવિત વેપાર કરાર હીરા અને ઝવેરાત ઉદ્યોગ માટે ખુશખબર લઈને આવી શકે છે. મોદી-વાન્સની મુલાકાતે આ કરારના અંતિમ તબક્કામાં હોવાના સ્પષ્ટ સંકેત આપ્યા છે. ચીન સાથેના વધતા મતભેદો અમેરિકાને ભારતના સહકારની જરૂરિયાત તરફ દોરી રહ્યા છે, જે ભારતના આર્થિક અને વ્યૂહાત્મક હિતોને મજબૂત કરશે. આ વેપાર કરારથી ભારતનો હીરા ઉદ્યોગ નવી ઊંચાઈઓ સર કરી શકે છે, તથા નિકાસ, રોકાણ અને રોજગારીમાં નોંધપાત્ર વધારો થશે. ચીન સાથે અમેરિકાના વધતા મતભેદો અને ભારતની વધતી વૈશ્વિક ભૂમિકાએ ભારત-અમેરિકા સંબંધોને નવો આયામ આપ્યો છે. આવી સ્થિતિમાં અમેરિકાને ભારત જેવા વિશ્વસનીય ભાગીદારની જરૂર છે. પ્રધાનમંત્રી મોદી અને ઉપરાષ્ટ્રપતિ વાન્સ વચ્ચેની મુલાકાતમાં બંને નેતાઓએ ભારત અને અમેરિકા વચ્ચેની વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને 21મી સદીની મહત્વની ભાગીદારી તરીકે ગણી છે. વાતચીતમાંથી સ્પષ્ટ થયું છે કે વેપાર સોદો ટૂંક સમયમાં અંતિમ સ્વરૂપ લઈ શકે છે.

# ડિજિટલ સ્પર્ધાના નિયમ ભંગ બદલ યુરોપિયન કમિશને એપલ-મેટાને 6800 કરોડનો દંડ કર્યો

**લંડન**

યુરોપિયન કમિશનના નિરીક્ષક ઈયુ પંચે ડિજિટલ સ્પર્ધાના નિયમનો ભંગ કરવા બદલ અમેરિકન કંપની એપલને 50 કરોડ યુરો (અંદાજે રૂ. 4874 કરોડ) અને મેટાને 20 કરોડ યુરો (અંદાજે રૂ.1949 કરોડ) નો દંડ ફટકાર્યો છે. એપલને એપ મેકર્સને તેના એપ સ્ટોરની બહારના સસ્તા વિકલ્પોનો ઉપયોગ ન થવા દેવા બદલ આ દંડ ફટકાર્યો છે. ઈયુના એક્ઝિક્યુટિવ એકમ કમિશને મેટા પ્લેટફોર્મને બે કરોડ યુરોનો દંડ ફટકાર્યો હતો.




મેટાએ ફેસબૂક અને ઈન્સ્ટાગ્રામમાં પર્સનલાઈઝ્ડ એડ જોવા અથવા તો તે ન જોવાનું પસંદ કરવા માટે પેમેન્ટની માગ કરી હતી.જો કે આ વખતે ફટકારવામાં આવેલા દંડ અગાઉના અબજો ડોલરના દંડ કરતાં ઓછો હતો. અગાઉ ઈયુએ મોટી ટેક કંપનીઓને એન્ટિ ટ્રસ્ટ કેસમાં અબજો ડોલરનો દંડ ફટકાર્યો હતો.

એપલ અને મેટાએ આ ચુકાદાનો 60 દિવસમાં પાલન કરવાનું રહેશે. આ નિર્ણય તો માર્ચમાં જ લેવાનો હતો, પરંતુ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે છેડેલી ટ્રેડ વોરના કારણે તેમા વિલંબ થયો હતો. ટ્રમ્પ વારંવાર ફરિયાદ કરતાં હોય છે કે બ્રસેલ્સના નિયમનો અમેરિકન કંપનીઓને અસર કરે છે.

# પોપ ફ્રાંસિસના નશ્વર દેહને ખુલ્લાં કોફીનમાં રખાયો, અંતિમ સંસ્કાર 26 એપ્રિલે યોજાશે

**વેટિકન સીટી**

ખ્રિસ્તીઓના સર્વોચ્ચ ધર્મગુરૂ નામદાર પોપ ફ્રાંસિસ ૧૬માના નશ્વર દેહને આજે ખુલ્લાં કોફીનમાં રાખવામાં આવ્યો છે જેથી દર્શનાર્થીઓ તેઓમાં અંતિમ દર્શન કરી શકે. દિવંગત પોપના અંતિમ સંસ્કાર શનિવાર તા. ૨૬ એપ્રિલના દિને ગ્રીનીચ પ્રમાણે સવારે ૮.૦૦ વાગે યોજાશે. તેમ વેટિકનનાં સાધનોએ મંગળવારે જણાવ્યું હતું. આ અંતિમ સંસ્કાર વેટિકન સીટી સ્થિત સેન્ટર પીટર બેસિલિકામાં યોજવામાં આવશે. આ અંતિમ સંસ્કાર અંગે માસ્ટર ઓફ લિટુરગિકલ સેરીમનીઝ (ધાર્મિક મંત્રોનાં પઠન) સંભાળનારા આર્ક બિશપ ડીગો રેવેલ્લીએ ધર્મના નિયમો આધારિત સૂચનાઓ જાહેર કરતાં જણાવ્યું હતું કે, તેઓના નશ્વરદેહને સરઘસ આકારે વેટિકનમાં તેઓનાં નિવાસસ્થળ સુધી લઈ જવાશે. તે પછી 'સામ્સ' (બાઈબલની આયાતો)



નું વિશેષ પઠન થશે. તેવી કાર્ડીનલ કેવિન ફેરેલે જણાવ્યું હતું. નામદાર પોપનાં નિધન પછી ૯ દિવસ નોવેન્ડીયલ તરીકે ઓળખાતો શોક પાળવામાં આવશે. તે પછી નવા પોપની વરણી થશે. તેમાં દુનિયાના કાર્ડીનલ્સ એકત્રિત થશે. ભારતમાંથી કાર્ડીનલ ફિલિપનેરી ફેર્રાઓ કાર્ડીનલ બેસેલિયોસ ક્લિમિસ કાર્ડીનલ એન્થની પૂલા અને કાર્ડીનલ જ્યોર્જ જેકવી કુવાકડ ઉપસ્થિત રહેશે.

# ભારતના એક્શન બાદ પાકિસ્તાને એરસ્પેસ અને વેપાર પર રોક લગાવી

**ઈસ્લામાબાદ**

આતંકવાદી હુમલો થયા બાદ ભારત પાકિસ્તાન વિરુદ્ધ કડકાઈથી કાર્યવાહી કરી છે. ભારતે 1960 સિંધુ જળ સમજૂતી ખતમ કરવા સહિત અનેક પગલા ભર્યા છે, જેના કારણે પાકિસ્તાનમાં ખળભળાટ મચી ગયો છે. ભારતના નિર્ણયની અસર આખા પાકિસ્તાન પર પડી છે. આ જ ક્રમમાં પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે ગુરુવારે (24 એપ્રિલ, 2025) એક ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક પણ બોલાવી હતી, જેમાં તેમણે ભારતીય ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરવાનો આદેશ આપ્યો છે. એટલું જ નહીં શાહબાજ સરકારે કહ્યું કે, પાણી રોકવું યુદ્ધ જેવી કાર્યવાહી છે.

પાકિસ્તાનના વડાપ્રધાનની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં તેઓએ ભારત આવતી અને જતી કોમર્શિયલ ફ્લાઈટ્સ માટે પોતાનું હવાઈ ક્ષેત્ર બંધ કરી દીધું છે. શાહબાઝ સરકારના જણાવ્યા અનુસાર, હવે ભારતીય ફ્લાઈટ્સને પાકિસ્તાની હવાઈ ક્ષેત્રમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના અને રાજદ્વારીઓને ભારતમાંથી હાંકી કાઢવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાન નારાજ છે.

# ટેરિફ વોરને પગલે અમેરિકા-દુનિયાના અર્થતંત્રમાં મંદી આવશે : આઈએમએફ

## આ વર્ષે ગ્લોબલ ઇકોનોમીમાં 3.3%ને બદલે માત્ર 2.8%ની વૃદ્ધિ થશે

**વોશિંગ્ટ**

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ટેરિફ લાદવામાં આવતાં તેના પગલે સર્જાયેલી અનિશ્ચિતતાને કારણે દુનિયાના અર્થતંત્રની વૃદ્ધિનો વરતારો ખરાબ જણાય છે તેમ આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ-આઈએમએફ- દ્વારા મંગળવારે જણાવવામાં આવ્યું હતું. આ વર્ષે ગ્લોબલ ઈકોનોમીમાં વૃદ્ધિનો દર જાન્યુઆરીમાં ૩.૩ ટકાની આગાહીની સરખામણીમાં 2.8 ટકા જ થવાની ધારણાં છે.

ટ્રમ્પે છેડેલી ટેરિફ વોરને કારણે અમેરિકાના અર્થતંત્રની આર્થિક વૃદ્ધિ અગાઉ 2.7 ટકા ધારવામાં આવી હતી તે હવે ઘટીને 1.8 ટકા જ થવાની અપેક્ષા છે. આઈએમએફના માનવા પ્રમાણે યુએસના અર્થતંત્રમાં મંદી સર્જાવાની શક્યતા નથી પણ આ વર્ષે મંદી સર્જાવાની ટકાવારી 25 ટકા હતી તે વધીને 37ટકા થઈ છે. જે.પી. મોર્ગનના અર્થશાસ્ત્રીઓના જણાવ્યા અનુસાર યુએસમાં મંદી થવાની શકયતા 60 ટકા છે. ફેડરલ રિઝર્વ દ્વારા પણ આ વર્ષે યુએસના અર્થતંત્રની વૃદ્ધિ 1.7 ટકા રહેશે તેમ જણાવવામાં આવ્યું છે. આઈએમએફના મુખ્ય અર્થશાસ્ત્રી પિયરી ઓલિવરે જણાવ્યું હતું કે આપણે એક નવા યુગમાં પ્રવેશી રહ્યા છીએ.

# રશિયાનો કિવ પર હુમલો, 9ના મોત, 63 ઘાયલ, ઝેલેંસ્કીએ આફ્રિકા પ્રવાસ ટૂંકાવ્યો

## કિવ ઉપરાંત ખારકિવની આંતર માળખાકિય સુવિધાને ભારે નુકસાન

**મોસ્કો**

રશિયાએ કિવ પર વિનાશક હુમલો કરતા ૯ લોકોના મોત થયા છે આ હુમલાના કારણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમેર ઝેલેંસ્કી પોતાનો દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ ટુંકાવીને કિવ પાછા ફરી રહયા છે. દક્ષિણ આફ્રિકા બ્રિકસ સાથે જોડાયેલો મહત્વનો સભ્ય દેશ છે. ઝેલેંસ્કીએ પોતાની ટેલિગ્રામ પોસ્ટમાં જણાવ્યું હતું કે દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપતિ સિરિલ રામાફોસાને મળીને યુક્રેન પાછા ફરશે. બુધવારની રાત્રિએ કીવ અને ખારકિવમાં રશિયાએ મિસાઈલો અને ડ્રોન્સની મદદથી વિનાશક હુમલો કર્યો હતો. બંને શહેરોની આંતર માળખાકિય સુવિધાને હુમલાથી ભારે નુકસાન થયું છે. યુક્રેનની સરકારી ઈમરજન્સી સેવાએ પણ કમસેકમ ૯ લોકોના મોત અને ૬૩ ઘાયલ થયા હોવાની પુષ્ટી કરી છે. નવાઈની વાતતો એ છે કે રશિયાનો હુમલો અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રશિયા તરફી નિવેદન બાદ થયો છે. વાઈટ હાઉસમાં સંવાદદાતાઓ સાથે વાત કરતા ટ્રમ્પે જણાવ્યું હતું કે રશિયા શાંતિ સમજૂતી માટે તૈયાર જણાય છે પરંતુ પરંતુ ઝેલેંસ્કી જ આનાકાની કરે છે. મને લાગતું હતું કે ઝેલેંસ્કી સાથે ડીલ કરવી ઘણી આસાન હશે પરંતુ અત્યાર સુધી ખૂબજ કઠીન સાબીત થઈ રહયું છે.

# કેનેડામાં કોન્ડોમાં રોકાણનું આકર્ષણ ઘટી ગયું : સરવે

## 1568 લોકોની પુછપરછમાં માત્ર 11 ટકા લોકોએ કોન્ડોને પસંદ કર્યું, 57 ટકા લોકોનું વિરોધી મંતવ્ય

**ઓન્ટેરિયો**

Rates.ca દ્વારા કરવામાં આવેલા એક નવા સર્વે મુજબ, લગભગ 30 ટકા કેનેડિયનો કહે છે કે કોન્ડો, જે એક સમયે સારા રોકાણ તરીકે જોવામાં આવતા હતા, હવે તે જ આકર્ષણ ધરાવતા નથી. 1,568 કેનેડિયનોના સર્વેક્ષણમાં એવું પણ જાણવા મળ્યું છે કે, ફક્ત 11 ટકા લોકો કહે છે કે તેઓ રોકાણ તરીકે કોન્ડો ખરીદશે, જ્યારે 57 ટકા લોકોએ કહ્યું કે, તેઓ કોઈપણ કારણોસર કોન્ડોમિનિયમ ખરીદશે નહીં.

ઓન્ટેરિયોમાં સ્વિવલ મોરગેજ ગ્રુપ ઈન્ક.ના મોરગેજ એજન્ટ કેવિન વોંગે અહેવાલમાં જણાવ્યું હતું કે, Rates.ca દ્વારા આ સર્વેક્ષણ પહેલીવાર શરૂ કરવામાં આવ્યું હતું, તેથી સંસ્થા સરખામણી માટે ઐતિહાસિક ડેટા પ્રદાન કરી શકી નથી. રોકાણકારોનો વિશ્વાસ ચોક્કસપણે નરમ પડ્યો છે. કેટલાક રોકાણકાર ગ્રાહકો મિલકતો વેચી રહ્યા છે અને તેમના ભંડોળને અન્ય રોકાણો, જેમ કે શેરબજાર અથવા આલ્બર્ટા જેવા ઉચ્ચ-વૃદ્ધિવાળા પ્રદેશોમાં ફરીથી ફાળવી રહ્યા છે.

Rates.ca નોંધે છે કે ઊંચા ઈન્વેન્ટરી સ્તરો પણ ભાવ ઘટાડી રહ્યા છે, જેનો અર્થ એ થાય કે ખરીદદારોને કોન્ડો માર્કેટમાં પ્રવેશવામાં સરળતા રહેશે, પરંતુ વેચાણકર્તાઓ વધુ પડતા પુરવઠાથી પીડાઈ રહ્યા હશે. સ્ટેટિસ્ટિક્સ કેનેડા અનુસાર, 2016 અને 2020 દરમિયાન ઓન્ટેરિયો અને બ્રિટિશ કોલંબિયા સહિત પાંચ પ્રાંતોમાં પાંચમાંથી બે કોન્ડો એપાર્ટમેન્ટનો ઉપયોગ રોકાણ મિલકત તરીકે કરવામાં આવ્યો હતો. એજન્સી કહે છે કે, આ આંશિક રીતે રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા અને મકાનમાલિક બનવા માંગતા લોકો માટે ઘરોની તુલનામાં કોન્ડોની પરવડે તેવી ક્ષમતાને કારણે હતું. તે કહે છે કે ડાઉનટાઉન ટોરોન્ટો અને વાનકુવરમાં અડધાથી વધુ કબજાવાળા "રહેઠાણો" કોન્ડો હતા, જેમાંથી અડધાથી વધુ ભાડે આપવામાં આવ્યા હતા. પરંતુ ધીમા ભાડા બજારે પણ ચિંતા ઉભી કરી છે.

કોન્ડો રોકાણકારોને મિલકત કર અને જાળવણી ફીના ઊંચા ખર્ચનો સામનો કરવો પડે છે.

Rentals.ca એ તેના તાજેતરના અહેવાલમાં નોંધ્યું છે કે માર્ચમાં સરેરાશ ભાડાની માંગ રાષ્ટ્રીય સ્તરે 2.8 ટકા ઘટીને સરેરાશ $2,119 થઈ ગઈ છે, જેના કારણે મકાનમાલિકો માટે વધેલા ખર્ચનો સામનો કરવો વધુ મુશ્કેલ બન્યું છે.

# ટોરોન્ટોમાં 65,000થી વધુ ટિકિટ જારી કરનાર સ્પીડ કેમેરાની ચોથીવાર તોડફોડ

**ટોરોન્ટો**

ટોરોન્ટોમાં પાર્કસાઈડ ડ્રાઈવ પર તોડફોડ કરનારાઓએ પાંચ મહિનામાં ચોથી વખત સ્પીડ કેમેરાને તોડી નાંખ્યો છે. એક સ્થાનિક વકીલ કહે છે કે, શહેર માટે કેમેરા ફરીથી લગાવવાને બદલે આ વિસ્તારને ફરીથી ઠીક કરવાનો સમય આવી ગયો છે. જ્યારે પોલીસે જણાવ્યું હતું કે તેઓએ શનિવારે સવારે તોડફોડનો જવાબ આપ્યો હતો. હાલમાં કોઈ શંકાસ્પદ માહિતી નથી,

શહેરના પશ્ચિમ છેડે સ્થિત સ્પીડ કેમેરા નવેમ્બરમાં બે વાર તોડવામાં આવ્યો હતો, બીજી વખત તેને ફરીથી ઈન્સ્ટોલ કર્યાના એક દિવસ પછી આ ઘટના ઘટી હતી. ડિસેમ્બરમાં તોડફોડ કરનારાઓએ ફરીથી કેમેરા કાપી નાખ્યો અને તેને નજીકના ડક-પોન્ડમાં ફેંકી દીધો હતો. કોમ્યુનિટી એડવોકેસી ગ્રુપસેફ પાર્કસાઈડના જણાવ્યા અનુસાર, એપ્રિલ 2022માં તેને ઈન્સ્ટોલ કરવામાં આવ્યો ત્યારથી, કેમેરાએ 65,000 થી વધુ ટિકિટ જારી કરી છે અને $7 મિલિયનથી વધુ દંડ ફટકાર્યો છે. ગયા મહિને શહેર દ્વારા ઓટોમેટેડ સ્પીડ કેમેરાની સંખ્યા બમણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી, તે પછી તોડફોડનું આ તાજેતરનું કૃત્ય આવ્યું છે. શહેર 25 નવા કાયમી કેમેરા અને 50 મોબાઈલ કેમેરા ઉમેરશે, જે તે વોર્ડમાં જ્યાં તેઓ ઈન્સ્ટોલ કરેલા છે ત્યાં ફરશે. સેફ પાર્કસાઈડના સહ-અધ્યક્ષ ફરાઝ ઘોલીસાદેહ કહે છે કે, પાર્કસાઈડ ડ્રાઈવને વધુ સુરક્ષિત બનાવવા માટે સ્પીડ કેમેરા પૂરતા નથી. સેફ પાર્કસાઈડ 2020 માં બનાવવામાં આવ્યું હતું, પરંતુ રહેવાસીઓ એક દાયકાથી વધુ સમયથી શહેરને શેરીને વધુ સુરક્ષિત બનાવવા માટે હાકલ કરી રહ્યા છે.

# મતદાન દરમિયાન પેન કે પેન્સિલના ઉપયોગથી કોઈ ફેર નહીં પડે : તંત્ર

**ઓન્ટેરિયો**

ઈલેક્શન્સ કેનેડા ઈચ્છે છે કે, તમે જાણો કે તમારો મતપત્ર પેનથી ચિહ્નિત કરો કે પેન્સિલથી, તે ગણાશે. જ્યારે સ્વતંત્ર એજન્સી કહે છે કે તે સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ જોઈ રહી છે, જેમાં દાવો કરવામાં આવ્યો છે કે, મતદારોએ તેમના મતપત્રને ચિહ્નિત કરવા માટે પેન્સિલનો ઉપયોગ કરવો પડશે.


X, એક સમયે ટ્વિટર તરીકે ઓળખાતા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર કેટલીક પોસ્ટ્સે મતપત્ર સાથે ચેડાં થવાની શક્યતા ટાળવા માટે મતદારોને તેમના મતદાન મથક ઉપર પેન લાવવા માટે પ્રોત્સાહિત કર્યા છે. ઈલેક્શન્સ કેનેડા તેની વેબસાઈટ ઉપર આ દાવાને ખોટો ગણાવે છે કે, પેન્સિલથી ચિહ્નિત થયેલ મતપત્ર ડાઘ અથવા ભૂંસી શકાય છે અને પરિણામે ગણાશે નહીં. એજન્સી કહે છે કે, મતદાન કર્મચારીઓને કાયદા દ્વારા મતદારોને કાળા-સીસાવાળા પેન્સિલો પ્રદાન કરવાની જરૂર છે, પરંતુ પેન અથવા અન્ય કોઈ લેખન સાધન પણ એટલું જ કામ કરશે. ઈલેક્શન્સ કેનેડા કહે છે કે તે પેન્સિલનો ઉપયોગ કરે છે. કારણ કે પેન સુકાઈ શકે છે અથવા લીક થઈ શકે છે, જે મતપત્રને બગાડી શકે છે.




CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-542-1508 , +1-647-527-6030

https://clubceramic.com Email : sales@clubceramic.com

MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

**Urgent Listing Require: Motels & Hotels**
Any Size, Any Price, Any Location
Qualified Buyers Having
**40% To 50% Down Payment,**
Are Ready To Sign The Offer And CLOSE the Deal ASAP

**78 Room Hotel Ramada by Wyndham - $6.99 Million - SOLD**

**54 Room Resort – 1000 Islands, ON - $3.5 Million**
Spread on 7 Acres of land with Indoor and outdoor swimming pool, restaurant & bar, banquet hall, party room, exececllent seasonal business from the tour buses. Work for 7 months, make money then **holidays for 5 months, take a break – visit India, USA etc. in winter months**

**14 Room Motel + 2 Apartments – Near Sudbury - $1.1M**
Indoor corridor – easy to manage in winter months, right on Hwy 17 & snow mibile trail, Renovated Rooms. No competition, endless oportunities to grow for the right buyer.
**Ideal for couple/semi-retired lifestyle, work limited hours & still make over 50K in pocket**

**12 Room Motel - $799,000**
Hwy 11, Near New Liskeard
Indoor Corridor, **Easy One Man Operation**
2 Hrs from North Bay

**Coming up For Sale – Motels**
- 12 Room Motel – Near North Bay
- 35 Room Motel – 8 Hrs North of GTA
- 21 Room Motel – Muskoka Area

**Need Working Partner to Run Motels**
Wiling to invest min $200,000. Partnership % + Salary to run the motel. **Must be PR or Citizen,** Must know good English & Computer

**Motel Jobs Avaiable**
Front Desk and Housekeeping
**(must speak good English)**
Free Acomodation + Compititive Salary

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100